Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
MIRACLE REALTY LTD.
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 04 SEPTEMBER, 2020 Vol. 16, No. 36 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક

નવી દિલ્હી : ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક કરાતાં હડકંપ મચી ગયો હતો. હેકરોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પર્સનલ વેબસાઈટ **narendramodi.in**નું ટ્વિટર એકાઉન્ટ હેક કરી તેમના ફોલોઅર્સને રાહત ભંડોળમાં ક્રિપ્ટોકરન્સીમાં ડોનેશન આપવાની અપીલ કરતાં શ્રેણીબદ્ધ ટ્વિટ કર્યાં હતાં. ટ્વિટરે જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીની પર્સનલ વેબસાઈટનું ટ્વિટર એકાઉન્ટ હેક કરાયું હોવાની જાણ થઈ છે અને એકાઉન્ટને સિક્યોર કરવાના પગલાં લીધાં છે. અમે આ મામલામાં સક્રિય તપાસ કરી રહ્યાં છીએ. અત્યારે અમે જાણતા નથી કે વધારાના એકાઉન્ટને હેકિંગની અસર થઈ છે કે કેમ. મોદીના ફોલોઅર્સને ક્રિપ્ટોકરન્સી દ્વારા ડોનેશન આપવાની અપીલ કરતા હેકર્સ દ્વારા પોસ્ટ કરાયેલાં ટ્વિટ હટાવી દેવામાં આવ્યાં છે.



## ૬.૧૦ કરોડ ફોલોઅર્સ ધરાવતું એકાઉન્ટ સુરક્ષિત

મોદીના હેક કરાયેલા ટ્વિટર એકાઉન્ટના ૨૫ લાખથી વધુ ફોલોઅર્સ છે. તે https://www.narendramodi.in/ અને નરેન્દ્ર મોદી મોબાઇલ એપનું ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ છે. જોકે ૬ કરોડ ૧૦ લાખથી વધુ ફોલોઅર્સ ધરાવતું મોદીનું પર્સનલ ટ્વિટર એકાઉન્ટ હેક થયું નથી.

## જોન વિક નામ હેઠળ એકાઉન્ટ હેક કરાયું

પીએમ મોદીના ટ્વિટર એકાઉન્ટમાં હેકરે બોગસ ટ્વિટ પોસ્ટ કરીને તેમના ફોલોઅર્સને ક્રિપ્ટોકરન્સી દ્વારા વડા પ્રધાન રાષ્ટ્રીય રાહત ભંડોળમાં ડોનેશન આપવા અપીલ કરી હતી. બીજા એક મેસેજમાં એમ જણાવવામાં આવ્યું હતું કે, હા, આ એકાઉન્ટ જોન વિક (hckindia@tutanota.com) દ્વારા હેક કરાયું છે. અમે પેટીએમ મોલ હેક કર્યો નથી. હેકરે પોતાને જોન વિક તરીકે ઓળખાવ્યો હતો.

## જુલાઈમાં હેકર્સે અમેરિકાના માંધાતાઓનાં એકાઉન્ટ હેક કરી ડોનેશન માગ્યું હતું

જુલાઈ મહિનામાં હેકર્સે અમેરિકાની પ્રમુખપદની ચૂંટણીમાં ડેમોક્રેટ ઉમેદવાર જો બાઇડન, પૂર્વ અમેરિકી પ્રમુખ બરાક ઓબામા, માઇક બ્લૂમબર્ગ, એમેઝોનના સીઈઓ જેફ બેજોસ, માઇક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટ્સ, ટેસ્લાના સીઈઓઔઇલોન મસ્ક, સેલિબ્રિટી કેન્યે વેસ્ટ, કિમ કાર્દીશિયનના ટ્વિટર એકાઉન્ટ હેક કરીને બોગસ ટ્વિટ દ્વારા અજાણ્યા બિટકોઇન એડ્રેસ પર ૧,૦૦૦ ડોલર મોકલી ૨,૦૦૦ ડોલર પરત કરવાની લાલચ આપી હતી.




# દેશમાં ગુરૂવારે કોરોનાના રેકોર્ડબ્રેક ૮૩૮૮૩ કેસ

નવી દિલ્હી : ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના મહામારીનું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું હતું. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર ગુરુવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં રેકોર્ડ ૮૩,૮૮૩ નવા કોરોના સંક્રમણના કેસ સામે આવતાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩૮,૫૩,૪૦૬ ઉપર પહોંચી હતી. ૨૪ કલાકમાં દેશમાં ૧૦૪૩ દર્દીઓ કોરોના સામેના જંગમાં હારી જતાં મહામારીનો કુલ મૃતાંક ૬૭,૩૭૬ ઉપર પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૨૯,૭૦,૪૯૨ દર્દી કોરોના મહામારીને માત આપી ચૂક્યાં છે. દર્દીઓમાં રિકવરી રેટ ૭૭.૦૯ ટકા પર પહોંચી ગયો છે. હાલ ૮,૧૫,૫૩૮ એક્ટિવ કોરોના કેસ છે. મોતનો દર ઘટીને ૧.૭૫ ટકા થયો છે.

આઈસીએમઆરના અનુસાર બુધવારે દેશમાં ૧૧,૭૨,૧૭૯ સેમ્પલ ટેસ્ટ કરાયાં હતાં. અત્યાર સુધીમાં દેશમાં ૪,૫૫,૦૯,૩૮૦ સેમ્પલના ટેસ્ટ થઈ ચૂક્યાં છે. વિશ્વમાં દર ૧૦ લાખની વસતીએ ૧૧૧ દર્દીનાં મોત થઈ રહ્યાં છે જ્યારે ભારતમાં ૪૯ મોત નોંધાય છે. કેટલાક દેશમાં ૧૦ લાખની વસતીએ ૫૦૦-૬૦૦ મોત નોંધાઈ રહ્યાં છે. વિશ્વમાં ૧૦ લાખની વસતીએ ૩૩૫૯ સંક્રમિતો સામે આવી રહ્યાં છે જ્યારે ભારતમાં ૧૦ લાખની વસતીએ ૨૭૯૨ પોઝિટિવ કેસ નોંધાયાં છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે કોઈ વ્યક્તિ એકલો કાર અથવા તો સાઈકલ ચલાવતો હોય તો તેને માસ્ક પહેરવાની ભલામણ કરતી ગાઈડલાઈન સરકાર દ્વારા જાહેર કરાઈ નથી.

RUMA LAW OFFICE
• Real Estate Law
• Family Law (Legal Aid Certificate Accepted)
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Immigration Law
• Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# હવે ઘરબેઠાં કોવિડ -૧૯નું પરિક્ષણ કરવાની તૈયારી

ટોરન્ટો : હેલ્થ કેનેડાએ ઘરે કોવિડ -૧૯નું પરીક્ષણ કરવાની તૈયારી દર્શાવી છે એમ આરોગ્ય પ્રધાનના પ્રવકતાએ રોઈટર્સને જણાવ્યું હતું. આ નિર્ણય જાહેર આરોગ્ય ખાતાના નિષ્ણાંતો અને ડોકટર્સ સાથેની ચર્ચા બાદ લેવાયો હતો.

જેથી મહામારીને અસરકારક રીતે ડામવા બિનખર્ચાળ ટેસ્ટીંગ વારંવાર કરી શકાય. આ અગાઉ આરોગ્ય વિભાગે એવી દલીલ રજુ કરી હતી કે, ઘરે ટેસ્ટ કરવાનો દુરૂપયોગ કરશે અથવા એના પણિામોથી ગેરસમજ ઉભી થઈ શકે છે. આ મહામારી ફાટી નિકળ્યા બાદ હેલ્થ કેનેડાએ હવે ઘરે કોવિડ -૧૯નું ટેસ્ટીંગ થઈ શકે એવા ઉપ કરણોનો ઉપયોગ કરવાનું યોગ્ય માન્યું છે.

આરોગ્ય વિભાગના પ્રવકતા કોલ ડેવિડસને વધુમાં જણાવ્યું હતું કે, જુનમાં હેલ્થ કેનેડાએ એવા સંકેતો આપ્યા હતા કે, ઘરેથી ટેસ્ટીંગ થઈ શકે એવા ઉપકરણો વિશે વિભાગ વિચારણા કરશે. હવે એવા ઉપ કરણોથી કોવિડનું નિદાન કરવા આરોગ્ય

### જાહેર આરોગ્ય ખાતાના નિષ્ણાંતો અને ડોકટર્સ સાથેની ચર્ચા બાદ નિર્ણય લેવાયો

વિભાગ તૈયાર છે. પ્રવકતાના નિવેદનમાં એમ પણ જણાવાયું હતું કે,‘ સ્ક્રીનીંગ ટેસ્ટનો આશય તંદુરસ્ત લોકોના મોટા સમુહને આવરી લેવાનો છે. જેથી જો એવા લક્ષણો ટેસ્ટમાં જોવા મળે તો તરત જ પગલા લઈ શકાય. જુની ટેસ્ટીંગ પધ્ધતિમાં જે ફેરફાર કરાયો છે એમાં લોકો પોતે જ ટેસ્ટ કરી સેમ્પલ્સ લેબોરેટરીમાં મોકલી શકે અને ઘરમાં રહીને જ વાઈરસની ઓળખ કરાવી શકે છે. ઘરે થનારા ટેસ્ટની ચોકસાઈ વધુ હશે તો પોઝીટીવ કેસોને લેબોરેટરીમાં મોકલી એની આગળની ચકાસણી પણ થઈ શકે. જોકે એનો વિરોધ કરનારા એવી દલીલ કરે છે કે સસ્તા અને ઝડપી ટેસ્ટને કારણે રોગની સંવેદનશીલતા ઓછી થઈ શકે છે. ડેપ્યુટી ચીફ પબ્લીક હેલ્થ ઓફિસર ડો.હોવાર્ડ એનજુ કહે છે કે પોલીમર્સ ચેઈન રીએકશન ટેસ્ટીંગ (પીસીઆર ટેસ્ટીંગ) જ આધારભૂત છે. જેમાં નાક અને ગળામાંથી સ્વેબ લઈને ટેસ્ટીંગ થાય છે જે લેબોરેટરી ટેસ્ટ બાદ પરીણામ આપે છે કે કોવિડ -૧૯ની શકયતા છે કે નહીં.

## કેનેડામાં કોરોનાના ૩૩૯ કેસ વધ્યાં: પાંચ દર્દીએ દમ તોડ્યો

**૫૨ દર્દીઓની હાલત અત્યંત નાજૂક: ૫૮૩૮ એક્ટિવ કેસ**

ઓન્ટેરિયો : ગુરૂવારે સાંજ સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં કેનેડામાં કોરોના સંક્રમિતોમાં ૩૩૯નો વધારો થતા કુલ આંકડો ૧,૩૦,૨૬૨ પર પહોંચ્યો હતો. જ્યારે પાંચ વધુ દર્દીના મોત થતાં મૃતાંક ૯૧૪૦ થયો હતો. હજી પણ ૫૨ કેસમાં દર્દીઓની હાલત અત્યંત ગંભીર છે. જ્યારે ૫૮૩૮ એક્ટિવ કેસ હોવાની વિગતો મળી છે. મળતી વિગતો મુજબ ઓન્ટેરિયોમાં ૧૩૨ કેસ નોંધાયા હતા. જ્યારે ક્યૂબેકમાં ૧૮૭ કેસ નોંધાવા સાથે ૩ના મોત નિપજ્યા હતા. અહીં ૧૦૦ દર્દી રિકવર થયા હતા. એજ રિતે મેનિટોબામાં ૨૦ નવા કેસ અને ૨ના મૃત્યુ નોંધાયા હતા. અહીં ૧૫ દર્દીઓ સાજા થયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત સાશ્કેચ્વાનમાં કોરોના ૧૦ દર્દી વધવા ઉપરાંત ૩ દર્દી સાજા થયા હતા.

# આંતરરાષ્ટ્રીય પ્રવાસ પર પ્રતિબંધો લંબાયા

- **કોરોના વાઈરસની સ્થિતિ અંગે સરકાર દ્વારા વારંવાર થઈ રહેલી સમીક્ષા**

ટોરન્ટો : કેનેડાએ જાહેર આરોગ્યની સુરક્ષા માટે વિદેશથી આવનારા પ્રવાસીઓ માટેના પ્રતિબંધોને વધુ ૩૦ દિવસ માટે લંબાવવાની જાહેરાત કરી છે. આ પ્રતિબંધ હવે ૩૦મી સપ્ટેમ્બર સુધી રહેશે. કેનેડાએ વિદેશ પ્રવાસ પરના પ્રતિબંધને સતત ત્રીજીવાર લંબાવ્યો છે. જે માર્ચની ૧૮મી તારીખથી ૩૦મી જુન સુધીનો હતો. ફેડરલ સરકાર દેશભરમાં કોરોના વાઈરસની સ્થિતિની વારંવાર સમીક્ષા કરે છે અને દર મહિને એને અનુરૂપ નીતિગત પગલા લે છે. વધુમાં ફરજિયાત કવોરન્ટાઈનના આદેશ પણ માર્ચથી અમલમાં છે જે મુજબ પ્રવાસીઓએ ૧૪ દિવસ માટે સેલ્ફ આઈસોલેશન પાળવાનું હોય છે.

### કોણ કેનેડા આવી શકે ?

- ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)ના નિયમો મુજબ આવા લોકોને માટે પ્રવાસના પ્રતિબંધોથી છૂટછાટ મળી શકે છે :
- કેનેડીયન નાગરીકો
- કાયમીનિવાસીઓ
- કેનેડાના કાયમી નિવાસી બનવાની મંજુરી મેળવી ચુકેલાનાગરિકો
- કેટલાક ટેમ્પરરી વિદેશી કામદારો
- કેટલાક આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ
- કેનેડીયન નાગરીકોના અને કાયમી નિવાસીઓના સગાઓ (જીવનસાથી અથવા કોમન લો પાર્ટનર, આશ્રિત સંતાનો અને આશ્રિત સંતાનોના સંતાનો, માતાપિતા, સાવકા માતાપિતા, વાલીઓ કે શિક્ષકો)










# કોવિડ -૧૯ ઈફેક્ટ : ટોરન્ટો અને વાનકુવરમાં મકાનભાડામાં ઘટાડો



વાનકુંવર : કોવિડ - ૧૯ને કારણે કેનેડાના બે મોટા હાઉસિંગ માર્કેટમાં ઘટી રહેલા મકાનભાડાને કારણે મકાનમાલિકો ભારે સ્પર્ધાનો સામનો કરી રહ્યા છે. એવું લાગી રહ્યું છે કે, ટોરન્ટો અને વાનકુંવરમાં મકાનભાડે આપનારા મુશ્કેલી અનુભવી રહ્યા છે.

પરંતુ બ્રિટીશ કોલંબિયાના નોન પ્રોફિટ હાઉંગિ એસોસિયેશને ચેતવણી ઉચ્ચારી છે કે, એનો અર્થ એવો નથી કે કેનેડામાં હાઉસિંગ હવે એફોર્ડેબલ બની રહ્યું છે. તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને જોઈ રહ્યા છે કે પેન્શનફંડ તથા રીયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ કે આરઈઆઈટીની શું ભુમિકા છે. જેથી રોકાણકારોને એમના રોકાણનું સારૂં વળતર મળી શકે, એમ પોલીસી મેનેજર બ્રિયાન કલીફોર્ડે કહ્યું હતું. ધી નોન પ્રોફિટ એસોસિયેશન એવો પ્રચાર કરી રહ્યું છે કે, પ્રોવિન્શીયલ ફંડની મદદ એમના સભ્યોને મળી શકે. જેથી તેઓ ભાડે આપી શકાય, એવા મકાનો ખરીદી શકે. જેથી જયારે એ વેચવા તૈયાર થાય ત્યારે પણ એ એફોર્ડેબલ રહી શકે. અત્યારે તો કેટલાક મકાનમાલિકો પોતાના મકાનો વિદેશી વિદ્યાર્થીઓને ભાડે આપવા માંગે છે એમ અર્બન એનાલિસ્ટીકના મેનેજીંગ પ્રિન્સીપાલ માઈકલ ફેરેરીયાએ કહ્યું હતું.

### બ્રિટીશ કોલંબિયાના નોન પ્રોફિટ હાઉસિંગ એસોસિયેશન દ્વારા સ્થિતિની સમીક્ષા

બ્રિટીશ કોલંબિયામાં રીયલ એસ્ટેટ એડવાઈઝરી કંપની એ વાતનું ધ્યાન રાખી રહી છે કે ભાડે આપવાના મકાનો એ રીતે જ બને, જેથી ભાડામાં થોડી રાહત કે સિકયુરીટી ડીપોઝીટ વિના આપી શકાય અને પાર્કિંગ અને સ્ટોરેજની સુવિધા પણ ભાડુઆતોને પહેલાં વર્ષ માટે આપી શકાય. ટોરન્ટોમાં હોમ બ્રોકર અને મકાન માલિક ડેવેલ મોરીસન કહે છે કે, ઓછા સમય માટેના ભાડુઆતો માટે એરબીએનબી યુનિટસ પણ હવે લાંબાગાળાના પણ બની રહ્યા છે. જેનું કારણ વૈશ્વિક મહામારીને કારણે પ્રવાસ પ્રતિબંધો છે. મોરીસને એમપણ કહ્યું કે, અમે ભાડે આપી શકાય એવા મકાનો શોધી રહ્યા છીએ અને અત્યારે બજારમાં એની ઉપલબ્ધતા વધારે છે અને અમે અમારા કલાયન્ટસની જરૂરીયાત વિશે સાંભળીએ છીએ. ત્યારે એમાં એમની પસંદગી કોન્ડો તરફ વધુ છે અને અમે એવી પ્રોપટીઓનું લિસ્ટીંગ કર્યુ છે જેની કિંમત બે વર્ષ પહેલા જેવી જ છે.

# કોવિડ-૧૯ને અટકાવવા કેનેડા રસીના ૮૮ મિલિયન ડોઝ મેળવશે : પીએમ ટ્રુડો

## જોહન્સન એન્ડ જોહન્સન તથા નોવાવેક્ષ ખાતે રસીનું ચાલી રહેલું પરીક્ષણ

ઓટ્ટાવા- વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યુ હતું કે, કેનેડાએ કોવિડ-૧૯ અટકાવતી રસીના લાખો ડોઝ અનામત રાખવા આમેરિકાની વધુ બે કંપનીઓને જણાવ્યું છે. કરાર મુજબ કેનેડા કોરોના વાયરસને અટકાવતી રસી મેળવી પ્રજાને રાહત આપવા માંગે છે. આ રસીનું જોહન્સન એન્ડ જોહન્સન તથા નોવાવેક્સ ખાતે પરીક્ષણ ચાલી રહ્યાં છે.

આ મહિનાની શરુઆતમાં આવાં જ કરાર ફિત્ઝર એન્ડ મોડર્ના સાથે પણ કરવામાં આવ્યાં છે. ટ્રુડો એ કહ્યુ હતું કે તેમણે હાલ જે પરિક્ષણ કર્યા છે તેનાં પરિણામો આશાસ્પદ છે. તેથી અમે ઈચ્છીએ છીએ કે, આવી એકાદ રસીના પરિણામોમાં સફળતા મળે અને કેનેડાની જરૂરીયાત સંતોષી શકાય. રસીનુ પરિક્ષણ હજુ ક્લિનિકલ ટ્રાયલના બીજા કે ત્રીજા તબક્કામાં છે. તેથી હેલ્થ કેનેડ ને રસી સલામત અને અસરકારક છે એવો સંતોષ ન થાય ત્યાં સુધી ખરીદવામાં નહીં આવે.

ટ્રુડોએ કહ્યુ હતું કે, કેનેડા રસીના ૮૮ મિલિયન ડોઝ ખરીદશે. કેટલીક રસીની અસર એક કરતાં વધુ ડોઝ પછી થાય છે.

મેરીલેન્ડ સ્થિત બાયોટેક કંપની નોવાવેક્સ સાથે ૭૬ મિલિયન ડોઝઝ વેક્સીન મેળવવા માટે જે કરાર કરવામાં આવ્યાં છે હાલ અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં તેની ક્લિનિકલ ટ્રાયલ બીજા તબક્કામાં છે અને લોકોના નાના જૂથ પર સલામતી અને અસરનું પરિક્ષણ કરાય છે.

વહેલામાં વહેલું આગામી ઉનાળા સુધીમાં આ રસી તૈયાર થઈ જવાની આશા છે.



### નોવાવેક્સ સાથે ૭૬ મિલિયન અને જોહન્સન એન્ડ જોહન્સન સાથે વેક્સિનના ૩૮ મિલિયન ડોઝ માટે કરાર કરાયા

જોહન્સન એન્ડ જોહન્સન સાથે વેક્સિનના ૩૮ મિલિયન ડોઝ માટે કરાર કરવામાં આવ્યાં છે તેના પહેલા અને બીજા તબક્કાનું પરિક્ષણ અમેરિકા અને બેલ્જિયમમાં ચાલી રહ્યું છે. સરકારે જણાવ્યું હતું કે, જે કંપનીની વેક્સિનને મંજુરી આપવામાં આવશે, તેનાં કેટલાંક ડોઝનું ઉત્પાદન મોન્ટ્રીયલ ખાતે આવેલા હ્યુમન હેલ્થ થેરાપ્યુટિક સેન્ટર ખાતે કરવામાં આવશે. અહીં નવી બાયોમેન્યુફેક્ચરિંગ સુવિધા કરવામાં આવી છે અને આગામી ઉનાળાના અંત સુધીમાં દરમહિને બે મિલિયન ડોઝ નું ઉત્પાદન શરૂ થઈ જશે.







# પાંચ દાયકા સુધી રાજકીય ઈનીંગ ખેલનારા યુગદ્રષ્ટા પ્રણવદાની વિદાય

**તંત્રી સ્થાનેથી**



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતીય રાજકારણમાં પાંચ દાયકાથી લાંબી ઈનિંગ ખેલનારા અને ભારત રત્ન પ્રણવદાએ આખરે આ ફાની દુનિયાને અલવિદા કહી દીધી છે. મુખરજીની વિદાયથી દેશના રાજકારણના એક યુગનો અંત આવ્યો છે. પ્રણવ મુખરજી પક્ષાપક્ષીના રાજકારણથી પર હતાં. પ્રણવદાના રાજકારણની એ ખૂબી હતી કે કોઈ તેમનું કટ્ટર વિરોધી નહોતું. જે લોકશાહી શૈલીનું રાજકારણ તેઓ કરતા હતાં એમાં બીજા લોકો માટે પૂરતો અવકાશ રહેતો. તેમના મનમાં કોઈના પ્રત્યે ઘૃણા નહોતી કે નહોતો રોષ.

આટલી લાંબી રાજકીય કારકિર્દીમાં તેઓ ક્યારેક કોઈના વિશે ઘસાતું બોલ્યા નથી. પ્રણવદાનું દરેક ક્ષેત્રમાં મૌલિક જ્ઞાન હતું. એટલા માટે તેમના નિવેદનો વજનદાર રહેતાં અને લોકો તેમની વાતોને ખાસ મહત્ત્વ આપતાં હતા. ખરું જોતાં તો તેઓ ભાષણબાજીમાં નહીં, પરંતુ કામમાં વિશ્વાસ રાખતા હતાં. કોંગ્રેસ માટે તો પ્રણવદા ઈન્દિરા ગાંધીના જમાનાથી મહત્ત્વના હતાં. પરંતુ યૂપીએ સરકારના બે કાર્યકાળ દરમિયાન તેમણે જે કામગીરી કરી એ જોતાં એવું લાગ્યા વગર નથી રહેતું કે તેમના વગર મનમોહનસિંહ સરકાર ચાલી જ ન શકી હોત. વર્ષ ૨૦૦૪થી લઈને ૨૦૧૨માં રાષ્ટ્રપતિ બન્યા પહેલા સુધી કેન્દ્રીય મંત્રીમંડળમાં પ્રણવ મુખરજીનું સ્થાન વડાપ્રધાન મનમોહન સિંહ પછીનું રહેતું. આ વર્ષો દરમિયાન તેમણે વિદેશ મંત્રી, રક્ષા મંત્રી, નાણા મંત્રી જેવા મહત્ત્વના પદોએ કામગીરી બજાવી. પ્રણવદા હંમેશા મનમોહનસિંહ સરકારના સંકટમોચક રહ્યાં હતા. પશ્ચિમ બંગાળના વીરભૂમિ જિલ્લાના મિરાતી ગામમાં જન્મેલા પ્રણવ મુખરજી ભારતના સર્વોચ્ચ પદ રાષ્ટ્રપતિ સુધી પહોંચ્યાં એમાં તેમનો સખત પરિશ્રમ અને વિદ્વતા કારણભૂત છે. બાળપણમાં પગપાળા સ્કૂલે જનારા પ્રણવદા મોટા થઈને પોતાની વિદ્વતાના જોરે અધ્યાપક બન્યાં. રાજકારણમાં આવ્યા અને કોંગ્રેસ તરફથી રાજ્યસભા સાંસદ બન્યા ત્યારથી તેઓ ઈન્દિરા ગાંધીના માનીતા હતાં. તેઓ કોંગ્રેસના મુખ્ય રણનીતિકારો પૈકી એક હતા.

જોકે પ્રણવ મુખરજીને વડાપ્રધાન ન બની શક્યાનો રંજ જીવનભર રહ્યો. ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ તેમને વડાપ્રધાનપદના ઉમેદવાર માનવામાં આવ્યાં હતાં. પરંતુ રાજીવ ગાંધી વડાપ્રધાન બનતા તેમના હાથમાંથી તક સરી ગઈ. એ જ રીતે ૨૦૦૪માં યૂપીએ સરકારના પહેલા કાર્યકાળમાં પણ તેમને વડાપ્રધાનપદ મળશે એવી અટકળો થઈ હતી પરંતુ ફરી વખત વડાપ્રધાનપદે તેમને હાથતાળી આપી અને મનમોહન સિંહ વડાપ્રધાન બન્યાં. તેમને વડાપ્રધાન ન બની શક્યાનો અફસોસ રહ્યો પરંતુ વરિષ્ઠ નેતા હોવાના કારણે તેમણે કદી પોતાની ઈચ્છા જાહેર ન કરી. જોકે પ્રણવદાને જે માન કોંગ્રેસ ન આપી શકી એ મોદી સરકારે દેશના સર્વોચ્ચ ભારતરત્નના ખિતાબ દ્વારા આપ્યું હતુ. તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ આપ્યું અને પ્રણવદાએ એ આમંત્રણ સ્વીકાર્યુ પણ ખરું. જોકે સંઘના કાર્યકરોને સંબોધતી વખતે પ્રણવ મુખરજીએ કેટલાય એવા મુદ્દાઓ ઉપર પોતાના વિચાર રજૂ કર્યા જેને સાંભળીને તેમની આ મુલાકાતનો વિરોધ કરનારા લોકોના હોઠ સિવાઈ ગયાં. પોતાના સંબોધન દરમિયાન પ્રણવદાએ સ્પષ્ટતા કરી દીધી હતી કે તેઓ અહીંયા રાષ્ટ્ર, રાષ્ટ્રવાદ અને દેશભક્તિ સમજાવવા આવ્યાં છે. પ્રણવ મુખરજીએ પોતાના ભાષણમાં આરએસએસના મંચ ઉપરથી તિલક, ટાગોર, મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુ સહિતના વિદ્વાનોને ટાંકતા રાષ્ટ્રવાદ અને રાષ્ટ્ર ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. ધર્મ અંગે પોતાના વિચારો રજૂ કરતા પ્રણવદાએ કહ્યું હતું કે ધર્મ કદી ભારતની ઓળખ ન હોઈ શકે, બંધારણમાં આસ્થા જ ખરો રાષ્ટ્રવાદ છે. પોતાના ભાષણમાં તેમણે કહ્યું કે અનુસાર રાષ્ટ્રવાદ જ દેશની ઓળખ છે અને દેશભક્તિનો અર્થ દેશની પ્રગતિમાં આસ્થા છે. આરએસએસના મંચ પર તેમણે વસુધૈવ કુટુંબકમની ભારતીય સંસ્કૃતિની સદીઓ જૂની પરંપરાનો જ મહિમા ગાયો. પ્રણવદાએ કહ્યું કે ભારતનો આત્મા સહિષ્ણુતામાં વસે છે.

## ભારતમાં અભૂતપૂર્વ મંદીના સંકેત
# આર્થિક વિકાસ દર માઈનસમાં

કોરોના અને લોકડાઉનને કારણે ભારતીય અર્થતંત્ર બેહાલ થવાના સંકેતો છે. વર્લ્ડ રેટિંગ એજન્સીઓ અને જાણકારોએ લૉકડાઉનના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પહેલા ક્વાર્ટરમાં જીડીપીમાં ૨૦ ટકા સુધીના ઘટાડાનું પૂર્વાનુમાન કર્યુ છે. રિઝર્વ બેંકના રિપોર્ટ અનુસાર લૉકડાઉનના કારણે ખપતને ગંભીર અસર થઈ છે અને સૌથી ગરીબ લોકોને સૌથી વધારે માર પડયો છે. આ સાથે જ દેશની અર્થવ્યવસ્થા મરણપથારીએ પહોંચી ગઈ છે. હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વાર્ષિક અહેવાલમાં ભારતની અર્થવ્યવસ્થા પર કોવિડ-૧૯ની અસરોનું અસલ ચિત્ર રજૂ કરાયું છે. રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર હાલ જે સંકેત મળી રહ્યાં છે એ જોતાં આર્થિક ગતિવિધિમાં અભૂતપૂર્વ મંદી આવવાના એંધાણ છે. ભારતની કૂદકેને ભૂસકે વધી રહેલી અર્થવ્યવસ્થા કોરોના મહામારીના કારણે ઈતિહાસમાં પહેલી વખત સંકોચાય એવા સંજોગો ઊભા થયા છે. આ ફટકો એટલો મોટો હશે કે, કોરોના મહામારી પહેલાના સ્તરે અર્થવ્યવસ્થાને પહોંચવામાં ઘણો વખત લાગશે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે લૉકડાઉન બાદ મે અને જૂનમાં અર્થવ્યવસ્થાએ ગતિ પકડી હતી. પરંતુ હજુ પણ ઘણાં રાજ્યોમાં કોરોનાની પરિસ્થિતિ વણસી હોવાથી પાછી મંદીના લક્ષણો જણાવા લાગ્યા છે. લૉકડાઉને અર્થવ્યવસ્થાને જે રીતે બેહાલ કરી છે એમાંથી બહાર આવતા લાંબો સમય લાગશે.

ભારતમાં કરોડો લોકોની રોજીરોટી નાનામોટા વેપાર પર ટકી છે. કોરોના મહામારી અને લૉકડાઉનના કારણે લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ઠપ્પ થઈ ગયા છે. માલસામાનનું ઉત્પાદન હજુ પાટે ચડયુ નથી. અનેક નાના મોટા એકમોને ત્વરિત સહાયની આવશ્યકતા છે. જોકે ઉદ્યોગોમાં ઉત્પાદન શરૂ કરવા કરતા પણ મોટી સમસ્યા માલસામાન અને સેવાઓની માંગ પેદા કરવાની છે. બેરોજગારી કે પગારમાં કપાત પણ દેશની અર્થવ્યવસ્થા માટે ભયાવહ સાબિત થઈ શકે એમ છે. કોરોના મહામારીના કારણે સૌથી મોટો પડકાર બેહાલ ઔદ્યોગિક એકમોને ફરી પાટા પર ચડાવવાનો છે. વિકાસ દરમાં ઘટાડો થવાના કારણે દેશના કરોડો લોકોની સામાજિક અને આર્થિક સુરક્ષા પણ જોખમમાં મૂકાઈ ગઈ છે. અર્થવ્યવસ્થામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની ભાગીદારી વધારે છે. સરકારને ટેક્સનો મોટો હિસ્સો આ સેકટરોમાંથી મળે છે. ઉપરાંત મનરેગા અને બિનસંગઠિત ક્ષેત્રોમાં કામ કરનારા લોકોને લૉકડાઉનના કારણે એક લાખ સોળ હજાર કરોડ રૂપિયાથી વધારેનું નુકસાન થવાનો અંદાજ છે.

કોલસા, વીજળી, લોખંડ, ઉર્જા જેવા મોટા ક્ષેત્રોમાં પણ ઉત્પાદન ઠપ્પ છે. કારખાના બંધ થઈ જવાના કારણે નિર્માણ ઠપ્પ છે જેના કારણે વીજળીની માંગમાં ભારે ઘટાડો નોંધાયો છે. પર્યટન, હોટલ, રેસ્ટોરન્ટ

અનુસંધાન પેજ નં. ૧૩

manoj1968@yahoo.ca






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૭૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites

Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# કોરોના-લોકડાઉનથી કેનેડાના અર્થતંત્રને માઠી અસર

## વાર્ષિક જીડીપીમાં ૩૯.૬ ટકા સુધી તફાવત રહેવાનો પ્રથમ ત્રિમાસિક ગાળામાં અંદાજ

ઓટાવાઃ સ્ટેટેસ્ટીકસ કેનેડાના જણાવ્ય મુજબ બીજા અર્ધ વાર્ષિક સમયગાળામાં કેનેડાના અર્થતંત્રમાં ઝડપી અને વિક્રમજનક ઘટાડો જોવા મળ્યો છે. જેનું મુખ્ય કારણ કોવિડ -૧૯ની વૈશ્વિક મહામારી છે. જેમાં બીન જરૂરી વ્યાપાર ઉદ્યોગો બંધ કરવાની ફરજ પડી હતી. એજન્સીના જણાવ્યા મુજબ સાચા વાર્ષિક જીડીપીમાં ૩૮.૭ ટકાનો ઘટાડો ત્રણ માસમાં જોવા મળ્યો હતો. જે ૨૦૦૯ની વૈશ્વિક મંદી કરતા પણ વધુ હતો.

અર્થશાત્રીઓ વાર્ષિક ૩૯.૬ ટકા સુધીનો તફાવત આ ત્રિમાસિક ગાળામાં અંદાજી રહયા છે. આ જાણકારી ફાઈનાન્શીયલ માર્કેટસ ડેટા ફર્મ રીફીનીટીવ તરફથી મળી છે. અર્થતંત્રના લગભગ બધા જ પાસાઓનો ઉપયોગ જીડીપીની ગણતરી સમયે કરવામાં આવે છે, એ પણ એપ્રિલ,મે અને જુન માસમાં સૌથી ઓછો હતો. જેનું કારણ એપ્રિલથી અમલી લોકડાઉન જ હતું. જેને કારણે આર્થિક આઉટપુટ




મે માસમાં ઘટીને ૪.૮ ટકા થઈ ગયો હતો.

જે હવે જુન બાદ વધીને ૬.૫ ટકા સુધી પહોંચી શકયો છે. એજન્સીના પ્રાથમિક અંદાજ મુજબ જુલાઈમાં સાચા જીડીપીમાં ત્રણ ટકાનો વધારો થઈ શકે છે. ૨૦૨૦ના બીજા ત્રિમાસિક ગાળા ઉપર અગાઉની ખાધની મોટી અસર જોવા મળી શકે છે અને વર્ષ દરમિયાન અર્થતંત્રના સુધાર માટેનો માર્ગ લાંબો અને પડકારરૂપ બની રહેશે. કેમ કે, જુનમાં જણાયેલા સુધારા છતાં મહામારી પૂર્વેના સ્તર કરતા હજુ ૯ ટકા નીચો જણાય છે એમ સ્ટેસ્ટીકસ કેનેડા માને છે.

ગુરૂવારે બેંક ઓફ કેનેડાના ગવર્નર ટીફ મેકલેમે એક સમારંભમાં જણાવ્યું હતું કે, કોવિડ -૧૯ની અસરમાંથી બેઠા થવામાં વધુ સમય લાગશે. કેમ કે હજુ કેટલાક પ્રતિબંધોને કારણે નાના અને મધ્યમઉદ્યોગોને ફરીથી શરૂ થવામાં સમય લાગશે. ખાસ કરીને રેસ્ટોરાં અને હોસ્પીટાલીટી સેકટરને વધુ મુશ્કેલી પડશે. આણ છતાં અમે ઝડપથી રીકવરીની અપેક્ષાઓ રાખી રહયા છીએ.

WANTED HOUSE KEEPER
Live in house keeper needed for a religious vegetarian hindu family and looking after the house.
Must be pure vegetarian.
**Couple or single lady over 40 years welcome.**
Contact : Jaimala Gelda (416) 569-7795

ઘરની સાર સંભાળ રાખનાર જોઈએ છે
શાકાહારી, હિન્દુ, ધાર્મિક પરિવારને ઘરની સારસંભાળ રાખી શકે તેવા વ્યક્તિની જરૂર છે. શુદ્ધ શાકાહારી હોવું જરૂરી છે. કપલ અથવા ૪૦ વર્ષથી ઉપરની મહિલા પણ ચાલશે.
સંપર્ક કરો : જયમાલા ગેલડા : (416) 569-7795

WANTED DESK + ORDER PICKER FOR A FOOD WAREHOUSE.
Full time Qualified experienced order desk + order picker for a food warehouse. Permanent job opportunity. Person with computer knowledge of excel for order desk and order picker for food warehouse.
Contact person- Kesh Gelda (416) 399-7795.
Email your resume : Kesh@gelda.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800
Registered Licensed Contractor
Call: VIPUL SHAH
416.988.5784
Email:adsgasservice@gmail.com
www.adsgas.ca
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT



THANK YOU FRONTLINE WORKERS
MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252
➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch
5 Yrs Fixed @ 1.69%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. | Pranay Jani * | Nilesh Tailor * | Tushar Patel* | Bala Shah* | Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Cell : 416-616-1300
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# ચીનમાં ૩,૭૫૦ કરોડના હીરાની દાણચોરી પકડાઈ, ગુજરાતમાં વેપારીઓમાં ગભરાટ

સુરત : ચાઈના કસ્ટમે ફરી ડાયમંડ સ્મગલીંગ રેકેટ ઝડપી પાડતા ગુજરાતનાં હીરાઉદ્યોગમાં ફફડાટ પ્રસરી ગયો છે. કુલ રૂપિયા ૩૭૫૦ કરોડની દાણચોરી કરાઈ હોવાનુ તથા આ કેસમાં કુલ ૧૨૧ જેટલા શંકાસ્પદ સામે કાર્યવાહી હાથ ધરાઈ છે.

હીરાઉદ્યોગ સાથે સંકળાયેલાઓમાં ચાલી રહેલી ચર્ચા મુજબ, ચાઈનીઝ કસ્ટમ દ્વારા ૪ ઓગષ્ટના રોજથી આ રેકેટ ઝડપી પાડવા માટે કાર્યવાહી કરાઈ રહી છે. સેન્ઝેન, શાંઘાઈ, હોંગ્ઝાઉ, બૈઈજિંગ, હિંબન, નેન્ઝીંગ, ઝાયમેન, વુહાન, ગોન્ઝાઉ, ચેંગદુ સહિતના શહેરમાં થયેલા શંકાસ્પદ વ્યવહારો પર નજર હતી. ઓગષ્ટમાં કુરિયર સ્ટાફ તથા તેની પત્નીની અટક કરાઈ હતી. ૧ સપ્ટેમ્બરના રોજ મધરાતે ૩ વાગ્યે ૧૨૧ જેટલા શંકાસ્પદોને ઉઠાવાયા હતા. જેમાં ૧ ભારતીય પણ હતો. જો કે, પછીથી તેને જવા દેવાયો છે. ૨૦ શહેરમાં હાથ ધરાયેલી તપાસમાં કુલ ૨૫૨૦ ડાયમંડસ, ૪૦૦૦ કેટેટસ બ્રોકન ડાયમંડ્સ, ૧૫૮ ઈનલેઈડ જ્વેલરી, શંકાસ્પદોના મોબાઈલ ફોન્સ, કમ્પ્યુટર્સ, બુકસ ઓફ એકાઉન્ટસ તથા અન્ય દસ્તાવેજો જપ્ત કરાયા છે. અત્યાર સુધીમાં ૩.૮૮ બિલિયન યુઆનનુ ટર્નઓવર થયાનો અંદાજ છે.

## ભારતીય કંપનીઓ સુધી તપાસ લંબાઇ શકે

૧૦ વર્ષ પહેલાની ઘટના બાદ ચીન– હોંગકોંગમાં કાર્યરત ભારતીય પેઢીઓ સિસ્ટમમાં કામ કરવામાં માની રહી છે. જો કે, હોંગકોંગમાં ઘણાં ભારતીયોની ડાયમંડ કંપની કાર્યરત છે. જેઓ ચીનમાં ડાયમંડ સપ્લાય કરે છે. જેઓની કંપની પર આ રેકેટમાં તપાસ થઇ શકે છે. હોંગકોંગના વેપારીઓ નિયમ મુજબ બિલ બનાવી ગુડઝનુ વેચાણ કરે છે. બાદમાં ખરીદનાર દ્વારા ચોરીછુપીથી જે તે દેશમાં ડાયમંડ લઇ જવાય છે. આ રેકેટમાં શંકાસ્પદોએ હોંગકોંગની ઘણી પેઢી પાસે ખરીદી કરી હોવાની શકયતા છે.

## હોંગકોંગમાં વેપારીઓએ વેપાર મર્યાદિત કર્યો

ચીનનુ ડાયમંડ સ્મગલીંગ રેકેટ ખૂલતા હોંગકોંગ સ્થિત ડાયમંડ વેપારીઓ દ્વારા પણ સાવચેતી રખાઈ રહી છે. બિનજરૂરી ખોટી કાર્યવાહીમાં ફસાઇ નહિ જવાય તથા ખોટી કાર્યવાહીનો ભોગ બનવુ નહિ પડે તે માટે અહીંના ઘણાં હીરા વેપારીઓએ વેપાર મર્યાદિત કરી દીધો છે.

## ૪થી ૧૪ ટકા બચાવવા દાણચોરીનો ખેલ

જાણકારો મુજબ, હોંગકોંગ ફ્રી પોર્ટ છે. જ્યાથી કોઇપણ જાતના ટેક્ષ વિના ડાયમંડનું વેચાણ થાય છે. જ્યારે, ચાઇનાના શાંઘાઇ ડાયમંડ એક્ષ્ચેન્જમાં ૪ ટકા ટેક્ષ લાગે છે, જ્યારે ચાઈનાના સેન્ઝેનમાં ૧૪ ટકા ટેક્ષ લાગે છે. આ ટેક્ષની રકમ બચાવવા ઘણાં સ્થાનિકો દ્વારા બિલ વિના વેપાર થાય છે. જેઓ કુરિયર સ્ટાફ સાથે મળી ડાયમંડ સપ્લાય કરે છે.

# ગુજરાતના ચાર શહેરોમાં વર્ષમાં ૭,૬૫૫ નાગરિકો દ્વારા આપઘાત



ગુજરાતમાં એક જ વર્ષમાં ૭,૬૫૫ લોકોએ આત્મહત્યા કરીને જીવન ટૂંકાવ્યું છે, ગુજરાતના ચાર શહેરોમાં જ ૨૧૯૨ લોકોએ જીવન ટૂંકાવ્યું છે તો દેશમાં એક વર્ષમાં ૧.૩૯ લાખ લોકો આત્મહત્યા માટે મજબૂર બન્યા છે, દેશમાં એક જ વર્ષમાં ૧૦,૨૮૧ ખેડૂતો-ખેતમજૂરોના આપઘાત થયા છે, તેમ એનસીઆરબીના એક્સિડેન્ટલ ડેથના વર્ષ ૨૦૧૯ના રિપોર્ટને ટાંકી ગુજરાત કોંગ્રેસે જણાવ્યું છે કે, રોજગારી ના મળવાના કારણે યુવાનો આપઘાત માટે મજબૂર બની રહ્યા છે.

ભાજપ સરકારની જનવિરોધી, ખેડૂત વિરોધી નીતિ આપઘાત માટે જવાબદાર હોવાનો કોંગ્રેસ પ્રવકતા મનીષ દોશીએ આક્ષેપ કર્યો છે, રિપોર્ટને ટાંકીને જણાવ્યું છે કે, દેશમાં ભાજપ સરકારની ખોટી નીતિના કારણે ૪૫ વર્ષમાં સૌથી ઊંચો બેરોજગારીનો દર છે.

ખેડૂતોની આવક બમણી ના થઈ પણ આપઘાતની સંખ્યામાં મોટા પાયે વધારો થયો છે. ગુજરાતની ભાજપ સરકારમાં રોજ ૨૨ નાગરિકો આત્મહત્યા કરી જીવન ટૂંકાવવા મજબૂર બન્યા છે. એક વર્ષમાં રાજ્યમાં ૭,૬૫૫ લોકોએ આત્મહત્યા કરી છે, બેરોજગારીની સમસ્યાના કારણે ૨૧૯ યુવાનો આત્મહત્યા માટે મજબૂર બન્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં એક જ વર્ષમાં ૨૧૯૨ લોકોએ આત્મહત્યા કરી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો કે, ગુજરાતમાં અત્યારે ૫૫ હજાર કરતાં વધુ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગો મૃતપ્રાય હાલતમાં છે. સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે ગુજરાતના ૫૮ લાખ ખેડૂતો દેવાદાર છે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)

AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજ્યમાં કોરોના દર્દીનો આંકડો ૧ લાખને પાર

## ૨૪ કલાકમાં નવા ૧૩૨૫ કેસ, ૧૬નાં મોત, એક્ટિવ કેસની સંખ્યા ૧૬૧૩૧, હાલ ૮૯ લોકો વેન્ટીલેટર પર

ગાંધીનગર : રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૫૪૮૭ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૨૫ પોઝિટિવ કેસ નોંધાતા છે.આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧ લાખને પાર થઈ ૧૦૦૩૭૫ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૬ મોત થયા છે. કુલ મૃત્યુઆંક ૩૦૬૪ નોંધાયો છે. રાજ્યમાં ૧૧૨૬ દર્દી આજે સાજા થયા છે. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંક ૮૧ હજારને પાર થઈ ૮૧૧૮૦ થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૧૩૧ એક્ટિવ કેસ છે. જેમાં ૮૯ વેન્ટીલેટર પર અને ૧૬૦૪૨ સ્ટેબલ છે. અનલોક-૪માં આજે ત્રીજા દિવસે સતત કોરોનાનો આંકડો ૧૩૦૦ને પાર થયો અને કુલ સંક્રમિતનો આંકડો એક લાખને પાર થઈ ગયો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ રાજ્યમાં કોવિડ-૧૯ના લીધે સુરત જિલ્લામાં ૩ અને શહેરમાં ૨, અમદાવાદ શહેરમાં ૩,રાજકોટ કોર્પોરેશનમાં ૩, ભરુચ અને ભાવનગર શહેરમાં, ગાંધીનગર



શહેરમાં અને વડોદરા શહેર અને ગ્રામ્યમાં ૧-૧ મોત સાથે કુલ ૧૬ મોત નોંધાયા છે. અમદાવાદ શહેરમાં ૧૫૦ અને જિલ્લા ૧૬ સાથે ૧૬૬ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે અમદાવાદ શહેરમાં કોરોના સંક્રમિતનો આંકડો ૩૨ હજારને પાર ૩૨૦૧૩ નોંધાયો છે. આ સાથે ૩ મોત અમદાવાદમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૧૭૨૬ છે.સુરત શહેરમાં ૧૭૯ અને જિલ્લામાં ૯૩ સાથે કુલ ૨૭૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૧૩૯૪ થયો છે. આજે વધુ ૫ મોત સુરતમાં નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૪૮ થયો છે.વડોદરા શહેરમાં ૮૬ અને જિલ્લામાં ૩૭ સાથે ૧૨૩ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૮૫૬૬ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૩૫ થયો છે. રાજકોટ શહેરમાં ૯૫ અને જિલ્લામાં ૪૦ સાથે કુલ કેસ ૧૩૫ નોંધાયા છે. આ સાથે રાજકોટમાં કુલ સંક્રમિતનો આંકડો ૫૫૦૫ થયો છે. ભાવનગર શહેરમાં ૨૭ અને જિલ્લામાં ૩૧ સાથે ૫૮ કેસ નોંધાતા કુલ આંકડો ૨૯૮૦ થયો છે અને ૧ મોત થયું છે.

### અમદાવાદ જિલ્લામાં કોરોના સંક્રમણના વધુ ૨૦ કેસ મળ્યા

અમદાવાદ : અમદાવાદ જિલ્લામાં મંગળવારે કોરોના સંક્રમણના વધુ ૨૦ કેસ નોંધાયા હતા. વિરમગામમાં ૫, ધોળકામાં ૪, સાણંદ, બાવળામાં ૩–૩, દસક્રોઇ, ધંધૂકામાં ૨–૨ અને દેત્રોજમાં ૧ કેસ નોંધાયો હતો. વિરમગામમાં કુલ સંક્રમણનો આંકડો ૨૦૬ થયો છે. બાવળામાં કુલ સંક્રમણનો આંકડો ૨૧૨ પહોંચી ગયો છે. વિરમગામમાં અલીગઢમાં પટેલવાસ, મધુસુધનપાર્ક, કલિયાણામાં નાડોડા વાસમાંથી કેસ મળ્યા હતા. ધોળકામાં ઢાકડી ગામે, મોટીવહોરાવાડ, છિપરાલ કંપનીમાંથી બે કેસ મળ્યા હતા. સાણંદમાં મોડાસર ગામેથી ૩ કેસ, બાવળામાં ઢેઢાલ, રજોડા ગામેથી તેમજ દસક્રોઇમાં ખોડિયાર મેડોવ્સ અદાણી શાંતિગ્રામ, વાંચ ગામેથી કેસ મળ્યા હતા.

### સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ૩૦૦થી વધુ સંક્રમિત દર્દીઓ મળ્યા

ગુરુવારે ફરી એકવાર દક્ષિણ ગુજરાતમાં કોરોનાના કેસ ૩૦૦ને પાર કરી ગયા હતા. કોરોનાના સૌથી વધુ ૧૭૯ કેસ સુરત શહેર જ્યારે જિલ્લામાં ૯૯ મળી કુલ ૨૭૨ કેસ દેખાયા હતા. જ્યારે નવસારીમાં ૯, તાપીમાં ૧૬, વલસાડમાં ૧૦, દા.ન.હમાં ૧૪ અને દમણમાં ૧૫ મળી ૩૩૬ દર્દી મળી આવતા સારવાર શરૂ કરાઈ હતી.બીજી બાજુ કોરોનાને કારણે સુરત શહેરમાં ૨, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં ૧–૧ દર્દી મોતને ભેટ્યા હતા. સુરત મનપાના આરોગ્ય વિભાગના ચોપડે કોરોનામાં વધુ ૨ દર્દીના મોત નોંધાયા હતા. જેમાં ૩૫ વર્ષીય યુવક અને ૭૫ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે.

### વડોદરામાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના થયો

વડોદરા : વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના થયો છે. ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવનો રિપોર્ટ પોઝિટિવ આવતા સારવાર હેઠળ છે. ધારાસભ્યને કોરોના આવતા ખાનગી હોસ્પિટલમાં થયા દાખલ કરવામાં આવ્યા છે. સુરત, અમદાવાદ અને રાજકોટ બાદ હવે વડોદરામાં કોરોનાના કેસ વધી રહ્યાં છે. વડોદરામાં વધુને વધુ નેતાઓ કોરોનાના ઝપેટમાં આવી રહ્યાં છે. આવામાં ભાજપનાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના સંક્રમિત બન્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, વડોદરામાં વાઘોડિયાનાં ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. તેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

### ગાંધીનગરમાં ૩ના મોત, કોરોનાના ૩૧ કેસ નોંધાયાં

ગાંધીનગર : ગાંધીનગર તાલુકામાં કોરોના પોઝિટિવ દર્દીઓ ચિંતાજનક રીતે વધી રહ્યાં છે. ત્યારે આ પોઝિટિવ દર્દીઓનો મૃત્યુનો આંકડો પણ વધી રહ્યો છે. સરઢવમાં રહેતા ૮૪ વર્ષિય અને ૭૮ વર્ષિય બેના પોઝિટિવ દર્દીના મોત નિપજ્યાં છે. માણસાના ધોળાકુવાના ૭૩ વર્ષિય વૃદ્ધે પણ આજે જીવ ગુમાવ્યો છે. જ્યારે પાટનગરમાં નવા ૧૭ તથા જિલ્લામાંથી વધુ ૧૪ મળી કુલ ૩૧ પોઝિટિવ દર્દીઓ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયાં છે. પાટનગરમાં બુધવારે ૨૪ કલાક દરમિયાન ૧૭ પોઝિટિવ દર્દીઓ પ્રકાશમાં આવ્યા છે. સેક્ટર–૩માં રહેતાં ૬૩ વર્ષિય વૃદ્ધ ઉપરાંત ૬૪ વર્ષિય નિવૃત્ત કર્મચારી કોરોનામાં સપડાયાં છે.

### રાજકોટમાં સાંસદ અભય ભારદ્વાજ સહિત ૪ પોઝિટિવ

રાજકોટ : રાજ્યસભાના સાંસદ અભયભાઈ ભારદ્વાજ અને તેમના પુત્ર અંશનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેને લઈને તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાજ્યમાં કોરોના કેસ દિવસેને દિવસે વધી રહ્યા છે ત્યારે સુરત મજૂરાના ધારાસભ્ય બાદ હવે રાજકોટ ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. ભારદ્વાજ સાથે તેમના પુત્ર અંશનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અભય ભારદ્વાજને કોરોના થતા તેમની પુત્રી આશકા અને પુત્ર હોમ ક્વોરન્ટાઇન થયા છે. સાંસદને હાલ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# અમદાવાદમાં એન્ટી બોડી લુપ્ત થતા ફરી કોરોનાનું સંક્રમણ થવાનો ભય

- તાજેતરમાં ૧૦,૦૦૦ લોકો ઉપર સર્વે કરવામાં આવ્યો હતો

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાજેતરમાં ૧૦,૦૦૦ લોકો પર સર્વે કરવામાં આવ્યો હતો. આ સીરો સર્વેમાં અગાઉ કરેલા સર્વેની પોઝિટિવિટી ૧૭.૬૧ ટકાથી વધીને ૨૩.૨૪ ટકા સીરો પોઝિટિવિટી સામે આવી છે. આમ દોઢ મહિનામાં હર્ડ ઈમ્યુનિટી તરફની પોઝિટિવિટી વધી છે. જે લોકો અગાઉ કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે તેમના પર પણ એન્ટી બોડીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ ટકા લોકોમાં એન્ટી બોડી લુપ્ત થયેલી જોવા મળી હતી, જેથી ફરીથી તેઓ કોરોના સંક્રમણનો ભોગ બની શકે છે. આ સીરો સર્વેમાં અગાઉ કરેલા સર્વેની પોઝિટિવિટી ૧૭.૬૧ ટકાથી વધીને ૨૩.૨૪ ટકા સીરો પોઝિટિવિટી સામે આવી છે. આમ દોઢ મહિનામાં હર્ડ ઈમ્યુનિટી તરફની પોઝિટિવિટી વધી છે. જે લોકો અગાઉ કોરોનાગ્રસ્ત થઈ ચૂક્યા છે તેમના પર પણ એન્ટી બોડીનો સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ ટકા લોકોમાં એન્ટી બોડી લુપ્ત થયેલી જોવા મળી હતી, જેથી ફરીથી તેઓ કોરોના સંક્રમણનો ભોગ બની શકે છે.પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા લોકોમાં સીરો પોઝિટિવિટી ૩૧.૯૨ ટકા સામે આવી છે. પોઝિટિવ કેસના સંપર્કમાં આવેલા લોકોના ૩૯૭૩ સેમ્પલ પૈકી ૧૨૬૮ના સેમ્પલમાં સીરો પોઝિટિવિટી જોવા મળી હતી.

### કચ્છમાં પ્લાઝમા થેરાપી સફળ રહી

ભુજ : ભુજમાં શરૂ થયેલી કોવિડ-૧૯ હોસ્પિટલ અંતર્ગત કોરોનાના દર્દીઓને અપાતી સારવારમાં એક જટિલ કોરોનાગ્રસ્ત દર્દીને કોન્વેલેશન્ટ પ્લાઝમા આપી કચ્છમાં પ્રાથમવખત કોરોનાની સારવારમાં સફળતા પ્રાપ્ત કરી નવું સીમાચિહ્ન સ્થાપિત કર્યું હતું. કોવિડ કોન્વેલેશન્ટ પ્લાઝમા એટલે કોઈપણ વ્યક્તિ કે જેને કોવિડ-૧૯નો ચેપ લાગેલો હોય અને સાજા થયા પછી જેનામાં એન્ટીબોડી ઉત્પન્ન થઈ હોય એ વ્યકિતના લોહીને કોન્વેલેશન્ટ પ્લાઝમાં કહેવાય છે. હોસ્પિટલના ક્રિટીકલ કેર સ્પેશિયાલિસ્ટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાંથી પ્લાઝમાની જરૂરી વ્યવસ્થા કરી દર્દીને પ્લાઝમાં આપતા સફળતા પ્રાપ્ત થઈ હતી.

### ભાજપ પ્રમુખના પ્રવાસમાં ગયેલા કાર્યકરો હવે સંક્રમિત થવા માંડ્યા

અમદાવાદઃ ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસ દરમિયાન સોમનાથથી રાજકોટ સુધીના રૂટ પર ઠેર ઠેર કોરોના વાઈરસની ગાઈડલાઈનનો સરેઆમ ભંગ થયો હતો જેના પરિણામે હવે આ પ્રવાસમાં જોડાયેલા અને ગરબે ઘૂમીને સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડાવનારા ભાજપના જ ધારાસભ્યો અને સાંસદ સહિત એક પછી એક કોરોના વાઈરસથી સંક્રમિત થઈ રહ્યા છે. ધારાસભ્ય અરવિંદ રૈયાણી સહિત બે ધારાસભ્યો બાદ રેલીમાં હાજર રહેલા રાજ્યસભાના સાંસદ અભય ભારદ્વાજ પણ કોરોના વાઈરસથી સંક્રમિત થયાં છે. જેમને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ ઉપરાંત રાજકોટના મહિલા મેયર અને તેમનો પરિવાર પણ કોરોના વાયરસની ચપેટમાં આવી ચૂક્યો છે. રાજકોટમાં ૩૨ લોકોનાં મોત થયાં છે. એટલે કે પહેલીવાર મૃત્યુઆંક અચાન મંગળવારે બમણો નોંધાયો હતાં. સિવિલમાં ૨૬ના અને ખાનગી હોસ્પિટલમાં ૬ લોકોનાં મોત નીપજ્યાં હતાં.


First Flight
FFCL Couriers Inc.

દુનિયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેકશન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકળા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોતની ઘટનાના ભેદ પરથી ૮૫ દિવસ પછી પણ પડદો ઉંચકાયો નહીં

# સુશાંત કેસ સ્વાર્થના રોટલા શેકવાનું પ્લેટફોર્મ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

બોલીવુડના અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોતની ઘટનાના ભેદ પરથી આટલા દિવસો પછી પણ પડદો ઉંચકાયો નથી. મહારાષ્ટ્ર પોલીસની તપાસમાં લાલિયાવાડી ચાલી રહ્યાના આરોપો બાદ હવે સીબીઆઈ કવાયત કરી રહી છે. ત્યાં બીજી તરફ આ કેસ મીડિયા ટ્રાયલ તરફ પણ આગળ વધી રહ્યો છે. સુશાંતના મોત સાથે કેટલાક તકસાધુ રાજકારણીઓએ રાજકારણ પણ શરુ કરી દીધું છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારી રાજકીય પાર્ટીઓએ શરૂ કરી દીધી છે ત્યાં હવે સુશાંતના નામને વટાવા પણ ખેલ શરૂ થઈ ગયો છે.

એક ટીવી ચેનલે સીબીઆઈનાં સૂત્રોના હવાલાથી જાહેર કર્યું છે કે, સુશાંતના મર્ડર કે હોમીસાઈડના કોઈ પુરાવા હજુ સુધી નથી મળ્યા. મર્ડર અને હોમીસાઈડ બંનેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને મારી નાંખતી હોય છે પણ કાનૂની પરિભાષામાં બંને વચ્ચે મોટો ફરક છે. કોઈ વ્યક્તિ કાવતરૂં ઘડીને બીજી વ્યક્તિને પતાવી દે એ ખૂન છે જ્યારે સામેની વ્યક્તિનું અહિત કરવાનો ઈરાદો ના હોય છતાં તેનું મોત થઈ જાય એવું કશું કરો તો તેને હોમીસાઈડ કહેવાય. સુશાંતના કેસમાં એક થીયરી એવી હતી કે, તેની ગર્લફ્રેન્ડ રિયાએ તેને ડ્રગ્સનો બંધાણી બનાવીને ધીરે ધીરે પતાવી દીધો. સુશાંતનું મર્ડર કે હોમીસાઈડના પુરાવા નથી મળ્યા તેનો અર્થ એ થાય કે, આ થીયરી ખોટી છે. આ વાત નક્કર નથી. આ દાવા વચ્ચે રિયા ચક્રવર્તીના વકીલ સતિષ માનશિંદેએ સુશાંતના કેસને ૨૦૦૮ના આરૂષી તલવાર મર્ડર કેસ સાથે સરખાવ્યો છે. માનશિંદેએ આ વાત જુદા સંદર્ભમાં કહી છે પણ સુશાંતનો કેસ આરૂષીના કેસ જેવો થઈ ગયો છે એ વાત ચોકક્સ છે. માનશિંદેના કહેવા પ્રમાણે, આરૂષીનાં માતા-પિતા દીકરીની હત્યા માટે આખી દુનિયાને દોષ દેતાં હતાં. પણ છેવટે કોની સામે કેસ ચાલ્યો એ આખી દુનિયા જાણે છે. માનશિંદેએ રિયાના બચાવ માટે આડકતરી રીતે સુશાંતના પરિવાર સામે આંગળી ચીંધી છે. જો કે, માનશિંદેએ જે કહ્યું એ આધારહીન છે. કેમ કે સુશાંતના પરિવાર સામે આંગળી ચીંધાય એવું કશું હજુ સુધી બહાર આવ્યું નથી. પણ સામે રિયા કે તેના પરિવાર સામે પણ કશું બહાર નથી આવ્યું. આમ છતાં આરૂષીના કેસની જેમ અહીં પણ મીડિયા ટ્રાયલ ચાલી રહી છે. રિયા દોષિત હોય એ રીતનું ચિત્ર ઊભું કરાઈ રહ્યું છે. ૨૦૦૮માં ઉત્તર પ્રદેશના નોઈડામાં થયેલી આરૂષી તલવાર અને હેમરાજની હત્યામાં પણ આ રીતે જ મીડિયા ટ્રાયલ ચાલેલો. મીડિયાએ કોઈ પણ પ્રકારના પુરાવા કે આધાર વિના દે ઠોકાઠોક ચલાવેલી અને એવી એવી મસાલેદાર વાતો રજૂ કરેલી. આરૂષીની હત્યા થઈ એ વખતે તેની ઉંમર માત્ર ૧૩ વર્ષની હતી.

સીબીઆઈએ તલવાર દંપતીને ફિટ કરીને સગી દીકરીને પતાવી દેવાના આરોપો મૂકેલા. તલવાર દંપતીને સીબીઆઈ કોર્ટે દીકરીની હત્યા માટે આજીવન કારાવાસની સજા પણ ફટકારી છે. બંનેએ તેની સામે હાઈ કોર્ટમાં અપીલ કરી અને છેવટે અલાહાબાદ હાઈ કોર્ટે બંનેને નિર્દોષ છોડી મૂક્યાં હતાં. એક બહુ ચગાવાયેલા કેસમાં અંતે કશું ના નીકળ્યું. તલવાર દંપતી વરસો લગી જેલવાસ ભોગવ્યા પછી બહાર આવી ગયાં અને આરૂષીની હત્યા કોણે કરી એ સવાલનો જવાબ આજેય નથી મળ્યો. સુશાંતના મૃત્યુના કેસમાં હજુ રિયાની કે બીજા કોઈની ધરપકડ થઈ નથી પણ મીડિયા ટ્રાયલ ચાલુ થઈ જ ગયો છે. કંગના રનોત ખુલ્લેઆમ કલાકરોના ડ્રગ્સ સબંધના આરોપો મુકવા માંડી છે. આ મુદ્દે કલકારો પણ બે જૂથમાં વહેંચાયા છે. ત્યાં બીજી તરફ રાજકીય પેંતરાબાજુ ચાલુ છે. સુશાંતના મોત સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પુત્ર અને રાજ્યના મંત્રી આદિત્ય ઠાકરેને કનેક્શન હોવાનું કહીને અત્યાર લગી ભાજપ આક્ષેપબાજી કર્યા કરતો હતો. હવે શિવસેના- કોંગ્રેસનો વારો આવ્યો છે. તેમણે ફિલ્મ નિર્માતા સંદીપસિંહના નામે ભાજપને ભિડાવવા માટે આક્ષેપબાજી શરૂ કરી દીધી છે. શિવસેના-કોંગ્રેસે સંદીપ સામે આંગળી ચીંધી છે. સંદીપસિંહની દેવેન્દ્ર ફડણવીસ સાથેની તસવીર તો વાયરલ થઈ જ છે પણ સંદીપસિંહના ભાજપ સાથે છેડા કઈ રીતે અડકે છે તેની ખણખોદ કરીને કોંગ્રેસે ધડબડાટી બોલાવી છે. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણી પહેલાં મોદીની બાયોપિક આવેલી. વિવેક ઓબેરોયે તેમાં મોદીનો રોલ કરેલો. સંદીપસિંહ આ ફિલ્મના નિર્માતાઓમાંથી એક હતો. કોંગ્રેસે ખણખોદ કરીને શોધી કાઢ્યું છે કે, સંદીપસિંહે છેલ્લા કેટલાક મહિનાઓમાં મહારાષ્ટ્ર ભાજપ કાર્યાલયે ૫૩ કોલ કર્યા હતા. કોંગ્રેસનો દાવો છે કે, ૨૦૧૯ના વાયબ્રન્ટ ગુજરાત સમિટ વખતે સંદીપસિંહે પોતાની કંપની લીજેન્ડ ગ્લોબલ સ્ટુડિયો મારફતે ગુજરાત સરકાર સાથે ૧૭૭ કરોડના રોકાણનો કરાર કર્યો હતો.

વાસ્તવમાં તો સુશાંતના મોત સાથે કોને શું લેવાદેવા છે એ જ કળવું મશ્કેલ છે. આખો કેસ જે રીતે આગળ વધી રહ્યો છે એ જોતાં તો સુશાંતનું મોત એક ગંદી રમતમાં ફેરવાતું જાય છે. સુશાંતના મોત પર જે રીતે સ્વાર્થના રોટલા શેકાઈ રહ્યા છે રાજકારણીઓથી માંડીને ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલાં બધાં આ હોડમાં સામેલ છે. સુશાંતના મોતમાં પહેલાં એવી થીયરી વહેતી કરાયેલી કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ખાઈ બદેલા માફિયાઓના કારણે સુશાંતે જીવન ટુંકાવી દીધું. કંગના રાણાવતને ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ચોક્કસ લોકો સામે ખાર છે તેથી તેણે તેમને બદનામ કરવા આરોપો મુક્યા હોવાનું શક્ય છે. કંગનાએ સુશાંતના આપઘાત પછી લાંબો વીડિયો મૂકીને સુશાંતને શ્રધ્ધાંજલિ આપી હતી. હવે તે અનેક કલાકારો ડ્રગ્સ સાથે સંકળાયેલા હોવાનો આરોપ મુકી રહી છે. તે રિયા પર પણ આરોપો મુકી ચુકી છે. સુશાંતની શૈક્ષણિક કારકિર્દી અને બીજી વાતો કરીને પછી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કઈ રીતે બહારનાં લોકોને પરેશાન કરાય છે અને હતાશ કરી દેવાય છે તેની વાતો કરીને સુશાંતના મૃત્યુની ઘટનાને તેની સાથે તેણીએ જોડી હતી. કંગનાએ આ વાત મૂકી એટલે ઘણા ચાલુ ગાડીમાં બેસી ગયા. સલમાન ખાનની દબંગ સીરિઝની પહેલી ફિલ્મના ડિરેક્ટર અભિનવ કશ્યપ સુધીના બધાએ પોતાની આપવિતી વર્ણવી દીધી. તેના કારણે સોશિયલ મીડિયા પર સલમાન ખાન, કરણ જોહર વગેરે સામે જોરદાર આક્રોશ શરૂ થઈ ગયો અને એ લોકો વિલન હોય એવો જ માહોલ પેદા કરી દેવાયો. આ તૂત લાંબો સમય ચાલ્યું પછી અચાનક જ ભાજપના નેતાઓને યાદ આવ્યું કે, સુશાંત તો ‘બિહાર કા બેટા’ હતો અને તેનું આ રીતે મોત થાય એ ના ચાલે. બિહારમાં ભાજપ-જેડીયુની સરકાર છે. નવેમ્બરમાં બિહારમાં વિધાનસભાની ચૂંટણી છે. તેથી બિહારના રાજકારણીઓ મત ઉસેટી લાવવા મચી પડ્યા. ભાજપ- જેડીયુને આ મુદ્દાનો ઉપયોગ બિહારની ચૂંટણી જીતવા માટે કરવામાં રસ હતો તેથી તેમણે આ મુદ્દાને ચગાવ્યો છે. ભાજપ-જેડીયુના નેતાઓનો ઉત્સાહ જોઈને સુશાંતના પિતા કે.કે. સિંહ પણ અચાનક જાગી ગયા. તેમણે સુશાંતની પ્રેમિકા રિયા ચક્રવર્તી સામે પોલીસ ફરિયાદ કરી નાખી. બિહાર સરકારે સુશાંત સિંહ રાજપૂતની હત્યાના કેસની તપાસ શરૂ કરી એ દરમિયાન ક્યાંકથી સુશાંતના મોતને આદિત્ય ઠાકરે સાથે સંબંધ છે એવું પડીકું આવ્યું તેમાં મહારાષ્ટ્ર ભાજપના નેતા કૂદી પડ્યા. રાજકારણમાં કશું આકસ્મિક હોતું નથી. સ્ક્રીપ્ટ પ્રમાણે સુશાંતના મોતને તેની ભૂતપૂર્વ મેનેજર દિશા સાલિયાનના કમોત સાથે જોડવાનું શરૂ કરાયું અને છેવટે વાત આદિત્ય ઠાકરે પર આવીને અટકી ગઈ. જો કે, રાજપૂતના મોતના કેસમાં એક તરફ સીબીઆઈ સહિતની કેન્દ્રની બીજી એજન્સીઓની તપાસ ચાલુ છે. સીબીઆઈ સમક્ષ ગુરુવારે તો સુશાંતના મનોચિકિત્સક ડોકટરે નિવેદન આપતા કહ્યું હતુ કે, સુશાંત બાયોપોલર ડિસઓર્ડરથી પીડિત હતો અને તે આપઘાત કરવાનું વિચારી ચુક્યો હતો. આમ સીબીઆઈ સમક્ષ ડોકટરનુ નિવેદન મહત્વનું બન્યું છે.



**મીડિયા ટ્રાયલમાં તર્કવિહિન મસાલેદાર માહિતી પીરસવાની હોડ જામી ત્યાં બીજી તરફ સુશાંત બિહાર કા બેટાને નામે ચૂંટણીમાં મુદ્દાને ઉછાળવા ભાજપ અને જેડીયુ દ્વારા ઉધામા શરૂ કરાયા**



## નેગેટિવ રોલમાં જોવા મળશે સૈફ અલી ખાન

મુબઇ: બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાન ફરી એક વખત ખલનાયકના રોલમાં નજરે પડશે. તે પ્રભાસ સ્ટારર ફિલ્મ આદિપુરૂષમાં રાવણનો રોલ કરશે. આ ફિલ્મને ઓમ રાઉત ડાયરેક્ટ કરી રહ્યા છે. ઓમ રાઉતની સાથે સૈફ અલી ખાનની આ બીજી ફિલ્મ છે. આ પહેલા સૈફ ફિલ્મ તાનાજ: ધ અનસંગ વોરિયરમાં ખલનાયકનો રોલ ભજવ્યો હતો. ઓમ રાઉતે સૈફના ફિલ્મમાં સમાવેશની જાહેરાત કરી દીધી છે. તેણે ફિલ્મનું એક પોસ્ટર પણ શેર કર્યું છે. તેની સાથે લખ્યું છે કે ૭૦૦૦ વર્ષ પહેલા દુનિયામાં સૌથી બુદ્ધિમાન દાનવ હાજર હતા.



# સુશાંત બાયોપોલર ડિસઓર્ડરથી પીડિત હતો, તેણે આપઘાતનું વિચાર્યું હતું : મનોચિકિત્સક

સુશાંત કેસમાં હત્યાના કોઈ પુરાવા હાથ ન લાગતાં સીબીઆઇએ હવે માનસિક બીમારીના એંગલથી તપાસ શરૂ કરી છે. આ કડીમાં સીબીઆઇએ સુશાંતની માનસિક સારવાર કરનાર મુંબઈના મનોચિકિત્સક સુસાન વોકરની પૂછપરછ કરી હતી. વોકરે સીબીઆઇને જણાવ્યું કે સુશાંત બાયોપોલર ડિસ્ઓર્ડર અને અટેન્શન ડેફિસિટ હાયરએક્ટિવિટી ડિસ્ઓર્ડર તથા ડિપ્રેશન જેવી ઘણી બધી માનસિક બીમારીથી પીડિત હતો. સુશાંતે ડિપ્રેશનની દવા લેવાનું બંધ કર્યું હતું તેથી તેની સ્થિતિ બગડી હતી અને પછી તો તેની સારવાર કરવી પણ મુશ્કેલ બની ગઈ હતી. તેને કારણે તેને આપઘાતના વિચાર આવતા હતા. આ મનોચિકિત્સકનું નિવેદન ખૂબ મહત્ત્વનું બની રહે છે. સુશાંતની સારવાર દરમિયાન મને જણાવ્યું હતું કે તેને અવારનવાર આપઘાતના વિચારો પણ આવતા હતા.

## રિયાનો ભાઈ શૌવિક ડ્રગ તસ્કરના સતત સંપર્કમાં હતો

સુશાંત કેસની ડ્રગ્સ એંગલથી તપાસ કરી રહેલી એનસીબી ટીમને રિયાના ભાઈ શૌવિક ચક્રવર્તીની સામે ઘણા પાકા પુરાવા મળ્યા છે. એજન્સીને શૌવિક અને ડ્રગ તસ્કર વિલાત્રા વચ્ચેના કોલ રેકોર્ડ અને મેસેજ દ્વારા થયેલી વાતચીત મળી છે. શૌવિક ચક્રવર્તી ડ્રગ તસ્કર અબ્દુલ બાસિત પરિહાર અને જૈદ વિલાત્રા સાથે સતત સંપર્કમાં હતો. શૌવિકે સુશાંતના હાઉસ મેનેજર મિરાન્ડાની ઓળખાણ બાસિત અને વિલાત્રા સાથે કરાવી હતી.

## સુશાંત ટેલેન્ટેડ હતો તેથી ખેલમાંથી બહાર કરાયો : સુબ્રમણ્યમ સ્વામી

રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામી પણ સુશાંત સિંહ રાજપૂત કથિત સુસાઇડ કેસમાં પોતાનો પક્ષ રાખી રહ્યા છે. તેમણે બુધવારે એક ટ્વીટમાં જણાવ્યું કે સુશાંતની હત્યા પાછળ શું કારણ હોઈ શકે. તેમણે ટ્વીટમાં લખ્યું કે, ‘સુશાંતની હત્યા પાછળ પહેલો ઉદ્દેશ સ્પષ્ટ છે. તે ઘણો જ આત્મનિર્ભર હતો. એટલો ટેલેન્ટેડ હતો કે બોલીવુડ દ્વારા તેને નજરઅંદાજ કરવો શક્ય નહોતો, કેમકે તેઓ તેનાથી કમ્પિટ નહોતા કરી શકતા એ કારણે તેમણે આ પ્રકારે તેને ખેલમાંથી જ બહાર કરી દીધો.

## સુશાંત કેસની સાથે સાથે

- સુશાંતના પરિવારના વકીલ વિકાસસિંહે દાવો કર્યો હતો કે સુશાંતની હત્યા કરવામાં આવી છે. તેણે મુંબઈ પોલીસના વર્તન અને તપાસ ઉપર પણ સવાલ ઉભા કરી દીધા છે.
- ફરહાન અખ્તરની ગર્લફ્રેન્ડ શિબાની દાંડેકરે પોતાનું મૌન તોડ્યું છે. તેણે રિયાને સપોર્ટ કરતા લખ્યું છે કે તે રિયાને ૧૬ વર્ષની ઉંમરથી જાણે છે. તેને બસ ખાલી સુશાંતને પ્રેમ કરવાની સજા મળી રહી છે.
- બોલિવૂડ અભિનેત્રી વિદ્યા બાલને પણ આ મામલે દરેકની સામે પોતાનો મુદ્દો મૂક્યો છે. તેમણે ટ્વીટ કરીને સુશાંત કેસને મીડિયા સર્કસ ન બનાવવા અને કાયદાને તેનું કામ કરવા દેવા અપીલ કરી છે. જે બાદ તે સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલ થઈ હતી
- સુશાંત સિંહ કેસમાં સીબીઆઈ ઉપરાંત નાક્રોટિક્સ બ્યૂરો પણ ડ્રગ એન્ગલથી તપાસ કરી રહી છે. આ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે, સુશાંત કેસમાં હવે ૪ મોટા નામો ફસાયા હોવાની ચર્ચા છે. આમાં મુંબઈના ૨ મોટા નેતા, એક ટીવી અભિનેતા અને એક ફિલ્મમેકર સામેલ છે.

## દિશા સાલિયાન અને સુશાંત કેસના કનેક્શનને શોધવા સીબીઆઈની કવાયત





અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મોત મામલામાં નવા નવા ખુલાસાઓ થઈ રહ્યા છે. નવા નવા વળાંક આવી રહ્યા છે. ત્રણ તપાસ એજન્સીઓ દ્વારા ફુલ એક્શનમાં તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈ સુશાંતના મોત અને દિશા સાલિયાનના મોતના કનેક્શનની તપાસ કરી રહી છે. તપાસ કરવામાં આવી રહી છે કે સુશાંત કેસ અને દિશા સાલિયાનના કેસમાં કોઈ કનેક્શન છે કે કેમ. તેના માટે દિશા સાલિયાનની કંપનીના કર્મચારી બંટી સજદેહની સીબીઆઈના અધિકારીઓ દ્વારા પૂછપરછ કરશે.

# કઇ રીતે પહોંચાડાતું હતું ડ્રગ્સ: રિયાની ‘ડ્રગ્સ મંડળી’ બહાર આવી: ત્રણની ધરપકડ



સુશાંત કેસમાં ડ્રગ્સ કનેક્શન પર મોટો ખુલાસો થયો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોએ રિયા ચક્રવર્તી સાથે જોડાયેલા લોકોની કુંડળી ખંગાળી છે. ત્યારબાદ ત્રણ લોકોની ધરપકડ કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ડ્રગ્સ રેકેટના તારા મુંબઈથી ગોવા અને બેંગલુરુ સુધી ફેલાયેલા છે. આરોપ છે કે રિયાના ભાઈ શૌવિકના કહેવા પર સેમ્યુઅલ મિરાંડાએ ડ્રગ્સની ખરીદી કરી હતી. રિયા ચક્રવર્તીની ડ્રગ્સ મંડળી પરથી ધીરેધીરે પડદો ઉઠી રહ્યો છે. રિયાની ડ્રગ્સ મંડળીમાં સૌથી પહેલું નામ તેના ભાઈ શૌવિકનું છે. ત્યારબાદ સુશાંતનો હાઉસ મેનેજર સેમ્યુઅલ મિરાંડા, ત્રીજું નામ ડ્રગ પેડલર ઝૈદ વિલાત્રા, ચોથું નામ બાસિત પરિહાર જેને પણ મુંબઈથી ઝડપ્યો છે અને પાંચમું નામ છે ફયાઝ અહમદ જે ગોવાથી ઝડપાયો છે.

## સુશાંત સુસાઇડ કેસ : ટીવી ચેનલો પરની મીડિયા ટ્રાયલ બંધ કરાવવા મુંબઈના પૂર્વ પોલીસ અધિકારીઓ હાઇકોર્ટમાં

સુશાંતસિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં કેટલીક ચેનલો પર ચાલી રહેલી મીડિયા ટ્રાયલ બંધ કરાવવા મહારાષ્ટ્રના ૮ પૂર્વ પોલીસ અધિકારીઓએ બોમ્બે હાઇકોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. અરજીમાં આક્ષેપ કરાયો છે કે કેટલીક ટીવી ચેનલો દ્વારા મુંબઈ પોલીસ અને તેના અધિકારીઓને બદનામ કરવાનું અભિયાન ચલાવાઈ રહ્યું છે. અરજદારોમાં મહારાષ્ટ્રના પૂર્વ પોલીસ વડા અને મુંબઈ પોલીસનાં પૂર્વ અધિકારીઓ સામેલ છે જેમાં પૂર્વ ડીજીપી પી એસ પસરિચા, કે. સુબ્રમણ્યમ, ડી. શિવાનંદન, સંજીવ દયાલ, સતીશ ચંદ્ર માથુર અને મુંબઈના પૂર્વ પોલીસ કમિશનર મહેશ એન. સિંહ તેમજ ધનંજય એન જાધવ તથા પૂર્વ એટીએસ પ્રમુખ કે પી રઘુવંશીનો સમાવેશ થાય છે.

## દિલીપ કુમારના વધુ એક ભાઈનું કોરોનાને કારણે નિધન



બોલિવૂડના દિગ્ગજ અભિનેતા દિલીપ કુમારના નાનાભાઈનું નિધન થઈ ગયું છે. દિલીપ કુમારના નાના ભાઈ એહસાનખાનનું બુધવારે રાત્રે ૧૧ વાગ્યે મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં નિધન થયું ગયું છે. આ જાણકારી હોસ્પિટલ તરફથી આપવામાં આવી છે. એહસાનખાનનું નિધન કોરોના વાયરસના સંક્રમણના કારણે થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત ૨૧ ઓગસ્ટના રોજ દિલિપ કુમારના નાના ભાઇ અસલમ ખાનનું પણ કોરોનાથી નિધન થયું હતું. આમ ૧૫ દિવસમાં સમય ગાળામાં દિલિપ કુમારના બે ભાઇઓના મૃત્યું થતાં પરિવારમાં શોકની લાગણી વ્યાપી ગઇ છે.



# ગુનાખોરી ડામવા માટે 'ગુંડા એક્ટ'ને વિજય રૂપાણી કેબિનેટ દ્વારા લીલીઝંડી

રાજકોટ : ગુજરાતમાં પણ ઉત્તરપ્રદેશની જેમ ગુંડારાજ વકરતું જાય છે. કદાચ એટલે જ હવે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ 'ધ ગુજરાત ગુંડા એન્ડ એન્ટી સોશિયલ એક્ટિવિટીઝ (પ્રિવેન્શન) એક્ટ' નામથી એક નવો જ કાયદો અમલમાં મુકવાનો ઈરાદો જાહેર કર્યો હતો જેને હવે કેબિનેટમાંથી મંજૂરી મળી ગઈ છે. બુધવારે મંત્રી પરિષદની બેઠકમાં મુખ્યમંત્રીએ સ્વંય આ કાયદાના મુસદ્દાને વટહુકમ સ્વરૂપે રજૂ કર્યુ હતું. પ્રસ્તુત કાયદાના અમલથી રાજ્યમાં ધમકી આપવા જેવા મામૂલી કિસ્સામાં પણ પોલીસને આરોપીને ઉપરોક્ત કાયદા હેઠળ હેઠળ જેલમાં પુરવાનો અધિકાર પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રી રૂપાણીએ અખબારી યાદી મારફતે બે દિવસ પહેલા પાસા એક્ટમાં સુધારો સુચવવા વટહુકમ લાવવાનું જાહેર કર્યા બાદ મંગળવારે ગુજરાતમાં ગુંડા એક્ટ અમલમાં લાવવા કેબિનેટની બેઠકમાં વધુ એક વટહુકમ રજુ કરવાનું જણાવ્યુ હતુ.

છેલ્લા ત્રણ વર્ષમાં સામાજિક, ધાર્મિક વ્યવસ્થાના સુચારૂ સંચાલન માટે સાત જેટલા મહત્વના કાયદાઓ અમલમાં આવી ચૂક્યા છે ત્યારે ઉત્તરપ્રદેશ જેવા રાજ્યની તર્જ ઉપર ગુંડા એક્ટ લાવવા પાછળના કારણોમાં તેમણે ''ગુજરાતમાં દારૂનો વેપાર, જુગાર, ગાયોની કતલ, નશાનો વેપાર, અનૈતિક વેપાર, નવ વેપાર, બાળકોની જાતિય સતામણી, બનાવટી દવાઓનું વેચાણ, વ્યાજખોરી, જમીન છિનવી લેવી, અપહરણ, ગેરકાયદે કૃત્યો, ગેરકાયદે હથિયાર જેવી અસામાજિક પ્રવૃતિઓ આચરતા ગુંડા તત્વો સામે કડક કાયદાકીય જોગવાઈ ઉભી કરવાના હેતુથી નવો અલગ કાયદો (સ્પેશિયલ એક્ટ) રૂપાણી સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે.

# ગુજરાતનાં નેતાજીઓને કોરોના નડ્યો, મંત્રીઓના પગારમાં કાપ

ગાંધીનગર : કોરોના મહામારી સંદર્ભે ગુજરાત સરકારે બુધવારે કેબિનેટની બેઠકમાં એક મોટો નિર્ણય લીધો હતો. આ નિર્ણયમાં ધારાસભ્યોના પગારમાં ૩૦ ટકાનો જે કાપ મુક્યો છે તે અંગેનું વિધાનસભા સત્રમાં વિધેયક લાવવામાં આવશે. આ અંગે રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, કોરોના મહામારી સંદર્ભે રાજ્ય સરકારે ધારાસભ્યો, મંત્રીઓ, વિપક્ષના નેતા અને વિધાનસભાના અધ્યક્ષના પ્રવર્તમાન મૂળ પગારમાં ૧ એપ્રિલથી ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી એક વર્ષના સમયગાળા માટે ૩૦ ટકા કાપ મુકવાનો અગાઉ નિર્ણય કર્યો હતો. જે અંગે એપ્રિલ, ૨૦૨૦માં વટ હુકમ બહાર પાડી તેનું અમલીકરણ કરવામાં આવ્યું છે. આ નિર્ણયથી ધારાસભ્યોના પગારમાં ઘટાડો થતા ૧ વર્ષમાં લગભગ ૬ કરોડ ૨૭ લાખ રૂપિયાની બચત થશે. પ્રદિપસિંહ જાડેજાએ કહ્યું કે, રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે ધારાસભ્યો અને પદાધિકારીઓના મુળ પગારમાં ૩૦ ટકાનો કાપ એપ્રિલ, ૨૦૨૦થી એક વર્ષના સમયગાળા માટે અમલી રહે તે રીતની જોગવાઈ કરતો વટહુકમ બહાર પાડી સંબંધિત કાયદાઓમાં સુધારો કરવાનો નિર્ણય કરી તેની અમલવારી શરૂ કરી છે.

# રાજ્ય સરકારના મંત્રીમંડળમાં ફેરફાર સંભવ, સાત નવા ચહેરાને તક મળશે

અમદાવાદ : ગુજરાતમાં સપ્ટેમ્બર મહિનાના અંતમાં મંત્રીમંડળમાં ધરખમ ફેરફાર સાથે વિસ્તરણ થઈ શકે છે. ગુજરાત સરકારના મંત્રીમંડળમાં અત્યારે જે સાત મંત્રીઓ છે તેમને પડતાં મૂકવામાં આવે તેવો વર્તારો છે, તેમના સ્થાને સાત નવા ચહેરાને તક મળી શકે છે. ગુજરાતમાં મંત્રી મંડળના વિસ્તરણ-ધરખમ ફેરફારોને લઈને અટકળો ફરી એક વાર તેજ થઈ છે. અત્યારે મંત્રી પદ ભોગવી રહેલા સાત મંત્રીઓને સાઈડલાઈન કરીને તેમની જગ્યાએ નવા ચહેરાને તક અપાય તેમ છે. કેબિનેટ કક્ષાના ચાર અને રાજ્યકક્ષાના ત્રણ નવા મંત્રીઓ આવે તેવી શક્યતા છે. રાજ્યકક્ષાના એક વર્તમાન મંત્રીને પ્રમોશન આપી કેબિનેટ મંત્રીના દરજ્જા સાથે શિક્ષણ ખાતું સોંપવામાં આવે તેવી પણ શક્યતા છે. ભાવનગરના ધારાસભ્યને કેબિનેટમાં કૃષિમંત્રી, ભાજપના પૂર્વ દલિત ધારાસભ્યને પણ કેબિનેટમાં મંત્રી તરીકે સ્થાન મળી શકે છે. નવા મંત્રીમંડળમાં સુરત, મહેસાણા, કચ્છ અને બનાસકાંઠાના મજબૂત ધારાસભ્યને તકની શક્યતા છે તો રાજ્યકક્ષાના મંત્રી તરીકે કચ્છના મહિલા ધારાસભ્યનો સમાવેશ કરવામાં આવે તેવો વર્તારો છે.

# ગુજરાતમાં ભારે વરસાદથી ૮૨.૯૮ લાખ હેક્ટરમાં ખેતીને ૨ હજાર કરોડનું નુકસાન



ગાંધીનગર : ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદના કારણે ડાંગર, મકાઈ, જુવાર, મગફળી, કપાસ, તમાકુ સહિતના મુખ્ય પાકોમાં ૮૨,૯૮,૩૭૧ હેક્ટર જમીનમાં અંદાજે રૂ. ૨૫ હજાર કરોડનું નુકસાન થયું છે, જે હેક્ટર જમીનમાં વાવેતર થયું છે તેમાં ખેડ, ખાતર, બિયારણ, દવા, લાઈટ, પાણી, મજૂરીનો ખર્ચ અંદાજીને વિપક્ષ નેતા પરેશ ધાનાણીએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. પ્રતિ વીઘા સરેરાશ રૂ.૫ હજાર ખર્ચ ગણતાં પ્રતિ હેક્ટર રૂ. ૩૦ હજાર ખર્ચ થાય છે, એ હિસાબે ૨૫ હજાર કરોડ જેટલું નુકસાન છે. નુકસાનીના આ દાવા સાથે તાત્કાલિક સર્વે કરીને ખેડૂતોને પાક વીમાની તથા પાક નુકસાની વળતરની રકમ ચુકવવા માગણી કરી છે.

વિપક્ષ નેતાએ પત્રમાં લખ્યું છે કે, વરસાદને પગલે રાજ્યમાં ૧૯૦થી વધુ માનવ મૃત્યુ અને ૬૦૦થી વધારે પશુઓના મોત થયા છે. અનેક જિલ્લાઓમાં રસ્તાઓ ધોવાઈ ગયા છે, ખેડૂતોના ખાતર-બિયારણ નિષ્ફળ ગયેલ હોવાથી લીલા દુષ્કાળની સ્થિતિ પ્રવર્તી રહી છે. કાચા પાકા મકાનો ધરાશાયી થવાથી ખૂબ મોટું આર્થિક નુકસાન થયું છે.

# સરકારનો વિવાદિત પરિપત્ર HC દ્વારા રદ, ૧૦૦માં ૧૭ મહિલાને અનામત ફરજિયાત

ગાંધીનગર : ૧-૮-૧૮ નો સરકારનો જે વિવાદિત પરિપત્ર હતો તે ગુજરાત હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવ્યો છે. કોર્ટ દ્વારા સ્પષ્ટ નિર્દેશ અપાયા છે કે ૩૩ ટકા અનામત જ મહિલાઓને આપવાનું છે. તે ૩૩ ટકામાં જ એસટી, એસસી, સામાજીક પછાત સહિતની તમામ મહિલાઓનો સમાવેશ કરવાનો છે.

ગુજરાત હાઈકોર્ટે ઉદાહરણ આપતા સમજાવ્યું કે, ૧૦૦ જગ્યા પર ભરતી થવાની હોય તો તેમાં જનરલ કેટેગરીની ૧૭ મહિલા માટે અનામત, ૧૦૦ બેઠકમાં જીજ્ઞ કેટેગરીની ૪ મહિલા માટે અનામત, જી કેટેગરી માટે ૬ મહિલા



અનામત, પછાત વર્ગની ૭ મહિલા માટે અનામત રાખવા માટે જણાવ્યું છે. આ ફોર્મ્યુલાથી દરેક ભરતી કરવા માટે નિર્દેશ અપાયા છે.

૧-૮-૨૦૧૮ના પરિપત્રમાં સરકારે એવી જોગવાઈ કરી હતી કે સરકારી નોકરી ભરતીમાં લેવાતી પરિક્ષામાં એસસી-એસટી-ઓબીસી વર્ગના ઉમેદવારો જનરલ કેટેગરીના ઉમેદવારો કરતાં વધારે ગુણ મેરિટમાં મેળવે તો પણ તેમને તેમના અનામત વર્ગમાં જ પ્રવેશ આપવો, જનરલ કેટેગરીની બેઠકોમાં પ્રવેશ મળી શકે નહીં. હવે ગુજરાત હાઈકોર્ટે આ વિવાદાસ્પદ પત્રને રદ કરી દીધો છે. ૧ ઓગસ્ટ, ૨૦૧૮નાં જીઆર મુજબ અનામત કેટેગરીની મહિલા ઉમેદવારોને જનરલ મેરિટમાંથી બાદ કરવામાં આવી હતી. જેની સામે ૧૦૦થી પણ વધુ મહિલાઓ ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાં કર્યા હતા.

# નર્મદામાં જમીન માટે આદિવાસીઓ વિફર્યા : પોલીસ-વનકર્મી પર હુમલો

ભરૂચઃ ડેડીયાપાડામાં જંગલની જમીનમાં કપાસનું વાવેતર ઉખેડવા માટે આવી પહોંચેલા વન અધિકારીઓ અને પોલીસ પર ૧૦૦થી વધુ આદિવાસીઓના ટોળાએ ભારે વિરોધ કરવાનું શરૂ કરતા પોલીસે કેટલાક લોકોની અટકાયત કરી હતી જેના કારણે મામલો વણસતા તોફાની ટોળાએ પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં બે અધિકારીઓ ઘાયલ થયાં હતા. ખટામ રાઉન્ડની બોર બીટમાં કંપાર્ટમેન્ટ ૩૩૪ વાળી રિઝર્વ ફોરેસ્ટની જમીનમાં ફુલસિંગ વાગડીયા વસાવા, અમરસિંગ જાતિયા વસાવા, નવજી અમરસિંગ વસાવા તથા નરેશ ગંભીર વસાવાએ(તમામ રહે, શાકવા, ડેડીયાપાડા) ગેરકાયદેસર પ્રવેશ કરીને ૨૮ જુલાઈના રોજ કપાસના ૨૪૦૦ રોપઓ ઉખેડી નાખ્યા હતા. એ જ જમીનમાં કપાસનું નવેસરથી વાવેતર કર્યુ હતું. જેથી ૨જી સપ્ટેમ્બરના રોજ નેતરંગના મદદનિશ સંરક્ષક એ.ડી. ચૌધરી કોલીવાડ(બોગજ) ગામે ૩૦ મજૂરીની મદદથી ઉખેડવા ગયા હતા. સ્થિતિ બગડશે એવી ભીતિને પગલે ફોરેસ્ટ અધિકારીએ ડેડીયાપાડા પોલીસને આ મામલે જાણ કરતા પોલીસ પણ ત્યાં આવી પહોંચી હતી. દરમિયાન ટોળાએ ફોરેસ્ટ અને પોલીસ કર્મીઓ સાથે માથાકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી પથ્થરમારો કર્યો હતો.

# અમદાવાદ રિવરફ્રન્ટથી કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી સી-પ્લેન શરૂ થશે

અમદાવાદ : અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટથી કેવડિયા સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી સી-પ્લેનની હવાઈ સેવા ૩૧મી ઓક્ટબરથી શરૂ થવા જઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે આ સુવિધા શરૂ કરવામાં આવશે.

નરેન્દ્ર મોદી ૩૧ ઓક્ટોબરે ગુજરાતની મુલાકાતે છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના ઉચ્ચ અધિકારીઓ સી પ્લેન સેવા સંદર્ભે ગુજરાતની મુલાકાતે આવી છે. અધિકારીઓ એરપોર્ટ સાથે ચર્ચા કરી છે અને સી પ્લેનની સાઈટની પણ મુલાકાત લીધી છે. હાલ જે માહિતી સામે આવી છે તે અનુસાર સી પ્લેનની સ્પીડન ૧૭૦ પ્રતિ કલાકની હશે જેમાં ૧૯ મુસાફરો સવારી કરી શકશે અને દિવસમાં આવી ચાર ફ્લાઈટ અવરજવર કરશે. સી પ્લેનની મુસાફરીની કિંમતની વાત કરીએ તો ટિકિટ ૪-૫ હજારની વચ્ચે રહે તેવી શક્યતા છે.

# રાજ્યમાં અનલોક-૪ની ગાઈડલાઈન હવે દુકાનો ૨૪ કલાક ખુલ્લી રહેશે

અમદાવાદ : ગુજરાત સરકારે અનલોક ૪ની ગાઈડલાઈન્સ બહાર પાડી છે. આ ગાઈડલાઈન અનુસાર ગુજરાતમાં કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ૩૦ સપ્ટેમ્બર સુધી લોકડાઉન લંબાવવામાં આવ્યું છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. રાજ્યના ગૃહ વિભાગે સત્તાવાર જાહેરનામું બહાર પાડ્યું છે. રાજ્યમાં આજથી હોટલ અને રેસ્ટોરન્ટ ૧૦ ના બદલે ૧૧ વાગ્યા સુધી ખુલ્લા રહેશે. પબ્લિક ગાર્ડન પણ ખુલશે અને ધાર્મિક સ્થળો પણ સંપુર્ણ ખુલ્લા રાખી શકાશે. ગાઈડલાઈન અનુસાર લારી ગલ્લા અને શેરી ફેરિયાઓ પણ કોઈ પ્રતિબંધ રહેશે નહી. એસટી-ખાનગી બસ કેબ સેવાને પણ ૫૦ ટકા કેપેસિટી સાથે મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ ૮ વાગ્યા સુધી ખુલ્લી રહેલી દુકાનો હવે ૨૪ કલાક સુધી ખુલ્લી રાખી શકાશે. જો કે સ્કુલ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ ૩૦ સપ્ટેમ્બર સુધી બંધ રહેશે. સામાજિક, શૈક્ષણીક, રમત ગમત, મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ધાર્મિક રાજકીય સમારંભ તથા અન્ય સમુહનાં ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૧૦૦ લોકોની મર્યાદામાં એકઠા થવા માટેની સામાજિક પરવાનગી અપાઈ છે. આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સિંગ, થર્મલ સ્કેનિંગ અને સેનિટાઈઝરની સુવિધા સાથે આપવામાં આવશે.

# સાવલીમાં બે પિસ્તોલ સાથે પકડાયેલો બનાસકાંઠાની ૮૦ લાખની લૂંટનો આરોપી નીકળ્યો

વડોદરા : સાવલી પોલીસે પાંચ દિવસ અગાઉ બે માઉઝર સાથે પકડેલો શખસ બનાસકાંઠાની ૮૦ લાખની લૂંટનો વોન્ટેડ આરોપી હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસ સમક્ષ ખોટા નામનો ઉપયોગ કરતા આરોપી વિરુદ્ધ રાજ્યમાં હત્યા, લૂંટના પાંચ અને બેંગ્લોરમાં ૨૨ લાખની લૂંટમાં વોન્ટેડ હોવાનું જિલ્લા જીઁમાં બહાર આવ્યું છે.

અમિત મોહનભાઈ રાઠવા અને સોહન માંગીલાલ ભીલાલા (બંને રહે, મધ્યપ્રદેશ) પાસે બે દેશી માઉઝર અને નવ જીવતા કારતૂસ પોલીસને મળ્યાં હતાં. સાવલીમાં દાખલ થયેલા આર્મ્સ એક્ટના ગુનાની તપાસ જિલ્લા જીઁને સોંપાઈ હતી. રિમાન્ડમાં દરમિયાન પૂછપરછ જીઁએ અમિત પર શંકા ગઈ હતી. જીઁની ટીમે મધ્યપ્રદેશની આદિવાસી ભાષામાં વાતચીત કરી પરંતુ તેના જવાબોમાં ગુજરાતી ઉચ્ચારો આવતા હતાં.

# ખેડા જિલ્લાની ૩ નગરપાલિકા ભાજપે ગુમાવી



**• ડાકોર, ખેડામાં પ્રમુખપદે અપક્ષ મહિલા ઉમેદવાર અને ઉપપ્રમુખ પદે ભાજપના મહિલા ઉમેદવારે બાજી મારી, મહુધા પાલિકામાં કોંગ્રેસે સત્તા આંચકી લીધી**

નડિયાદ:ખેડાજીલ્લાનીપાંચનગરપાલિકાઓમાં આજે યોજાયેલી ચૂંટણીઓમાં ભાજપનો કારમો પરાજય થયો છે. પાંચેય નગરપાલિકાઓમાં અગાઉ ભાજપની સત્તા હતી. તેમાંથી ત્રણ પાલિકાઓમાં ભાજપની સત્તા ઝૂંટવાઈ ગઈ છે અને ખુદ ભાજપના જ સભ્યોએ પોતાના પક્ષને હરાવીને વિપક્ષ અને અપક્ષને સત્તા અપાવવામાં બળવાખોર ભૂમિકા ભજવી છે. જીલ્લાની ડાકોર, ખેડા અને મહુધા નગરપાલિકામાં ભાજપને બદલે કોંગ્રેસ અને અપક્ષના પ્રમુખ અને ઉપપ્રમુખ ચૂંટાઈ આવ્યા છે. જ્યારે મહેમદાવાદ અને ચકલાસીમાં ભાજપે સત્તા જાળવી રાખીને પોતાના પ્રમુખ-ઉપપ્રમુખને વિજયી બનાવ્યાં છે.જિલ્લાની આ પાંચેય નગરપાલિકાઓમાં નારીશક્તિનો વિજય થયો છે.

ડાકોર નગરપાલિકાની ચૂંટણી પાલિકાના હોલમાં ઠાસરના પ્રાંત અધિકારીની ઉપસ્થિતીમાં યોજાઈ હતી. ડાકોર નગરપાલિકાના ભાજપના મેન્ડેટ પર ચૂંટાયેલા છ સભ્યોએ ભાજપના ઉમેદવારને મત ન આપતાં અપક્ષ ઉમેદવારને મત આપ્યો છે. નવાઈની વાત એ છે કે ભાજપ મોવડી મંડળનો સ્પષ્ટ આદેશ લેખીત વ્હીપને પણ ઘોળીને પી જનાર આ છએ સભ્યોએ સતત બીજી વખત આ રીતે પક્ષ વિરુધ્ધ બળવો કર્યો છે.

મહુધા નગર પાલિકા કોગ્રેસ પક્ષે સત્તાધારી પક્ષ ભાજપ પાસેથી આંચકી લીધી છે. નગર પાલિકામાં પ્રમુખ માટે મીનાઝબાનુ મહંમદફિરોઝ મલેકને કોંગ્રેસ પક્ષે મેન્ડેટ આપ્યું હતું. જ્યારે ભાજપે વિધિબેન મેહુલકુમાર પટેલને મેન્ટેડ આપ્યું હતું. જેમાં મીનાઝબાનુને ૧૩ વોટ મળ્યા હતા. જ્યારે ભાજપ પક્ષના વિધિ બેનને ૧૦ વોટ મળ્યા હતા. એજ રીતે ઉપપ્રમુખ તરીકે કોગ્રસના શાહિદખાન મીયાખાન પઠાણ, અપક્ષના સોઢા પરમાર દિપકભાઈએ સામે વિજયી થયા છે.

ચકલાસીમાં ભાજપના સંગીતાબેન એસ. વાઘેલા પ્રમુખ તરીકે ચૂટાયા હતા. અહીં ગીતાબેન જાદવનો બે મતથી પરાજય થયો છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે રાજેશભાઈ આર. વાઘેલા બીનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. મહેમદાવાદ નગર પાલિકામાં પ્રમુખ તરીકે શિલાબેન આઈ. વ્યાસ અને ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન બી. વાઘેલા બીનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

ખેડા નગરપાલિકાની પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપના પ્રતીક ઉપર ચૂંટાયેલા ત્રણ સભ્યોએ બળવો કરતા અપક્ષ જૂથે સત્તા મેળવી હતી. ચૂંટણી પૂર્વે જીલ્લા ભાજપના મંત્રી દશરથભાઈ પટેલ દરેક ભાજપના સભ્યોને વ્હીપ આપતા ત્રણ સભ્યો ઘનશ્યામભાઈ છોટાભાઈ ગાંધી, ભાનુમતીબેન રામસીંગ વાઘેલા અને અશોકભાઈ ઉદાભાઈ ગોહેલે વ્હીપ સ્વીકાર્યો નહતો અને પાર્ટીના મેન્ડેટ વિરૂધ્ધ મતદાન કર્યું હતું.

## કોરોનાને લીધે ભાદરવામાં અંબાજી મંદિર સુમસામ, ઈ-દર્શનની વ્યવસ્થા કરાઈ

અંબાજીઃ ભાદરવી પૂનમના મેળાનો મંગળવારે ચોથો દિવસ હતો, પણ ચાલુ વર્ષે મેળો સરકારે રદ કરતા મંદિર પરીસર સુમસામ જોવા મળ્યું હતું. જો કે અંબાજી મેળા દરમ્યાન આવતા લાખો શ્રદ્ધાળુઓને માતાજીના દર્શનથી વંચિત ન રહી જાય તે માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા વિવિધ માધ્યમો દ્વારા ઓનલાઈન દર્શન કરાવવાની વ્યવસ્થા કરી હતી. મેળાના પ્રથમ દિવસથી લોકોની સુખાકારી અને કોરોનાના વિનાશ માટે મંદિર પરીસરમાં વિશાળ સહસ્ત્ર ચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જે હોમ હવન સતત સાત દિવસ સુધી ચાલશે સાથે વિશ્વના કલ્યાણ અર્થે નિજ મંદિરમાં મંદિરના બ્રાહ્મણો સતત ચંડીપાઠ કરતા હતા. અંબાજી મંદિર પરિસરમાં અંબેના જય અંબેના નાદથી ગુંજી ઉઠતુ હતું, ત્યા સોમવારે સમગ્ર મંદિર પરીસર બ્રાહ્મણોના મંત્રોચારથી ગુંજી ઉઠ્યું હતું.

## અમૂલ ચૂંટણી : માતરના MLA કેસરીસિંહ હાર્યા, કોંગ્રેસના બે ધારાસભ્યોનો વિજય

આણંદ : અમૂલ ડેરી સોસાયટી વિભાગ કેમ્પસમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં માતરના ભાજપના ધારાસભ્ય કેસરીસિંહનો પરાજય થયો છે. જ્યારે કોંગ્રેસના ધારાસભ્ય કાંતી સોઢા પરમારનો ૪૧ મત સાથે વિજય થયો હતો. બોરસદ / આંકલાવની બેઠક પર અમૂલના વાઈસ ચેરમેન અને બોરસદના કોંગ્રેસના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમાર વિજેતા થયા છે. તો ખંભાતમાં સીતા પરમાર, પેટલાદમાં વિપુલ પટેલ, કઠલલામાં ઘેલા ઝાલા અને મહેમદાવાદમાં જુવાનસિંહ ચૌહાણનો વિજય થયો છે.

આણંદ મતદાર મંડળમાં કાન્તી સોઢા પરમારનો ૪૧ મતથી વિજય થયો હતો. ખંભાત મતદાર મંડળમાં ૭૩ મત સાથે સીતાબેન પરમારનો વિજય થયો છે. બોરસદ મતદાર મંડળમાં કુલ ૯૩ મત પડ્યા હતા અને આ તમામ મત રાજેન્દ્રસિંહ પરમારને મળ્યા છે. જ્યારે પેટલાદમાં ૪૫ મત સાથે વિપુલ પટેલનો વિજય થયો છે.બાલાસિનોર મતદાર મંડળમાં ૬૨ મત સાથે રાજેશ પાઠકનો વિજય છે. કઠલાલમાં ઘેલા ઝાલાનો ૪૮ મત સાથે વિજય થયો છે. કપડવંજ મતદાર મંડળમાં ૯૯ મતમાંથી શારદાબેનનો ૫૨ મત સાથે વિજય થયો છે. મહેમદાવાદમાં ૯૭ મત પડ્યા હતા. જેમાંથી જુવાનસિંહ ચૌહાણનો ૫૦ મત સાથે વિજય થયો છે. જ્યારે અન્ય ઉમેદવાર ભગવાનસિંહ ચૌહાણને ૨૬ અને રામસિંહ ઝાલાને ૨૧ મત મળ્યા છે.

## દુનિયાભરની સૌથી મોટી ૨૦ ડેરીમાં અમૂલે ૧૬મા સ્થાન સાથે એન્ટ્રી મારી

આણંદ : દેશના ઘર ઘરમાં પોતાની જગ્યા બનાવી ચૂકેલા અમૂલે વિશ્વમાં પણ પોતાની ઓળખ મજબૂત કરવામાં સફળતા મેળવી લીધી છે. ૧૯૪૬માં ગુજરાતનાં ખેડૂતોને તેમના ઉત્પાદનનું યોગ્ય વળતર મળે તે માટે શરૂ કરવામાં આવેલો આ પ્રયાસ આજે દુનિયાની ટોપ ૨૦ ડેરી બ્રાંડમાં સામેલ થઈ ગયો છે. રોબોબેંકની દુનિયાભરની સૌથી મોટી ૨૦ ડેરીની કંપનીઓમાં અમૂલને ૧૬મા સ્થાન સાથે એન્ટ્રી મારી છે. આ યાદી ૨૦૧૯નાં ટર્નઓવરનાં આંકડાઓ પર આધારિત છે. આ ખિતાબ બાદ અમૂલે ગુજરાતના ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે ગુજરાતનાં સીએમ વિજય રૂપાણીએ પણ ટ્વિટ કરીને અભિનંદન આપ્યા છે. ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જે અમૂલ બ્રાંડને મેનેજ કરે છે, ૫.૫ અરબ કરોડ ડોલરનાં ડેરી ટર્નઓવરની સાથે લિસ્ટમાં ૧૬માં સ્થાન પર છે.

## દાહોદમાં પ્રધાનમંત્રી કિસાન યોજનામાં ૨૩.૮૨ લાખના કૌભાંડનો પર્દાફાશ

દાહોદ : દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજનામાં ૨૩.૮૨ લાખનું મસમોટું કૌભાંડ થયું હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે, ત્યારે આ અરજીઓ કેવી રીતે થઈ તેની તપાસ હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે. આ તપાસ માટે સાઈબર ક્રાઈમ શાખાની પણ મદદ લેવામાં આવે તેવી સંપૂર્ણ શક્યતા રહેલી છે.

દાહોદમાં પ્રધાનમંત્રી કિસાન યોજનામાં કૌભાંડના મામલે પી.એમ.કિસાન યોજનામાં ભોપાળુ સામે આવતા યોજનાનુ રજિસ્ટ્રેશન તાત્કાલિક અસરે બંધ કરાવાયું છે. દાહોદમા કુલ ૨.૭૩ લાખ એન્ટ્રીમાથી ૧.૪૩ લાખ એન્ટ્રી શંકાસ્પદ હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. જેના કારણે ૧.૪૩ લાખ સેલ્ફ એન્ટ્રી શંકાના દાયરામાં હોવાનું ખુલ્યું છે. આ કૌભાંડમાં બાળકોના ખાતામાં પણ સહાયના બે હજાર રૂપિયા જમા થયા હોવાની માહિતી પણ સામે આવી છે. સરકારે કુલ એન્ટ્રીના આધારે અત્યાર સુધી ૧૬૩ કરોડ ૮૦ લાખ રૂપિયા ખાતાઓમાં નાખી દીધા છે. ખરેખર ૧.૪૩ લાખ એન્ટ્રી ખોટી હોય તો સરકારના બે હજાર લેખે ૨૬.૮૬ કરોડ ચાઉ થયાનું નકારી શકાય તેમ નથી.

દાહોદ જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન યોજનામાં ખોટી રીતે ૧૧૯૧ ખાતામાં નાણાં જમા કરી દેવાતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨,૨૬,૦૦૦ ખેડૂતો આ યોજનામાં નોંધાયેલા છે અને થયેલી અરજીઓ પૈકી માત્ર ૩૫, ૮૯૩ અરજીઓની ચકાસણી કરાતા તેમાંથી ૩૨, ૭૨૭ ખાતેદારો ન હોવાનો પર્દાફાશ થયો છે.


LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS





# કેનેડામાં પ્રવેશતા પ્રવાસીઓની વિગતો જાહેર

## માહિતીનો ઉપયોગ પરમેનન્ટ રેસીડેન્સ, વર્ક પરમિટસ, સ્ટડી પરમિટસ અને કેનેડીયન સિટીઝનશીપ માટેની અરજીઓની ચકાસણી સમયે થઈ શકે

ઓન્ટેરિયો : કેનેડાએ તાજેતરમાં કેનેડામાં સરહદ પાર કરીને આવનારા પ્રવાસીઓની કઈ વિગતોની જાણકારી અધિકારીઓ મેળવે છે એની વધુ વિગતો જાહેર કરી હતી અને એ જાણકારીની ગોપનિયતા કઈ રીતે જાળવવામાં આવે છે એની પણ જાણ કરી હતી.

કેનેડાના એન્ટ્રી એકઝીટ પ્રોગ્રામ હેઠળ બોર્ડર ઓફિસરો પ્રવાસીઓ પાસેથી કઈ વિગતો મેળવે છે અને એ જાણકારી ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)ને આપે છે એની જાણકારી આપી હતી.જેના આધારે ઈમિગ્રેશન વિભાગ જાણી શકે છે કે અરજદારે કેટલો સમય કેનેડામાં નિવાસ કર્યો હતો. આ જાણકારીનો ઉપયોગ પરમેનન્ટ રેસીડેન્સ, વર્ક પરમિટસ, સ્ટડી પરમિટસ અને કેનેડીયન સિટીઝનશીપ માટેની અરજીઓની ચકાસણી સમયે થઈ શકે છે. કેનેડા અને અમેરીકા વચ્ચે પ્રવાસીઓની બાયોગ્રાફિક માહિતીની આપ- લે થાય છે. જે બંને દેશોની જમીની સરહદ ઉપર ૧૧મી જુલાઈ, ૨૦૧૯થી શરૂ થઈ હતી. જો કે આ પ્રોગ્રામ તો ફેબ્રુઆરી, ૨૦૧૯થી શરૂ થઈ ચુકયો હતો.

### સરહદ ઉપર કઈ માહિતી એકત્ર થાય છે ?

- કેનેડીયન બોર્ડર સર્વસિઝ એજન્સી(સીબીએસએ) સરહદ પાર કરનારા પ્રવાસીઓની પાયાની જાણકારી મેળવે છે જેમાં આ બાબતોનો સમાવેશ થાય છે :
- નામ, જન્મ તારીખ, નાગરીકતાનો દેશ, પાસપોર્ટની વિગતો, પ્રવેશ કે પરત જવાની તારીખ
- ગ્લોબલ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ ફોર ઈમિગ્રેશન એન્ડ સિટીઝનશીપના અરજદારોની આ વિગતો નોંધાય છે જેમ કે, કલાયન્ટસ આઈડેન્ટીફિકેશન (ફેમીલીનું નામ અને રજુ કરેલું નામ, જાતિ, જન્મ તારીખ, જન્મ સ્થળનો દેશ વગેરે)
- સંપર્ક માટેની માહિતી,ઈતિહાસ,શૈક્ષાણિક અને રોજગારી અંગેની જાણકારી.

# કોવિડ સામે પ્રવાસીઓને ઈન્સ્યોરન્સ આપવા માટે એર કેનેડા દ્વારા ઓફર

ઓન્ટેરિયો : કોવિડ -૧૯ની મહામારીથી અસર પામનારી વિશ્વની બધી એરલાઈન્સની જેમ આર્થિક સ્થિતિ સુધારવા હવે એર કેનેડા કેટલાક ડેસ્ટીનેશનના પ્રવાસીઓને વિનામૂલ્યે કોવિડ -૧૯ માટેનો ઈન્સ્યોરન્સ આપવાની ઓફર કરી રહી છે. ટીવીએ નોઉવેલેસના અહેવાલ મુજબ આ જાહેરાત મેકિસકો અને કેરેબિયન રાષ્ટ્રો માટે અમલી બનશે. જેને માટે તેણે જર્મનીની ઈન્સ્યોરન્સ કંપની એલિયાન્ઝગ્લોબલ આસિસ્ટન્સ સાથે ભાગીદારી કરી છે. આ નવી ઓફર માટે બ્રોકરેજ પેઢી ટીડબલ્યુ ઈન્સ્યુરન્સ સર્વિસીઝ પણ એમાં જોડાશે. સોમવારથી મળનારા વધારાના કવરેજમાં કવોરેન્ટાઈન સુવિધાનો ખર્ચ તથા કોવિડ -૧૯ સંબંધિત ઈમરજન્સી મેડીકલ બિલનો સમાવેશ થાય છે. જો પ્રવાસી વિદેશમાં હોય ત્યારે કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોય તો લાભ મળશે. અહેવાલ મુજબ આ કવરેજ પ્રવાસ કરનાર વ્યકિતદીઠ દરેક ટ્રીપ માટે એક લાખ યુએસ ડોલર સુધીનું હશે અને જો પ્રવાસી વિદેશમાં મૃત્યુ પામે તો એટલું વળતર પણ એમાં સામેલ છે. એર કેનેડા વેકેશન્સના મેનેજીંગ ડાયરેકટર નિનો મોન્ટાજીનીસે કહ્યું હતું કે, અમને એવા પ્રથમ કેનેડીયન ટુર ઓપરેટર બનવાની તક મળી એ આનંદની વાત છે. જે કોવિડ -૧૯ સંબંધિત ઈમરજન્સી મેડીકલ સારવાર અને કવોરેન્ટાઈન સુવિધાનો ખર્ચ અમારા વેકેશન પેકેજમાં સમાવાયો છે.

# સેકસ દરમિયાન માસ્કનો ઉપયોગ કોવિડને રોકી શકે : તબીબોનો મત

ટોરન્ટો : જાહેરમાં રોગનો ફેલાવો અને સેકસમાં શું સામ્ય છે એ પ્રશ્નના ઉત્તરમાં કેનેડાના આરોગ્ય ખાતાના અધિકારીઓ કહે છે કે, અજાણયા વ્યકિતઓ સાથે હો ત્યારે માસ્કનો ઉપયોગ જરૂરી છે. કેનેડાના ચીફ મેડીકલ ઓફિસર ડો.થેરેસા ટેમની આ સલાહ બુધવારના તેમના નિવેદનમાં જોવા મળી હતી. તેમણે કોવિડ -૧૯ના કાળમાં સેકસ વિશે ટીપ્સ આપતા કહ્યુ હતું કે, સેકસ માણતી વખતે પણ માસ્ક હોવો જરૂરી છે. જયારે તમે કોઈ અજાણ્યા વ્યકિત સાથે હો. તેમણે કહ્યું હતું કે, જયારે તમે તમારાથી અજાણ્યા સાથીદાર સાથે સેકસ માણતા હો ત્યારે તમારે ઘણી સાવચેતી રાખવાની હોય છે. જેથી જોખમને ઘટાડી શકાય. જયારે વધુ નિકટતા હોય ત્યારે નાક અને મોં ઢંકાય એવો માસ્ક જરૂરી છે. ભલે તમારા સાથીદારમાં કોવિડ -૧૯ના કોઈ લક્ષણો ન જણાતા હોય તો પણ સાવચેતી જરૂરી છે. આવા સમયે શરાબનું સેવન ટાળવું જોઈએ અને ગર્ભ નિરોધક ચીજવસ્તુન ઉપયોગ સાથે સુરક્ષિત સેકસનું ધ્યાન રાખવું જરૂરી છે. નજીકના સંપર્કો જેટલા ઓછા હશે એટલું જોખમ ઓછું રહેશે. તેમણે એ વાત પર પણ ભાર મુકયો હતો કે આવા મહામારીના સમયમાં સોલો સેકસ સૌથી સુરક્ષિત ગણાશે.

## કલાસીફાઈડ / Classified

**Live-in Caregiver-Nanny-Aya Needed**
Take care of 96 year old man and a 68 year old man. Duties include taking care of personal hygiene, feeding, guiding them to a bathroom etc. Expected to travel at 4 locations: Mississauga, Waterloo and Fenelon Falls (Ontario).
Call Pravin Patel @ 705-465-1337
Email at feneloninn@yahoo.com

અનુસંધાન પાના ૪નું ચાલુ

### ભારતમાં અભૂતપૂર્વ મંદીના સંકેત

અને મનોરંજન જેવા ક્ષેત્રોની હાલત પણ કફોડી છે. લૉકડાઉનના કારણે લાખો લોકોએ રોજગાર ગુમાવ્યો છે અને એની સીધી અસર બજાર પર પડવી નક્કી છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીનો રિપોર્ટ કહે છે કે, લૉકડાઉનના કારણે દેશમાં આશરે ૧.૮૯ કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. લોકોની આવક જ નહીં હોય તો વસ્તુઓ અને સેવાઓની ખરીદીમાં પણ મંદી આવશે. જાણકારોના મતે રિઝર્વ બેંકે હજુ સંપૂર્ણ હકીકત રજૂ નથી કરી તેમ છતાં કોરોનાના કારણે થયેલા નુકસાનની પ્રમાણિક સમીક્ષા કરવાનો પ્રયાસ જરૂર કર્યો છે.

વેચાણમાં ઘટાડાનો સીધો સંબંધ આર્થિક વિકાસ સાથે છે. કારણ કે, ભારતની જીડીપીનો ૬૦ ટકા જેટલો હિસ્સો અહીંયાથી આવે છે. મતલબ સાફ છે કે અર્થવ્યવસ્થાને આ જટિલ દુષ્ચક્રમાંથી બહાર કાઢવા માટે એવા પગલાં લેવા જોઈએ. દરમિયાન સોમવારે આવેલા ચાલુ નાણાકીય વર્ષનાં પહેલા ત્રિમાસિકનાં જીડીપીનાં આંકડાથી જાણવા મળે છે કે એપ્રિલ-જુન ત્રિમાસિકમાં ભારતનો જીડીપી વૃધ્ધી દર ૪૦ વર્ષમાં નેગેટીવ રહ્યો છે, નવા રિપોર્ટસ મુજબ ભારતની જીડીપી - ૨૩.૯ ટકા સુધી ઘટ્યા બાદ હવે આખું વર્ષ તે ૧૦.૯ ટકા સુધી ઘટી શકે છે. આઈએમએફનાં અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથે કહ્યું કે, ચાલું નાણાકીય વર્ષનાં બીજા ત્રિમાસિકમાં ભારતનું અર્થતંત્ર જી-૨૦ દેશોમાં સૌથી ખરાબ રહી શકે છે, બીજા ત્રિમાસિકમાં ભારતનાં અર્થતંત્રનો વિકાસ દરમાં ઐતિહાસિક ઘટાડો જોવા મળી શકે છે. સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ટ્વીટર પર ગીતા ગોપીનાથે ટ્વીટ કરીને જણાવ્યું કે ચાલું નાણાકીય વર્ષનાં બીજા ત્રિમાસિકમાં જી-૨૦ દેશોનાં અર્થતંત્ર પર કોરોનાની અસર જોવા મળી રહી છે, જી-૨૦ દેશોનો વૃધ્ધી દર નેગેટીવ ઝોનમાં રહી શકે છે, આ સમુહમાં ભારતનો જીડીપી ૨૫.૬ ટકા સુધી નેગેટીવ રહેવાનું અનુમાન છે.

# લજ્જાસ્પદ અને શરમજનક કાર્યો (વ્યભિચાર-ઝીના)થી દુર રહેવા માટેના આદેશો



**મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત**

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

ભાગ-૨

કુરાન મજીદમાંના પ્રકરણ ૨૪માં નીચે અપાયેલ ત્રણ બોધવચનોમાં વ્યભિચારી સ્ત્રી અને વ્યભિચારી પુરૂષ માટેની સજાનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવેલ છે :-

‘‘વ્યભિચારી સ્ત્રી અને વ્યભિચારી પુરૂષ, એ બંને માંથી દરેકને એક સો(૧૦૦) કોરડા (ફટકા-ચાબખા) મારો, અને તેમની ઉપર દયા ખાવાની લાગણી અલ્લાહના દીન(સત્ય માર્ગ)ના મામલામાં તમને રોકે નહિ, જો તમે અલ્લાહ અને અંતિમ બદલાના દિવસ (કયામત) પર સંપૂર્ણ શ્રધ્ધા (ઈમાન) ધરાવતા હો. અને તેમને સજા આપતી વખતે શ્રદ્ધાળુઓ (ઈમાનવાળાઓ)નું એક જુથ જરૂર હાજર રહે.’’ (પ્રકરણ ૨૪, શ્લોક ૨)

‘‘વ્યભિચારી પુરૂષ વ્યભિચારી સ્ત્રી અથવા મુશરીક સ્ત્રી (અલ્લાહની સાથે બીજા કોઈને ભાગીદાર કે જોડીદાર માનનાર સ્ત્રી) સિવાય બીજા કોઈની સાથે લગ્ન ન કરે. અને વ્યભિચારી સ્ત્રી વ્યભિચારી પુરૂષ અથવા મુશરીક પુરૂષ (અલ્લાહની સાથે બીજો કોઈને ભાગીદાર કે જોડીદાર માનનાર પુરૂષ) સિવાય બીજા કોઈની સાથે લગ્ન ન કરે. આ કાર્ય શ્રધ્ધાળુઓ (ઈમાનવાળાઓ) માટે હરામ (ગેરકાયદેસર) કરી દેવામાં આવેલ છે.’’ (પ્રકરણ ૨૪, શ્લોક ૩)

‘‘અને જે લોકો ચરિત્ર્યશિલ સ્ત્રીઓ પર આરોપ (તહોમત) મુકે અને પછી ચાર સાક્ષીઓ ન લાવે, તો તેમને એંસી (૮૦) કોરડા (ફટકા-ચાબખા) મારો અને તેમની સાક્ષી ક્યારે પણ માન્ય ન રાખો. અને તેઓ પોતે જ અવજ્ઞાકારી (ફાસીક) છે.’’ (પ્રકરણ ૨૪, શ્લોક ૪)

ઉપરના પહેલા બે બોધવચનો અનુસાર વ્યભિચારી સ્ત્રી અને વ્યભિચારી પુરૂષ માટે જે સજાની જોગવાઈ કરવામાં આવેલ છે તેને જોતા આવી સજાના અમલ થકી સમાજ માંથી આવા ઘૃણાજનક અને અશ્લીલ કુકર્મો અટકાવી શકાય છે. તે ઉપરાંત ત્રીજા બોધવચન (પ્રકરણ ૨૪, શ્લોક ૪) માં કોઈ ચરિત્ર્યશીલ સ્ત્રી પર વ્યભિચારનો ખોટો આરોપ લગાડવા માટે આવા ખોટા આરોપ લગાડનારાઓ માટે પણ સજાની જોગવાઈ વિષે કહેવામાં આવેલ છે.

ઉપર આપેલા સર્વે બોધવચનો અનુસાર વ્યભિચાર (ઝીના)ને એક પાપ (ગુનાહ) સમાન અતિ ઘૃણાજનક કુકર્મ ગણવામાં આવેલ છે. તેમ છતાં વ્યભિચારી સ્ત્રી કે વ્યભિચારી પુરૂષ આ કુકર્મ કર્યા પછી અંતકરણપૂર્વક પ્રાયશ્ચિત (તોબા) કરે, તો તેમના આ પ્રાયશ્ચિત (તોબા) વિષે શી જોગવાઈ છે, તે વિષે પણ કુરાન મજીદમાં બોધવચનો આપવામાં આવેલ છે. નીચે આ વિષેના ચાર બોધવચનો આપવામાં આવે છે:

‘‘અને જે લોકો, જ્યારે કોઈ નિર્લજ્જતા પુર્ણ કૃત્ય (વ્યભિચાર વગેરે) તેમનાથી થઈ જાય છે, અથવા કોઈ પાપ (ગુનાહ)નું નઠારૂ કૃત્ય કરીને તેઓ પોતાના જ ઉપર અત્યાચાર (ઝુલ્મ) કરી બેસે છે, અને પછી તેમને તરત જ અલ્લાહનું સ્મરણ થઈ આવે છે, તો પછી તેઓ અલ્લાહ પાસે પોતાના પાપો (ગુનાહો)ની ક્ષમા યાચે છે. તો અલ્લાહ સિવાય બીજો કોણ છે જે તેમના પાપો (ગુનાહ)ની ક્ષમા કરી શકતો હોય ? અને તેઓ કદાપિ જાણી જોઈને પોતાના પાપ (ગુનાહ) કરવાના આચરણ પર અડી બેસતા નથી.

આવા લોકોનું વળતર તેમના પાલનહાર (રબ)ની પાસે એ છે કે તેમને તેમનો પાલનહાર (રબ) ક્ષમા કરી દેશે, અને તેમને સ્વર્ગ (જન્નત)માં પ્રવેશ આપશે, જેની નીચે નદીઓ વહેતી હશે અને ત્યાં તેઓ હંમેશા રહેશે.’’ (પ્રકરણ ૩, શ્લોક ૧૩૫ અને ૧૩૬)

‘‘પરંતુ (વ્યભિચારી લોકો માંથી) કોઈએ આવા નઠારા કૃત્યો કર્યા પછી પ્રાયશ્ચિત (તોબા) કરી લીધેલ હોય, અને પાછો શ્રધ્ધાળુ (ઈમાનવાળો) બની ગયો હોય, અને સદ્કાર્યો કરવા લાગ્યો હોય, તો આવા લોકોના નઠારા કૃત્યોને અલ્લાહ સદ્કાર્યોમાં બદલી નાખશે. અને ખચિત અલ્લાહ મોટો ક્ષમા આપનાર અને અતિ દયાળુ છે.’’ (પ્રકરણ ૨૫, શ્લોક ૭૦)

‘‘પરંતુ (ચરિત્ર્યશિલ સ્ત્રીઓ પર વ્યભિચારના ખોટા આરોપ મુકનારાઓ માંથી) જેમણે એ પછી પ્રાયશ્ચિત (તોબા) કરી લીધેલ અને પછી સુધરી ગયા, તો ખચિત અલ્લાહ ક્ષમા કરનાર અને અતિ દયાળુ છે.’’ (પ્રકરણ ૨૪, શ્લોક ૫)

ઉપરના ચાર બોધવચનો અનુસાર આ પ્રકારનું ઘૃણાજનક અને અશ્લીલ કુકર્મ એટલે કે વ્યભિચાર કરનારાઓ અને ચરિત્ર્યશિલ સ્ત્રીઓ પર વ્યભિચારનો જુઠો આરોપ મુકનારાઓને આ કૃત્યો કર્યા પછી પોતાના પાપનું પ્રાયશ્ચિત થઈ આવે અને તેઓ અંતકરણપૂર્વક પાલનહાર અલ્લાહની પાસે પોતાના કૃત્યોની ક્ષમા ચાહે, તો પાલનહાર અલ્લાહ તેઓને ક્ષમા કરી શકે છે, કારણ કે તેના સિવાય બીજો કોણ ક્ષમા કરનાર છે ?

આ અશ્લીલ, ઘૃણાજનક અને શરમજનક કૃત્ય વ્યભિચારથી દુર રહેવું એ દરેક મનુષ્ય માટે અવશ્ય છે, કારણ કે આ નઠારૂં કૃત્ય સામાજીક, કાનુની તથા ધાર્મિક દ્રષ્ટિએ મોટું પાપ (ગુનાહે કબીરાહ) સમાન ગણાય છે. સમાપ્ત.

# નર્મદાના પૂરના કારણે ગરૂડેશ્વરમાં તારાજી સમાધિ મંદિર તેમજ સંત કુટીરનું ધોવાણ

વડોદરા- નર્મદા નદીમાં આવેલા પૂરના કારણે કાંઠા વિસ્તારના અનેક યાત્રાધામો તેમજ ધાર્મિક સ્થાનોમા ભારે નુકસાન થઈ રહ્યું છે.

કરનાળી અને ચાંદોદમાં નર્મદાના પૂરના કારણે હોડીઓ ફરતી થયા બાદ ગરૂડેશ્વરમાં પણ ભારે તારાજી સર્જાઇ છે. ગઈકાલે ગરૂડેશ્વરના એક મહાદેવ મંદિર ધરાશાય થવાનો બનાવ બન્યા બાદ આજે પણ ધાર્મિક સ્થાનોનું ધાવણ ચાલુ રહેતા હજારો ભક્તોના જીવ પડીકે બંધાયા છે. પ્રસિધ્ધ યાત્રાધામ ગરૂડેશ્વરમાં સ્વામી પૂજ્ય વાસુદેવાનંદ સરસ્વતી મહારાજની સમાધિ મંદિરની નીચેના ભાગનું ધોવાણ શરૂ થતા ભક્તોએ નર્મદા મૈયાની પ્રાર્થના કરવા માંડી છે. આજ રીતે પરમ પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજની કુટીર પાસેના ભાગનું પણ ધોવાણ શરૂ થયું છે તેમજ સંત કુટીર તૂટી પડી છે. સામે કિનારે પણ ઈન્દ્રવ્રણાનું મંદિર ગમે અત્યારે તૂટી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જ્યારે બીજા પણ અનેક મંદિરો તેમજ આશ્રમોની નીચેના ભાગે ધોવાણ શરૂ થયું છે.

નર્મદા કિનારે આવેલા ધાર્મિક સ્થાનો સાથે જોડાયેલા હજારો ભક્તોએ સોશિયલ મીડિયા પર મંદિરોના ફોટા તેમજ વીડિયો વાયરલ કરી ભક્તોને નર્મદા મૈયાની પ્રાર્થના કરવાની અપીલ કરી છે.

# રાજકોટ મનપાની ચૂંટણી પહેલા BJPના કોર્પોરેટર સહિત ૩૦ કોંગ્રેસમાં જોડાયા

રાજકોટ મનપાની ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો આવી ગયો છે. ભાજપના વોર્ડ-પના કોર્પોરેટર કોંગ્રેસમાં જોડાતા ભાજપમાં ભંગાણ સર્જાયું છે. રાજકોટ વોર્ડ-પના કોર્પોરેટર દક્ષાબેન ભેંસણીયા કોંગ્રેસમાં જોડાયા છે. તેમની સાથે સૌરાષ્ટ્ર APMCના વેપારી મંડળના પ્રમુખ અતુલ કમાણી પણ કોંગ્રેસમાં જોડાયા છે. એટલું જ નહીં ABVPના ૯ હોદ્દેદારો સહિત ૩૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ભાજપના નેતા જીતેન્દ્રભાઈ રૈયાણી પણ કોંગ્રેસમાં જોડાતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે. રાજકોટ મનપાની ચૂંટણી પહેલા ભાજપના ગઢમાં મોટા ગાબડા પડ્યા છે. રાજકોટ મનપાની ચૂંટણી પહેલા ભાજપના વોર્ડ નંબર પના કોર્પોરેટર દક્ષાબેન ભેંસણીયા કોંગ્રેસમાં જોડાયા છે. તેમની સાથે સૌરાષ્ટ્ર APMCના વેપારી મંડળના પ્રમુખ અતુલ કમાણી પણ કોંગ્રેસમાં જોડાયા છે. NOGના ચાંદનીબેન પણ કોંગ્રેસમાં જોડાયા છે. ભાજપના પિયુષ ભાઈ પણ કોંગ્રેસમાં જોડાયા છે. સાથે ભાજપના મોટા નેતાઓમાં સામેલ એવા ધારાસભ્ય અરવિંદ રૈયાણીના પરિવારિક ભાઈ જીતેન્દ્રભાઈ રૈયાણી પણ કોંગ્રેસમાં જોડાયા છે. આજે રાજકોટમાં ABVPના ૯ હોદ્દેદારો સહિત ૩૦ જેટલા કાર્યકરો પણ કોંગ્રેસમાં જોડાયા છે. ત્યારે જોડાયેલા કાર્યકરોનું કહેવું છે કે રાજકોટમાં હજુ પણ ભાજપના ૫ કોર્પોરેટરો કોંગ્રેસમાં જોડાશે. રાજકોટ મહાનગર પાલિકા ચૂંટણી પહેલા સુષ્ત પડેલી રાજનીતિમાં એકાએક રાજકીય ગરમાવો આવ્યો છે.

## જામનગરના પરિવારની પુત્રવધુ ઓસ્ટ્રેલિયામાં બની પ્રથમ ભારતીય સાંસદ

જામનગર : મૂળ જામનગરના અને બે દાયકા પહેલા ઓસ્ટ્રેલિયા ગયેલા મહિલા ઓસ્ટ્રેલિયાની વિક્ટોરિયા પાર્લામેન્ટના સાંસદ તરીકે ચૂંટાઈ આવનાર પ્રથમ ઈન્ડિયન બોર્ન એમ.પી.બન્યા હતા. જામનગરના હાલ નિવૃત્ત એવા સિનિયર એડવોકેટ વિરજીભાઈ વાઘેલાના સૌથી મોટા પુત્રી કૌશલ્યા વાઘેલાના લગ્ન દિનેશભાઈ ચૌહાણ સાથે થયા હતા. લગ્ન બાદ તેઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા. મૂળ સુરેન્દ્રનગર જીલ્લાના પાટડીના દલિત આગેવાન હિરાલાલ ચૌહાણ વર્ષો પહેલા વિરમગામ કોર્ટમાં બેલીમ તરીકે ફરજ બજાવતા હતા. એમના ૩ દિકરાઓમાં સૌથી નાના પુત્ર દિનેશ ચૌહાણના લગ્ન જામનગરની મહિલા કૌશલ્યા વાઘેલા સાથે કોલેજકાળ દરમિયાન થયા હતા.

## સ્ટુડિયોના સંચાલકને ધમકી આપવા મુદ્દે ગાયક હેમંત ચૌહાણની અટકાયત

જામનગરઃ શિવ સ્ટુડિયોના સંચાલકને ધમકી આપવા મુદ્દે આજે ગુજરાતના પ્રખ્યાત લોકગાયક હેમંત ચૌહાણની પોલીસે અટકાયત કરી હતી. જોકે બાદમાં તેમને જામીન પર છોડી દેવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૫ની ઓડિય ક્લીપ મામલે આ કાર્યવાહી કરવામાં આવી હતી. તે સમયે હેમંત ચૌહાણની કથિત ઓડિયો ક્લીપ વાઈરલ થઈ હતી. આ ક્લીપ મામલે રાજકોટના શિવ સ્ટુડિયોના માલિક ભાવિનભાઈ ખખ્ખરે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લોકગાયક હેમંત ચૌહાણ વિરુદ્ધ અરજી કરી હતી. વર્ષ ૨૦૧૫માં હેમંત ચૌહાણ દ્વારા ફરિયાદી શિવ સ્ટુડિયોવાળા ભાવિનભાઈ ખખ્ખરને ફોન પર હાથ-પગ તોડી નાખવાની અને માર મારવાની ધમકી આપી હતી. જે મામલે પોલીસ ફરિયાદ પણ થઈ હતી.

# પ્રેમલગ્ન કરી ૭ મહિના બાદ ઘરે આવનાર બહેનના પતિની હત્યા

રાજકોટઃ રાજકોટનાં માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં આવેલા આ સમગ્ર મામલા પર નજર કરીએ તો, રાજકોટનાં મવડી વિસ્તારમાં આવેલા અમરનગરમાં ગત તારીખ ૨૯ ઓગષ્ટનાં રોજ અંજૂબેન પ્રદિપભાઈ સોલંકીનાં ઘરે આરોપીએ પૂર્વ યોજીત કાવતરૂં રચિને રાહુલ પ્રદિપ સોલંકી પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં રાહુલનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે આરોપીઓ મૃતકની પત્ની તારા ઉર્ફે દિવ્યાનું અપહરણ કરી લઇ ગયા હતા. હત્યાનો બનાવ સામે આવતા મૃતકની માતાની ફરીયાદ નોંધી પોલીસે મૃતકનાં સાળા રવિ બોહકિયા, શુભમ ઉર્ફે શુભાષ બોહકીયા, ઈલા દિનેશ બોહકીયા અને સંધ્યા દિનેશ બોહકીયા સહિત હત્યામાં સામેલ ૧૪ શખ્સોની પોલીસે ધરપકડ કરી જેલનાં સળીયા ગણતા કરી દીધા છે. પોલીસ કમિશનરનાં કહેવા મુજબ, મૃતક રાહુલ સોલંકી સાથે આરોપીઓની બહેન તારા ઉર્ફે દિવ્યાએ સાત મહિના પહેલા પરિવારનાં સભ્યોની ઈચ્છા વિરૂદ્ધ જઈને પ્રેમ લગ્ન કર્યા હતા. આરોપીઓનું કહેવું છે કે, મૃતક રાહુલ કરતા સારા પરિવાર સાથે સગપણ થઈ શકે તેમ હતું પરંતુ તેને પ્રેમ લગ્ન કર્યા હોવાને કારણે સમાજમાં બદનામી થઈ હોવાનું મનમાં લાગી આવતા ખાર રાખીને બનાવને અંજામ આપ્યો હતો. હાલ પોલીસે આરોપીઓને જેલનાં સળીયા ગણતા કરી દીધા છે. પરંતુ હત્યાનાં બનાવમાં મૃતકની પત્ની તારા ગર્ભવતી હોવાનું સામે આવ્યું છે. ત્યારે સાસરીયાઓએ પોતાનું વેર વારવા પાછળ પોતાની જ ગર્ભવતી દિકરીને વિધવા કરી દેતા હવે પસ્તાવાનો પાર રહ્યો નથી.

# વલસાડ નજીક ભૂતસર ગામમાં લૂંટ સાથે મર્ડરની ઘટનાથી પોલીસ તંત્રની દોડધામ

વલસાડઃ વલસાડ નજીક આવેલા ભૂતસર ગામના છેવાડે રહેતા દીપસિંહ ભાઈ સોલંકી અને તેમના પત્ની રમીલાબેન વૃદ્ધાવસ્થામાં એકલવાયું જીવન જીવતા હતા. ત્યારે મોડી રાત્રે ત્રણ જેટલા લૂંટારોએ નિશાન બનાવી ઘરમાં પ્રવેશ કર્યા બાદ આ વૃદ્ધ દંપતીને બંધક બનાવ્યું હતું. જો કે, બંધક બનાવતી વખતે લૂંટારુએ રમીલાબેન નામના મોઢે ડૂચો મારી દીધો હતો અને ત્યારબાદ તેમને પહેરેલા ઘરેણા અને ઘરમાં રહેલા દાગીના અને રોકડ રકમ લઈ લૂંટારું ટોળકી ફરાર થઈ ગઈ હતી.

જો કે, લુંટારૂઓએ વૃદ્ધા ગળામાં ડૂચો મારી દીધો હોવાથી તેમનું મોત થયું હતુ. લુંટારૂઓ ફરાર થઈ ગયા બાદ વૃદ્ધ દિપસીહ ભાઈએ મોડી રાત્રે બૂમાબૂમ કરતાં નજીકના વિસ્તારમાં રહેતા લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં ઘરમાં સુતા પહેલા દંપતી ઘરનો દરવાજો બંધ કરવાનું ભૂલી હતા. દરવાજો ખુલ્લો જ રહી ગયો હોવાથી લૂંટારૂઓ સરળતાથી ઘરમાં પ્રવેશ્યા હતા.

વૃદ્ધ દંપતીને બંધક બનાવ્યું હતું અને મૃતક રમીલા બેનના મોઢામાં ડૂચો દઈ વૃદ્ધાની હત્યા કરી ૧૩ તોલા સોનું અને ૮૫ હજાર રૂપિયા રોકડ રકમની લૂંટ કરી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ વલસાડ જિલ્લાના પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને હત્યા કરી લૂંટ ચલાવી ફરાર થઈ જનારા લૂંટારુ ટોળકીને ઝડપવા માટે વલસાડ રૂરલ પોલીસ વલસાડ જિલ્લા એલસીબી અને એસઓજી પોલીસની ટીમો પણ કામે લાગી છે.

## એકથી બાર અંકોનો જ્યોતિષ ધર્મ, વેદો, ઋષિઓ અષ્ટસિધ્ધિ- નવનીધિ અને ગુપ્ત શક્તિઓના સંબંધની લોકઉપયોગી માહિતી



(૧) મેષ :- બ્રહ્મ "એક છે" પરમતત્વ - વર્ષ એક છે.

(૨) વૃષભ :- અશ્વિની કુમારો "બે" છે, પક્ષ-કૃષ્ણ-શુક્લ બે છે. બે પ્રત્યક્ષ દેવ- સૂર્ય, ચંદ્ર, (જોઈ શકાય છે)

(૩) મિથુન :- "ત્રિગુણ" સાત્વીક, રાજશીક, તામસી. ત્રિદેવ : બ્રાહ્મા, વિષ્ણુ, મહેશ, ચર, રિશ્વર, ટ્રિસરૂભા

(૪) કર્ક :- "ચાર યુગ" સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કલીયુગ. "ચાર વેદ" : ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અર્થવવેદ.

| નામ | કાર્યપ્રકાર | મંત્રસંખ્યા |
|---|---|---|
| ઋગવેદ | જ્ઞાન આપે છે | ૧૦૫૮૯ |
| યર્જુવેદ | કર્મ કાંડ છે | ૧૯૭૫ |
| સામવેદ | ઊપાસના છે | ૧૮૭૫ |
| અથર્વવેદ | વિજ્ઞાન છે | ૫૯૭૦ |

ચાર વેદોની મુખ્ય ઋચા ૨૦૪૦૯ - વેદો આવે ૧૯૬૦૮૫૩૧૨૧ વર્ષ થયા

ધર્મ, અર્થ, કામ, મોક્ષ, આ ચાર ધર્મના મુખ્ય સ્તંભ સમાન છે.

ચાર ઋતુ વસંત, ગ્રીષ્મ, પાનખર-શિયાળો,

(૫) સિંહ :- પંચતત્વ :- પૃથ્વિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ.

પંચપ્રાણ : પ્રાણ, અપાન, વ્યાયાન, ઉદાન, સમાન,

પંચગવ્ય :- ઘી, દુધ, દહીં, ગૌમૂત્ર, ગોબર

પંચાગ :- તિથિ, વાર, નક્ષત્ર, યોગ, કરણ (પાંચ અંગ છે)

(૬) કન્યા :- છ તાત્પર્ય : શિક્ષા (ભણતર) કલ્પ, સુધાર, કરવો, વ્યાકરણ, નિરૂન્ક, (વેદનું અંગ) છંદ, જ્યોતિષ આ છ વેદોના અંગ છે.

- સંકલ્પ સદગુણ મહત્વ ઉદારતા, લક્ષ્ય, વિસ્મૃતિ

(૭) તુલા :- સપ્તઋષિ - મરિચિ, વશિષ્ટ, અંગિરા, અત્રિ, પુલસ્ય, પુલક, કૃતુ

- સાત શરીરમાં આવેલ ચક્રો. મુલાધારચક્ર સ્વાધિ, અઠાન ચક્ર, મણીપુર ચક્ર, અનાહત ચક્ર, વિશુદ્ધ ચક્ર, આજ્ઞાચક્ર (ત્રીજી આંખ) સહસ્ત્રદલ ચક્ર (૧૦૦૦ પાંખડીઓ)

સાત પાતાળ :- અટલા- અટલ, વિતલ, શુતલ, તલાતલ, રસાતલ, મહાતલ, પાતાળ

સાત લોક :- ભુરલોક, ભવલોક, સ્વર્ગલોક, મહા (મહર) લોક, જનલોક, તપોલોક, સત્ય લોક,

સાતવાર :- રવિ, સોમ, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ.

(૮) વૃશ્ચિક :- અષ્ટ સિધ્ધિ : અણીમા (નાનુ) મહીમા (મોટુ) ગરીમા (ભારે) લધીમા (પ્રકાશમાન) પ્રાકમ્ય (પ્રાપ્તિ) પ્રકામ્યા, ઈશિત્વમ્ વશીત્વમ્ આઠયોગ : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર,ક ધારણા, ધ્યાન, સમાધિ

(૯) ધન : નવનિધિ : પદ્મ, હાંડી વિદ્યા, કાંડાવિદ્યા, વાયુ ગમન, મહાલસ, કનકધારા, પ્રાગ્યવિદ્યા શંખનિધિ, સૂર્ય (મુકુન્દનિધિ) નન્દનિધિ, મૃત સંજીવની વિદ્યા (ખર્વનિધિ), મૃત માણસને જીવિત કરવાની વિદ્યા, શિવકૃપાથી શુક્રાચાર્યને પ્રાપ્ત થયેલી. નવદુર્ગા : શૈલપુત્રિ, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કુષ્માન્ડા, સ્કંધમાતા - કાત્યાયની કાલરાત્રિ, મહાગૌરી, સિધ્ધિ દાત્રી

(૧૦) મકર : દશમહા વિદ્યા : કાલી, તારા, ત્રિપુરા સુંદરી, ભુવનેશ્વરી, છિજામસ્તા, ત્રિપુર ભૈરવી, ધૂમાવતી, બગલા મુખી, માતંગી, કમલાદેવી,

દશદિશા : ઊત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-ઈશાન-નૈઋત્ય,વાયવ્ય-અગ્નિ

જમીન (અધો) આકાશ (ઊર્ધ્વ)

(૧૧) કુંભા : અગિયારરૂદ્ર :- રૂદ્ર, કર બહુરૂપ, ત્રયંબક, અપરાજીતા, બુષાકાપિ, શંભુ, કપાદી, રેવાત, મૃગાવ્યાધ, શર્વા, કપાલી.

(૧૨) મિન :-બાર આદિત્ય (સૂર્ય) :- આદિત્ય, ધાતા, મિત, અર્યમા, શકા, વરૂણ, અંશભાગ, વિવસ્વાન, પૂષ, સવિતા, તવસ્થા, વિષ્ણુ,

બારગ્રાહો : સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ, કેતુ, હર્ષલ (યુરેનશ, ઈન્દ્ર પ્રજાપતિ) નેપચ્યુન (વરૂણ, જળદેવતા, શનિપૂત્ર) પ્લોટુ (યમ-કુબેર)

બારમાસ : ચૈત્ર, વૈશાખ, જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો, કારતક, માગશર, પોષ, મહા ફાગળ.

બાર રાશિ, મેષ (અ.લ.ઈ.) વૃષભ (બ.વ.ઉ.) મિથુન (ક.છ.ઘ) કર્ક (ડ.હ.) સિંહ (મ.ટ.) કન્યા (પ.ઠ.ણ) તુલા (ર.ત.) વૃશ્ચિક (ન.ય.) ધન (ભ.ધ.ફ.ઠ) મકર (ખ.જ.) કુંભ (ગ.શ.ષ.સ.) મીન (દ.ચ.ઝ.થ) જેનાથી નામકરણ સંસ્કાર કરવામાં આવે છે. (નામ પાડવુ)

- સંસ્કૃતમાં ૧ થી ૧૨ની ઓળખ

એકમ, દ્વિતીય, તૃતિય, ચતુર્થ, પંચમ, ષષ્ઠમ, સપ્તમ, અષ્ટમ, નવમ્ દશમ્ એકાદશ, દ્વાદશ

- બાર જ્યોતિ લિંગ - સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર, ઓમ કારેશ્વર, કેદાનાથ, ભીમાસંકર, વિશ્વનાથ. ત્રમ્બકેશ્વર, બૈધનાથ, નાગેશ્વર, રામેશ્વર, વિશ્વેશ્વર,

- બાર ગુપ્ત શક્તિઓ :- કીર્તિ, ક્રાંતિ, તૃષ્ટિ, પુષ્ટિ, ઈલા, ઊર્જા, માયા, લક્ષ્મી, વિદ્યા, પ્રીતિ, અવિદ્યા, સરસ્વતી,

આ મુજબ અંકો, રાશિ, ગ્રહો, ધર્મ, વેદો, ઋષિ મુનિયો, અષ્ટ પ્રકાની સિધ્ધિ- નવપ્રકારની નીધિઓ અને ગુપ્ત શક્તિઓની માહિતી લોકોની જાણ અને જ્ઞાન માટે આપેલી છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# મહારાષ્ટ્રમાં એક દિવસમાં કોરોનાના ૧૮,૧૦૫ કેસ, પૂણેમાં સ્થિતિ વણસી

- રાજ્યમાં નવા કેસનો નવો વિક્રમ: મુંબઈમાં કોરોના દર્દી દોઢ લાખને પાર
- મુંબઈમાં ૧,૫૨૬ નવા દર્દી સાથે કોરોનાના દર્દીની સંખ્યા ૧,૫૦,૦૯૫

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગુરુવારે કોરોનાના નવા દર્દીની નોંધણીનો સર્વોચ્ચ આંકડો નોંધાયો હતો અને ૨૪ કલાકમાં ૧૮,૧૦૫ નવા દર્દી સાથે જ કોરોના ગ્રસ્તોની સંખ્યા ૮,૪૩,૮૪૪ પર પહોંચી હતી. રાજ્યમાં સૌથી વધુ કોરોના દર્દી પુણે મનપા વિસ્તારમાં ૧૮૭૩ નોંધાયા હતા જ્યારે મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં ૧,૫૨૬, પુણે ગ્રામીણમાં ૧૦૫૮ પિંપરી-ચિંચવડમાં ૯૭૯ અને નાગપુરમાં ૧૩૪૯ નવા દર્દી નોંધાયા હતા. આ સાથે મુંબઈ સર્કલમાં ૪,૩૩૦ અને પુણે સર્કલમાં ૫,૧૨૧ નવા દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૩,૯૮૮ દર્દી સાજા થઈને ઘરે જતાં ડિસ્ચાર્જ થનારા દર્દીની સંખ્યા ૬,૧૨,૪૮૪ થઈ છે. રાજ્યમાં ૨,૦૫,૪૨૮ એક્ટિવ કેસ છે.

રાજ્યમાં કોરોનાને કારણે ૩૯૧ મોત થયા હતા, જેમાંથી મુંબઈમાં -૩૭, થાણે -૧૬, નવી મુંબઈ -૧૦, કલ્યાણ-ડોંબિવલી -૧, મીરા-ભાઈંદરના -૩, વસઈ-વિરાર -૯ અને રાયગઢના ૪ સહિત મુંબઈ સર્કલના ૮૨, નાશિક સર્કલના ૪૫, પુણે સર્કલના -૧૧૮, કોલ્હાપુર સર્કલના -૫૭, ઔરંગાબાદ સર્કલના -૧૫, લાતુર -૨૬, આકોલા -૧૪, નાગપુર -૩૧ અને અન્ય રાજ્યના ત્રણ કોરોના દર્દીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્યમાં ગુરુવારે મુંબઈ અને આસપાસના શહેરોમાં કોરોનાની સંખ્યા: મુંબઈ -૧,૫૦,૦૯૫ થાણે શહેરમાં -૨૭,૬૨૯, થાણે ગ્રામીણમાં -૨૦,૪૬૩, નવી મુંબઈમાં ૨૯,૮૦૨, કલ્યાણ-ડોંબિવલીમાં ૩૩,૨૮૧, મીરા-ભાઈંદરમાં -૧૩,૪૫૫, વસઈ-વિરારમાં -૧૭,૮૪૪, નાશિકમાં -૨૯,૩૮૯, પુણેમાં ૧,૦૬,૪૨૮ અને પિંપરી-ચિંચવડમાં ૫૦,૭૭૩ કોરોના દર્દી હોવાનું રાજ્યસરકાર દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

## દિલ્હીમાં ઢાબામાં એક સાથે ૬૫ કર્મચારીઓ કોરોના પોઝિટિવ

સોનીપત, હરિયાણા: દેશમાં સતત કોરોના વાયરસના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે દિલ્હીથી નજીક એવા હરિયાણાના સોનીપતમાં આવેલા મુરથલના સુખદેવ ઢાબા પર કાર્યરત ૬૫ કર્મચારીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. કારણકે આ સુખદેવ ઢાબા તે વિસ્તારમાં ખૂબ જ જાણીતો છે અને ખાસ્સો મોટો ઢાબા છે. સાવચેતીના પગલારૂપે આ ઢાબાને બે દિવસ માટે બંધ કરવામાં આવ્યો છે અને તેને સેનેટાઈઝ કરવાની કામગીરી ચાલુ છે. પ્રાપ્ત માહિતી મુજબ આ ઢાબા પર કામ કરતા કર્મચારીઓ અને શ્રમિકોના સેમ્પલ લેવાનું કામ ચાલી રહ્યું હતું. તારીખ ૩૧ ઓગસ્ટના દિવસે આ ઢાબાના સંચાલકે જણાવ્યું હતું કે અહીં બહારથી કેટલાંક કામદારો આવ્યા છે, તેમના પણ સેમ્પલ લઈ લેજો. આ પ્રકારે ઢાબા પરથી આશરે ૩૫૦ સેમ્પલ લેવામાં આવ્યા હતા જેમાંથી ૬૫નો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઢાબાના સંચાલકને આ અંગેની સૂચના આપવામાં આવી છે.

## કોરોના ભારતીયોની મહત્ત્વાકાંક્ષાને અસર કરી શકી નથી : પીએમ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાત્રે યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક એન્ડ પાર્ટનરશિપ ફોરમની ત્રીજી સમિટને કરેલા સંબોધનમાં જણાવ્યું હતું કે, ભારત વિશ્વમાં પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ કોરોનાના કારણે થતા મોતનો સૌથી નીચો દર ધરાવે છે. રિકવરી રેટ સતત વધી રહ્યો છે. હવે આપણે આપણી ક્ષમતાઓ વધારવા, ગરીબોને સુરક્ષિત કરવા અને આપણા નાગરિકોનું ભાવી સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂર છે. સૌથી પહેલા લોકડાઉન લાગુ કરનારા દેશોમાં ભારતનો સમાવેશ થાય છે. ભારતે જ સૌથી પહેલા ફેસ માસ્ક અને કવરિંગ સુનિશ્ચિત કર્યાં હતાં. અત્યારે ભારત વિશ્વનો સૌથી મોટો બીજા ક્રમનો પીપીઇ ઉત્પાદક દેશ છે. અને કોરોનાની મહામારી પણ ૧૩૦ કરોડ દેશવાસીઓની મહત્ત્વકાંક્ષાને અસર કરી શકી નહીં.

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું લાંબી માંદગી બાદ ૮૪ વર્ષની વયે નિધન



- ૨૦ દિવસથી દિલ્હીની હોસ્પિટલમાં હતા, સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર

નવી દિલ્હી : પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીનું લાંબી માંદગી બાદ દિલ્હીની હોસ્પિટલમાં નિધન થયું હતું. ૮૪ વર્ષના પ્રણવદાની ૧૦મી ઓગસ્ટથી સારવાર ચાલતી હતી. તેમની બ્રેઈન સર્જરી થઈ હતી. એ પછી સતત તબિયત નાજુક થતી જતી હતી. તેમનો કોરોના રીપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ૧૦મી ઓગસ્ટથી દિલ્હીની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમની બ્રેઈન સર્જરી થઈ હતી. મગજમાં લોહીના ક્લોટ્સ જામી ગયા હોવાથી તે સર્જરી કરીને દૂર કરાયા હતા. એ દરમિયાન કોરોનાનો રીપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. સર્જરી પછી પણ તેમની સ્થિતિ ખૂબ જ નાજુક હતી. કોરોનાનો રીપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાની જાણકારી ખુદ પ્રણવદાએ જ ટ્વીટ કરીને આપી હતી. કેન્દ્ર સરકારે પૂર્વ રાષ્ટ્રપતિના સમ્માનમાં ૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવ્યો છે.

## સ્વ.મુખરજીના માનમાં બાંગ્લાદેશમાં રાષ્ટ્રીય શોક

બાંગ્લાદેશે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. પ્રણવ મુખરજીના માનમાં એક દિવસનો રાષ્ટ્રીય શોક પાળીને દેશના સાચા મિત્રને શ્રધ્ધાંજલિ પાઠવી છે. બાંગ્લાદેશના ૧૯૭૧ના સ્વાતંર્ત્ય યુધ્ધમાં સ્વ. મુખરજીએ આપેલા અપૂર્વ અને અવિસ્મરણીય યોગદાનને બાંગ્લાદેશે યાદ કર્યું હતુ. બાંગ્લાદેશ- ભારત વચ્ચેના વિપક્ષી સંબંધોને મજબૂત બનાવવા બદલ મુખરજીને યાદ કરનાર બાંગ્લાદેશની તમામ સરકારી, અર્ધ-સરકારી, સ્વાયત્ત અને ખાનગી સંસ્થાઓ ઉપરાંત વિદેશ સ્થિત બાંગ્લાદેશી મિશન ખાતે દેશનો રાષ્ટ્રધ્વજ, મુખરજીના માનમાં અર્ધી કાઠીએ ફરક્યો હતો. પ્રણવમુખરજી (૮૪)નું અનેકવિધ બિમારી સામેના ૨૧ દિવસના જંગ પછી, ૩૧ ઓગસ્ટે નવી દિલ્હીમાં અવસાન થયું હતુ.

# લોનધારકો સામે બે મહિના સુધી પગલાં ન લેવાં જોઈએ : સુપ્રીમ

નવી દિલ્હી : ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા ૩૧મી ઓગસ્ટ સુધી મંજૂર કરાયેલા લોન મોરેટોરિયમમાં વ્યાજ માફીની માગ કરતી સંખ્યાબંધ અરજીઓની સુનાવણી કરતાં ગુરુવારે સુપ્રીમ કોર્ટે લોનધારકોને વચગાળાની રાહત આપી હતી. જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ આર સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ આર શાહની બેન્ચે સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે, બેન્કોએ બે મહિના માટે લોનધારકોના ખાતાઓને એનપીએ જાહેર કરવા જોઈએ નહીં અને બેન્કોએ લોનધારકો સામે દંડાત્મક પગલાં લેવાં નહીં. જોકે બેન્કો દ્વારા કરાયેલી રજૂઆતને રેકોર્ડમાં લેતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, ૩૧મી ઓગસ્ટ સુધી એનપીએ જાહેર નહીં થયેલા લોનના ખાતાઓને બેન્કોએ વધુ આદેશ ન અપાય ત્યાં સુધી એનપીએ જાહેર કરવા નહીં.

સુપ્રીમ કોર્ટે ગુરુવારે વચગાળાનો આદેશ પસાર કરતાં જણાવ્યું હતું કે, ૩૧મી ઓગસ્ટ સુધી એનપીએ જાહેર નથી થયાં તેવા એકાઉન્ટને વધુ નોટિસ ન અપાય ત્યાં સુધી એનપીએ જાહેર કરી શકાશે નહીં. કોરોના મહામારીના સંદર્ભમાં ભારતીય રિઝર્વ બેન્કે જાહેર કરેલા લોન મોરેટોરિયમ પર વ્યાજમાં માફીની માગ કરતી અરજીઓની વધુ સુનાવણી આ વચગાળાના આદેશ સાથે ૧૦મી સપ્ટેમ્બર પર મોકૂફ રખાઈ હતી.

# મધ્યપ્રદેશમાં શિવસેનાના પૂર્વ પ્રદેશ પ્રમુખની ગોળી મારીને હત્યા કરાઈ

- સાહૂની પત્ની અને દીકરીને પણ આરોપીઓએ ઈજા પહોંચાડી લોહીલુહાણ કરી



ભોપાલ : મધ્યપ્રદેશમાં શિવસેનાના પૂર્વ પ્રદેશ પ્રમુખ રમેશ સાહૂની ગોળી મારીને અજાણ્યા શખ્સોએ હત્યા કરી દીધી છે. એટલું જ નહીં પણ રમેશ સાહૂની પત્ની અને દીકરીને પણ આરોપીઓએ ઈજા પહોંચાડી લોહીલુહાણ કરી દીધી હતી. ઘટનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. જે બાદ પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે અભિયાન શરૂ કર્યુ છે.

મધ્યપ્રદેશ શિવસેના પૂર્વ પ્રમુખ રહેલાં રમેશ સાહૂની ઈન્દોરની પાસે ઉમરી ખેડામાં ગોળી મારીને હત્યા કરી દેવામા આવી છે. રમેશ સાહૂ ઉમરી ખેડામાં સાંઈ રામ ઢાબા ચલાવતા હતા. રમેશ સાહૂની અજાણ્યા શખ્સોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ સમયે તેમના બચાવમાં વચ્ચે આવેલાં તેમના પત્ની અને પુત્રીને પણ આરોપીઓએ ઈજા પહોંચાડી હતી.

જો કે, વારદાતની જગ્યાએ કોઈપણ વસ્તુની ચોરી કરવામાં આવી નથી. જેને કારણે આરોપીઓએ અંગત અદાવતમાં શિવસેનાના પૂર્વ પ્રમુખની હત્યા કરી હોવાનું પોલીસ માની રહી છે. રમેશ સાહૂ ઉપર અગાઉ પણ પોલીસ ફરિયાદ નોંધાયેલી છે.

## બિહાર રાજકારણ : અંતે જીતન રામ માંઝી એનડીએમાં જોડાયા, પાસવાન ખફા

પટના : બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને મહાદલિત નેતા જીતન રામ માંઝી વિધિવત એનડીએ મહાગઠબંધમાં જોડાઈ ગયા હતા. આ સાથે જ બિહારમાં દલિત અને મહા દલિતનો જંગ શરૂ થયો હતો. એનડીએના જ એક સાથી રામ વિલાસ પાસવાનને લોકજન શક્તિ પક્ષે આ સામે વાંધો લીધો હતો અને માંઝી સામે પોતાનો ઉમેદવાર ઊભો રાખવા નિર્ણય કર્યો હતો. એલજેપીના અધ્યક્ષ ચિરાગ પાસવાને આ સંદર્ભમાં પોતાના સાથીઓની એક બેઠક આગામી સપ્તાહે બોલાવી છે.માંઝીના એનડીએમાં જોડાવવાની સત્તાવાર જાહેરાત આવતી કાલે કરાશે, એમ હિન્દુસ્તાન અવામી પાર્ટીના એક પ્રવ કતાએ કહ્યું હતું. ઓકટોબર-નવેમ્બરમાં યોજાનારી બિહાર વિધાનાસભાની બેઠકમાં હવે તેમનો પક્ષ એનડીએના એક ઘટક તરીકે ચૂંટણી લડશે, એમ તેમના પ્રવકતા દાનિશ રિઝવાને કહ્યું હતું.

## વિશ્વની ૨૦ મોટી ઈકોનોમીમાં ભારતની હાલત સૌથી ખરાબ : IMFની અર્થશાસ્ત્રી

નવી દિલ્હી : કોરોના સંકટના આ સમયમાં ભારતની અર્થવ્યવસ્થા સાથે જોડાયેલી મુશ્કેલીઓ દુર થવાનું નામ લઈ રહી નથી. રોજ નવા નવા આંકડા અર્થવ્યવસ્થા ખરાબ હોવાની કહાની કહી રહ્યા છે. સોમવારી નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિકમાં દેશનો જીડીપી -૨૩.૯ ટકા ઘટ્યાની ખબર સામે આવ્યા બાદ સમગ્ર નાણાકીય વર્ષમાં જીડીપી ૧૦.૯ ટકા સુધી ઘટવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથે કહ્યું કે, ચાલુ નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકમાં ભારતની અર્થવ્યવસ્થા જી-૨૦ દેશોમાં સૌથી ખરાબ હાલતમાં આવી શકે છે. તેઓએ કહ્યું કે, બીજા ત્રિમાસિકમાં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ દરમાં ઐતિહાસિક ઘટાડો જોવા મળી શકે છે. ગીતા ગોપીનાથે આ અંગે એક ટ્વીટ પણ કર્યુ છે. તેઓએ લખ્યું કે, ચાલુ વિત્ત વર્ષના બીજા ત્રિમાસિકમાં પણ જી-૨૦ દેશોની અર્થવ્યવસ્થા પર કોરોનાની અસર જોવા મળી શકે છે. જી ૨૦ દેશોની ઈકોનોમીનો ગ્રોથ નેગેટિવ ઝોનમાં જ આવી શકે છે. દુનિયાની સૌથી મોટી આ ૨૦ ઈકોનોમીના ગ્રૃપમાં ભારતની જીડીપી ૨૫.૬ ટકા સુધી નેગેટિવ રહેવાની સંભાવના છે. ગીતા ગોપીનાથે કહ્યું કે આ આંકડો ત્રિમાસિક દર ત્રિમાસિક પર આધારનો છે, તેની તુલના કોઈ વર્ષ સાથે કરી શકાતી નથી.

## પીએમ કેર ફંડમાં પાંચ જ દિવસમાં અધધધ ૩૦૭૬ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું

નવી દિલ્હી : પીએમ કેર્સ ફંડના દાન બાબતે વારંવાર સવાલો થતા હતા. વિપક્ષો પીએમ કેર્સ ફંડના ડોનેશન બાબતે પારદર્શકતાની માગણી કરતા હતા. એ દરમિયાન સરકારે ઓડિટ રીપોર્ટ જાહેર કર્યો હતો. રીપોર્ટ પ્રમાણે પીએમ કેર્સ ફંડ શરૂ થયું તેના પાંચ જ દિવસમાં ૩૦૭૬ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું. કેન્દ્ર સરકારે વિગતો જાહેર કરી હતી એ પ્રમાણે ૨૭મી માર્ચે પીએમ કેર્સ ફંડની શરૂઆત થઈ હતી. તેના પાંચ જ દિવસમાં દુનિયાભરમાંથી એમાં ૩૦૭૬ કરોડ રૂપિયાનું ફંડ એકઠું થયું હતું. ૩૧મી માર્ચે પીએમ કેર્સ ફંડના બેંક એકાઉન્ટમાં ૩૦૭૬ કરોડ રૂપિયા એકઠાં થયા હતા. એમાંથી ૩૦૭૫.૮૫ કરોડ રૂપિયા દેશમાંથી મળ્યા હતા, જ્યારે ૩૯.૭૬ લાખ રૂપિયા વિદેશથી દાન પેટે મળ્યા હતા. સ્ટેટમેન્ટમાં કહેવાયું હતુ એ પ્રમાણે ૨.૨૫ લાખ રૂપિયાના ફંડ સાથે પીએમ કેયર્સની શરૂઆત થઈ હતી.

# દેશમાં PUBG સહિત ૧૧૮ ચીની એપ્સ પર પ્રતિબંધ

**દેશની અખંડિતતા, સાર્વભૌમત્વ, આંતરિક સુરક્ષા અને નાગરિકોની પ્રાઈવસીને ધ્યાનમાં રાખીને કાર્યવાહી થઈ : આઈટી મંત્રાલય**

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે ૧૧૮ વિદેશી એપ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. પબજી, વીચેટ, સુપરક્લિન, લુડો, એપ્સલોક, એમપીથ્રી પ્લેયર, લેમૌર, લાઈવયુ જેવી એપ્સ સામે ડેટા ચોરીનો આરોપ લાગતો હતો. કેન્દ્ર સરકારના આઈટી મંત્રાલયે એક નોટિફિકેશન જારી કરીને ૧૧૮ વિદેશી એપ્સ પર કાર્યવાહી થઈ હોવાની જાહેરાત કરી હતી. મોટાભાગની એપ્સનું ચાઈનીઝ કનેક્શન હોવાથી પગલાં ભરાયા છે.

કેન્દ્ર સરકારના આઈટી વિભાગે એક નોટિફિકેશન જારી કરીને ૧૧૮ વિદેશી મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ મૂક્યાનું જાહેર કર્યું હતું. કેન્દ્ર સરકારે કહ્યું હતું : દેશના સાર્વભૌમત્વ, અખંડિતતા, આંતરિક સુરક્ષા અને નાગરિકોની પ્રાઈવસીને ધ્યાનમાં રાખીને શંકાસ્પદ વિદેશી એપ્સ સામે કાર્યવાહી થઈ છે.

મંત્રાલયે કહ્યું હતું કે આ તમામ એપ્સ સામે વારંવાર અલગ અલગ બહાના હેઠળ ડેટા એકઠાં કરાતા હોવાની ફરિયાદ ઉઠતી હતી. ઈન્ડિયન સાઈબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્સર અને ગૃહ મંત્રાલયે પણ આ એપ્સ પર




પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી હતી.

પબજી સહિતની પોપ્યુલર એપ્સ સામે આકરા પગલાં ભરીને તમામ એપ્સને બંધ કરી દેવામાં આવી છે. મોટાભાગની પ્રતિબંધિત એપ્સનું ચીન અને ચીની કંપનીઓ સાથે સીધું કે આડકતરું કનેક્શન હતું. ઘણી એપ્સને ચીનનું ફંડિંગ મળતું હતું. તો ઘણી એપ્સ ચીની કંપનીઓએ જ ડિઝાઈન કરી હતી.

અગાઉ કેન્દ્ર સરકારે ૧૫મી જૂને ૫૯ ચીની એપ્સ સામે કાર્યવાહી કરી હતી, જેમાં ટિકટોક, યુસી બ્રાઉઝર, હેલ્લો વગેરે પોપ્યુલર એપ્સનો સમાવેશ થતો હતો. તે પછી એ જ સિલસિલામાં ૪૭ વિદેશી એપ્સ પરપ્રતિબંધ મૂકાયો હતો. આ ત્રીજી વખત પ્રતિબંધ મૂકાયો છે.

ભારત સરકારે અત્યાર સુધીમાં કુલ ૨૨૪ ચાઈનીઝ એપ્સ સામે પગલાં ભર્યા છે. આ પ્રતિબંધ એવા સમયે મૂકાયો છે કે જ્યારે ફરીથી લદાખ સરહદે બંને દેશો વચ્ચે તંગદિલી વધવાનો સંકેત મળ્યો છે. નોટિફિકેશન પછી તુરંત જ આ બધી જ એપ્સ બ્લોક કરી દેવામાં આવી હતી.

## ભારત ફોરેન્સિક એકાઉન્ટિંગના માપદંડો જાહેર કરનાર વિશ્વનો પ્રથમ દેશ બનશે

- ૨૦૦ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન પર ફોરેન્સિક એકાઉન્ટિંગ ફરજિયાત હોવાનો આરબીઆઈનો નિયમ

નવી દિલ્હી : ભારત નજીકના સમયમાં ફોરેન્સિક એકાઉન્ટિંગ અને ઈન્વેસ્ટિગેશન સ્ટાન્ડર્ડ્સ (એફએઆઈએસ) જાહેર કરશે તેમ દેશમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની સંસ્થા આઈસીએઆઈએ જણાવ્યું હતું. દેશમાં બેન્ક ફ્રોડ, કોર્પોરેટ જોખમો અને નિયમનકારી આવશ્યકતાઓ વધવાને પગલે ફોરેન્સિક એકાઉન્ટિંગની જરૂરિયાત વધી રહી છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની સંસ્થાના પ્રમુખ અતુલ કુમારે જણાવ્યું હતું કે, આઈસીએઆઈ એફએઆઈએસ પર કામ કરવા એક સમિતિની રચના કરી છે.

આ સમિતિ વર્ષના અંત સુધીમાં એક રિપોર્ટ આપે તેવી અપેક્ષા છે. આઈસીએઆઈએ જણાવ્યું હતું કે, એફએઆઈએસનો સૂચિત હેતુ ફોરેન્સિક અને ઈન્વેસ્ટિગેશન્સના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કાર્યપદ્ધતિ અપનાવવાનો, આ પ્રકારના કામ માટે ઉચ્ચ ગુણવત્તાના બેન્ચમાર્ક સૂથાપિત કરવાનો છે. એફએઆઈએસમાં આ વિષય પરના ૩૦ માપદંડોને આવરી લેવાશે.

## ૩ દિવસમાં ૩ વખત ચીની સેનાએ કરી ઘૂષણખોરી, ભારતીય સેનાએ ખદેડી મૂકી

લદાખ બોર્ડર પર ભારત અને ચીન વચ્ચે સતત તણાવની સ્થિતિ બનેલી છે. છેલ્લા ૩ દિવસોમાં ૩ વખત ચીને અલગ-અલગ વિસ્તારોમાં ઘૂષણખોરીની કોશિશ કરી છે. એક તરફ ચીન વાતચીતનો ઢોંગ કરી રહ્યું છે, તો બીજી તરફ ઘૂષણખોરી કરી પોતાનો અસલી ચહેરો દેખાડી રહી છે. પણ ભારતીય સેનાનાં જવાનોએ દરેક વખતે ચીનના નાપાક ઈરાદાઓને નાકામ કરી દીધા છે. થોડા દિવસો પહેલાં ભારત અને ચીન વચ્ચે વિવાદને લઈ બ્રિગેડિયર કમાન્ડર લેવલની વાત થઈ રહી હતી, ત્યારે ચીને ચુમાર વિસ્તારમાં ઘૂષણખોરીની કોશિશ કરી હતી. સુત્રોનું માનીએ તો ચીન તરફથી ૭-૮ વાહનો ભારતીય સીમા તરફ આવવા લાગ્યા હતા, પણ ચેપૂજી કેમ્પની પાસે જ્યાં ભારતીય સેનાના જવાનો પહેલેથી જ હાજર હતા તેઓએ તેમને આગળ વધવા દીધા ન હતા. હવે ભારતીય સેના તરફથી આ વિસ્તારમાં પોતાના જવાનો અને સૈનિકોને તહેનાત કરી દીધા છે. ચીની



સેનાની સતત ઉશ્કેરણીજનક હરકતો બાદ ભારતીય સેના હાલ હાઈ એલર્ટ પર છે. ૨૯-૩૦ ઓગસ્ટની રાત્રે અને પછી ૩૧ ઓગસ્ટની રાત્રે ચીન તરફથી ઘૂષણખોરીની કોશિશને નાકામ કરાઈ હતી. ૩૧ ઓગસ્ટની રાત્રે ચીની જવાન કાલા ટોપની પાસે આવવા માગતા હતા. પણ ચીની જવાન આગળ વધે તે પહેલાં જ ભારતીય જવાનોએ તેમને જોઈ ચેતવણી આપી દીધી હતી.

## આતંકીઓનું વધુ એક ષડયંત્ર નાકામ, બારામુલામાં હથિયારોનો જથ્થો પકડાયો

શ્રીનગર : ભારતીય સેનાએ આતંકીઓના વધુ એક ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. જમ્મુ કાશ્મીરના બારામુલા જિલ્લાના રામપુર સેક્ટરમાંથી મોટા પ્રમાણમાં હથિયારોનો જથ્થો પકડાયો છે. સેનાએ જે હથિયારો જપ્ત કર્યા છે તેમાં પાંચ એકે ૪૭, છ પિસ્તોલ, બે યુબીજીએલ ગ્રેનેડ, ૨૧ હેન્ડ ગ્રેનેડ, પિસ્તોલના છ કારતૂસ, એકે ૪૭ના ૧૨૫૪ કારતૂસ અને એક રેડિયો સેટનો સમાવેશ થાય છે. આ સિવાય પાકિસ્તાની કરંસી પણ મળી છે. સેનાએ તરત જ તે વિસ્તારમાં સર્વિલાંસ ગ્રિડ એક્ટિવ કરી દીધી. સોમવારે સવારે આ વિસ્તારમાં સર્ચ ઓપરેશનમાં રામપુર સેક્ટરમાંથી મોટા જથ્થામાં હથિયાર, વિસ્ફોટકનો જથ્થો મળી આવ્યો છે. જેના કારણે એક મોટા ષડયંત્રનો પર્દાફાશ થયો છે. સેનાના અધિકારીઓએ જણાવ્યું કે ૩૦ ઓગષ્ટના દિવસે એલઓસી નજીક કેટલાક શંકાસ્પદ લોકોનું આવન જાવન જોવા મળ્યું. આ ગતિવિધિ સરહદ નજીક આવેલા ગામની અંદર થઈ હતી. જેમાં દેખાયું કે લોકો સુરંગ બનાવીને ભારતીય સરહદમાં ઘુસી રહ્યા છે. ભારતીય સેનાના ચિનાર કૉપ્સે જણાવ્યું કે જ્યાં આ શંકાસ્પદ ગતિવિધિઓ જ્યાં દેખાઈ હતી, તે જગ્યા પર પથ્થરોની અંદર છુપાવેલા હથિયારો અને વિસ્ફોટકો મળી આવ્યા હતા.

## ભાજપના સભ્યને હેટ સ્પીચ મામલે ફેસબુકે ફારેગ કર્યા

હૈદરાબાદ : હેટ સ્પીચ મામલે વિવાદ વધતાં ફેસબુકે તેલંગાણાના ભાજપના ધારાસભ્ય ટી રાજાસિંહ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ફેસબુકે કહ્યું છે કે, અમારા પ્લેટફર્મ દ્વારા હિંસા અને નફરતને ફેલાવવાની પોલિસી જે નહીં માને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. ફેસબુકે કહ્યું કે, અમારી પોલિસી વિરુદ્ધ જનારા યુઝર્સ સામે મોટા પાયે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેથી જ અમે ધારાસભ્ય સામે પણ કાર્યવાહી કરી છે. ટી રાજા પર ફેસબુકની સાથે સાથે ઈન્સ્ટાગ્રામ ઉપર પણ પ્રતિબંધ લગાવાયો છે. અલ્પસંખ્યકો વિરુદ્ધ કોમેન્ટના મામલે રાજા સામે પગલાં ભરાયાં છે.

## રામ મંદિરના નકશાને મંજૂરી, ટૂંક સમયમાં શરૂ થશે પાયાનું ખોદકામ

લખનઉ : અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટીએ રામ મંદિરના બંને નકશા પાસ કરી દીધા છે.આમ હવે રામ મંદિરનુ કામ બહુ જલદી શરુ થઈ જશે.

તાજેતરમાં જ પીએમ મોદીના હસ્તે રામ મંદિરનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.એ પછી હવે રામ જન્મભૂમિ તિર્થ ક્ષેત્રે મંદિરના બાંધકામ માટે બે નકશા મંજૂર કરવા અયોધ્યા ડેવલપમેન્ટ ઓથોરિટી સમક્ષ મુક્યા હતા.જે બોર્ડ મિટિંગમાં સર્વ સંમતિથી પાસ થઈ ગયા છે.

સત્તાધીશોએ જાણકારી આપતા કહ્યુ હતુ કે, એક નકશાનો લે આઉટ ૨.૪૭ લાખ ચોરસ મીટર હતો અને બીજો નકશો મંદિરના બાંધકામનો હતો.જે ૧૨૭૮૯ સ્કવેર મીટરનો હતો.બોર્ડના ૧૪ સભ્યો નકશા મંજુર કરવા માટેની બેઠકમાં સામેલ થયા હતા.બંને નકશા સામે એક પણ સભ્યે વાંધો ઉઠાવ્યો નહોતો.મંદિરના બાંધકામ પર લાગનારા ટેક્સની ગણતરી કરવામાં આવી રહી છે.આ રકમ જમા થયા બાદ નકશા ટ્રસ્ટને સોંપી દેવામાં આવશે.

બીજી તરફ મંદિર ટ્રસ્ટનુ કહેવુ છે કે, બહુ જલ્દી પાયાનુ ખોદકામ શુ કરાશે. મંદિરની પાંચ એકર જગ્યાને અડીને આવેલા જર્જરિત મંદિરની સાફ સફાઈ ચાલી રહી છે.મશીનો મંદિર પરિસરમાં પહોંચી ચુકી છે.

## કોરોનાની રસી મળશે પણ કોંગ્રેસને પ્રમુખ નહીં મળે : ભાજપે કરેલો ધારદાર કટાક્ષ

ભોપાલ : કોંગ્રેસ પક્ષમાં હાલ ગાંધી પરિવારની બહારના કોઈ પ્રમુખ હોવાના મુદ્દે ચાલી રહેલી ખેંચતાણ વિશે કટાક્ષ કરતાં મધ્ય પ્રદેશ ભાજપે એવી ટ્વીટ કરી હતી કે કોરોનાની દવા મળી જશે પરંતુ કોંગ્રેસને યોગ્ય પ્રમુખ કદી નહીં મળે. આ ટ્વીટમાં લખવામાં આવ્યું હતું કે તમે જો જો. એક દિવસ કેન્સરની દવા મળી જશે, કોરોનાની રસી પણ મળી જશે.

એટલુંજ નહીં પણ મંગળ પર પાણી પણ મળી જશે અને અન્ય ઉપગ્રહના કોઈ રહેવાસીની મુલાકાત પણ થઈ જશે પરંતુ કોંગ્રેસને કદી યોગ્ય પ્રમુખ નહીં મળે. જો કે કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાન અને પક્ષના વરિષ્ઠ નેતા અજય માકન સહિત ઘણાએ રાહુલ ગાંધીને પ્રમુખ બનાવવાની વિનંતી કરી હતી પરંતુ રાહુલે એ જવાબદારી લેવાનો ઈનકાર કર્યો હતો.

## એક જ વર્ષમાં ૪૨,૪૮૦ ખેડૂતોએ આપઘાત કર્યો, સૌથી વધુ બિહારના

- અમુક રાજ્યોમાં એક પણ આપઘાત નથી થયો

નવી દિલ્હી : ભારતમાં ખેડૂતો અને શ્રમિકો દ્વારા કરાતા આપઘાતના ચોંકાવનારા આંકડા પ્રગટ થયા હતા. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો દ્વારા પ્રગટ કરાયેલા આંકડા મુજબ ૨૦૧૯માં ૪૨ હજાર ૪૮૦ ખેડૂતો અને શ્રમિકોએ જીવન ટૂંકાવ્યું હતું. એમાંના ૪૫ ટકા ખેડૂતો-શ્રમિકો એકલા બિહારના હતા એટલે કે આપઘાતના કુલ આંકડાના ૪૫ ટકા આપઘાત એકલા બિહારમાં થયા હતા.

આ રિપોર્ટમાં જણાવાયા મુજબ ૨૦૧૮માં થયેલા આપઘાત કરતાં ૨૦૧૯માં ખેડૂતોના આપઘાત ઘટ્યા હતા પરંતુ શ્રમિકોના આપઘાત પહેલા જેટલાજ હતા. ૨૦૧૮માં ૧૦, ૩૫૭ ખેડૂતોએ જીવનદોરી ટૂંકાવી હતી. એની તુલનાએ ૨૦૧૯માં ૧૦,૨૮૧ ખેડૂતોએ આપઘાત કર્યા હતા. આમ ખેડૂતોના આત્મહત્યાના બનાવો થોડા ઘટ્યા હતા. એથી ઊલટું શ્રમિકોના આપઘાત ૨૦૧૮ની તુલનાએ ૨૦૧૯માં વધ્યા હતા. ૨૦૧૮માં શ્રમિકોના આપઘાતનો આંકડો ૩૦,૧૩૨નો હતો જે વધીને ૨૦૧૯માં ૩૨,૫૫૯નો થયો હતો એટલે કે આગલા વર્ષની તુલનાએ ૨૦૧૯માં વધુ શ્રમિકોએ આપઘાત કર્યા હતા.

## દેશમાં SBI, PNB, BOB, અને કેનેરા બેન્કમાં બીજી બેન્કોને મર્જ કરવામાં આવશે

નવી દિલ્હી : ભારતમાં બેન્કિંગ સેક્ટરમાં ટૂંક સમયમાં મોટી ઉથલપાથલ થઈ શકે છે. નીતિ આયોગે આ માટેની બ્લુ પ્રિન્ટ પણ તૈયાર કરી દીધી છે.આયોગે કેન્દ્ર સરકારને દેશમાં માત્ર ચાર જ સરકારી બેન્ક રાખવા માટે સલાહ આપી છે.આ ચાર બેન્કમાં સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેન્ક, બેન્ક ઓફ બરોડા અને કેનેરા બેન્ક સામેલ છે. આ સિવાય બીજી ત્રણ નાની સરકારી બેન્કો પંજાબ એન્ડ સિંધ બેન્ક, બેંક ઓફ મહારાષ્ટ્ર અને યુકો બેન્કનું ખાનગીકરણ કરવાનું સૂચન કર્યુ છે. અન્ય સરકારી બેન્કો બેન્ક ઓફ ઈન્ડિયા, યુનિયન બેન્ક, ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક, સેન્ટ્રલ બેન્ક અને ઈન્ડિયન બેન્કનું ચાર સરકારી બેન્કોમાં વિલિનીકરણ કરાશે અથવા તો તેમાંથી સરકાર પોતાની ભાગીદારી ઘટાડીને ૨૬ ટકા સુધી જ રાખશે. ખાનગીકરણ માટે કેટલાક સમય પહેલા કેન્દ્ર સરકારે સ્ટ્રેટેજિક અને નોન સ્ટ્રેટેજિક સેક્ટર નક્કી કર્યા હતા.

# ઈન્ડોનેશિયામાં કોરોનાથી ૧૦૦થી વધુ ડોક્ટરોનાં મોત

## સ્કોટલેન્ડ, આયરલેન્ડમાં શાળાઓ શરૂ : અમેરિકામાં ઓઇલ કંપનીઓને બેફામ પર્યાવરણીય છૂટછાટો અપાઇ

જાકર્તા : દુનિયાના સુપરપાવર અમેરિકા અને બ્રાઝિલ કોરોના સામે ઘૂંટણિયે પડી ગયા છે.પરંતુ છેલ્લા ચોવીસ કલાકમાં આ બન્ને દેશોમાં કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં ૩૩,૯૮૧ અને બ્રાઝિલમાં ૧૫,૩૪૬ નવા કેસ નોંધાયા છે. અમેરિકામાં ૫૪ દિવસ અને બ્રાઝિલમાં ૧૧૫ દિવસ બાદ ૪૦૦ કરતા ઓછા મોત થયા છે. સમગ્ર દુનિયાભરમાં કોરોનાના ૨.૫૪ કરોડ કેસ છે, ૧.૭૭ લાખ લોકો સાજા થયા છે તો અત્યાર સુધી ૮.૫૧ લાખ લોકોના મોત થયા છે. હાલમાં ૬૮.૩૮ લાખ લોકો સારવાર હેઠળ છે. ઈન્ડોનેશિયામાં ૧૦૦ કરતા પણ વધારે ડોક્ટરોના મોત થવાની સાથે જ દેશમાં કોરાનાનું સંક્રમણ અત્યંત ઝડપી ગતિએ ફેલાઈ રહ્યું છે.



ઈન્ડોનેશિયામાં કોરોના વાઈરસનું મ્યુટેટેડ વર્ઝન સામે આવ્યું છે. વાઈરસનું આ વર્ઝન વધુ ઘાતક નથી પણ સંક્રમણ ઝડપથી ફેલાવે છે. કેટલાક સેમ્પલમાં કોરોના વાઈરસનું ḍ-૬૧૪ ૨ મ્યુટેશન જોવા મળ્યું હતું. આ ઉપરાંત અન્ય દેશની વાત કરીએ તો જાપાન દ્વારા ભારતને કોરોના સામે લડવા આશરે ૫૦ અબજ યેન એટલે કે રૂ. ૩૪ અબજની લોન અપાઈ છે જેનું વ્યાજ ૦.૦૧ ટકા રહેશે અને લોન ૧૫ વર્ષમાં આપવાની રહેશે. ઈઝરાયેલમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૨૫૭૬ કેસ પ્રકાશમાં આવ્યા છે. જ્યારે ૨૦નાં મોત થયા છે. બ્રાઝિલમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૩ લોકોનાં મોત થયા છે અને કુલ મૃત્યુઆંક વધીને ૧.૨૧ લાખને પાર થયો છે. દેશમાં ૩૯ લાખથી વધુ સંક્રમિતો છે.

## સમગ્ર વિશ્વમાં ૧.૮૨ કરોડથી વધુ લોકો કોરોનામુક્ત થયા

આખા વિશ્વમાં કોરોનાનાં દર્દીઓની સંખ્યા ૨.૬૦ કરોડની નજીક પહોંચી છે. હાલ કોરોનાનાં સંક્રમિતોનો આંકડો ૨,૫૯,૬૫,૮૬૮ થયો છે. કોરોનાએ કુલ ૮,૬૨,૩૩૯નો ભોગ લીધો છે. સારવાર પછી ૧,૮૨,૪૮,૭૩૮ લોકો કોરોનાથી મુક્ત થયા છે. છેલ્લા ૨૪કલાકમાં ૨,૬૦,૦૭૯ નવા કેસ બહાર આવ્યા છે જ્યારે ૫૮૯૩નાં મોત થયા છે. અમેરિકામાં મૃતકોની સંખ્યા ૧,૮૮,૯૬૧ થઈ છે જ્યારે કુલ દર્દીઓનો આંકડો ૬૨.૫૯,૯૯૨ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ત્યાં ૪૧,૯૭૯ નવા કેસ નોંધાયા છે અને ૧૧૬૪નાં મૃત્યુ થયા છે. વધુમાં થાઇલેન્ડમાં તમાકુમાંથી કોરોનાની વેક્સિન બનાવવાનો દાવો કરાયો છે. પ્રોટીન સાથે વાઇરસના ડીએનએ મેચ કરીને વેક્સિન બનાવાઈ છે.

## મલેશિયામાં કોરોનાને રોકવા ભારતીય નાગરિકોની યાત્રા ઉપર પ્રતિબંધ મૂકાયો

નવી દિલ્હી : ભારતમાં કોરોના વાયરસ સંક્રમણનાં કેસ ઝડપથી વધી રહ્યા છે, જેને કારણે ચિંતા વધી છે, આ રોગચાળાનો સામનો કરી રહેલા ભારતીયો માટે હવે મલેશિયાથી ખરાબ સમાચાર આવ્યા છે, અહીંની સરકારે દેશમાં ભારતીયોનાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે, જો કે આ પ્રતિબંધ ઈન્ડોનેશિયા અને ફિલિપાઈન્સનાં નાગરિકો પર પણ લાગુ પડશે. અત્રે ઉલ્લેખનિય છે કે મલેશિયાની સરકારનાં આ નિર્ણયથી સૌથી વધુ પ્રભાવિત લાંબા ગાળાના પાસ ધારકો, વિદ્યાર્થીઓ અને પ્રવાસી નાગરીકો થવાના છે. તે સાથે જ સ્થાનિક નાગરિકો પણ તેનાથી અસર થશે, આ પ્રતિબંધ ક્યાં સુધી લાગુ રહેશે તે અંગે કોઈ માહિતી બહાર આવી નથી, ઉલ્લેખનિય છે કે, માર્ચથી જ મલેશિયામાં તમામ વિદેશી પર્યટકોના પ્રવેશ પર પ્રતિબંધ લગાવેલો છે. મલેશિયાના પ્રધાનમંત્રી મોહિઉદ્દીન યાસીને ગત શુક્રવારે એક ભાષણમાં કહ્યું હતું કે, કોરોના મહામારી સક્રિય રીતથી દુનિયાભરમાં ઝડપથી ફેલાઇ રહી છે. તેના પર અંકુશ લગાવવા માટે કરવામાં આવેલા ઉપાયોને વર્ષના અંત સુધી લાગુ રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૬૯,૯૨૧ નવા કોરોના સંક્રમિત દર્દીઓની પુષ્ટિ થઈ છે, જ્યારે ૮૧૯ લોકોનાં મોત થયા છે.

## બ્રિટન બનશે આશાનું કિરણ, ગણતરીના દિવસમાં લાવશે વેક્સીન

કોરોનાની મહામારીએ આખી દુનિયાને બાનમાં લીધી છે ત્યારે બ્રિટનમાંથી સારા સમાચાર આવી રહ્યા છે. ત્યાંની ઓક્સફર્ડ યુનિર્વિસટી દ્વારા બનાવવામાં આવી રહેલી કોરોના વેક્સિન ટ્રાયલના છેલ્લા તબક્કામાં છે જે ૪૨ દિવસમાં કે ૬ અઠવાડિયામાં તૈયાર થઈ જશે તેવી ધારણા છે. ઓસ્કફર્ડ તેમજ ઈમ્પિરિયલ કોલેજ લંડનના વૈજ્ઞાનિકો વેક્સિન બનાવવાની ખૂબ નજીક પહોંચી ગયા છે. તેમાં સફળતા મળ્યા પછી લાખો ડોઝનું ઉત્પાદન કરવાની પ્રાથમિક તૈયારી સરકાર દ્વારા કરવામાં આવી છે. ક્રિસમસ પહેલાં વેક્સિનની ટ્રાયલનાં પરિણામ આવી જશે તેવી આશા છે તેમ બ્રિટનના વેક્સિન ટાસ્કફોર્સના વડા કેટ બિંઘમે જણાવ્યું હતું.



## યુરોપિયન દેશોમાં સ્કૂલ-કોલેજ શરૂ

બ્રિટનમાં શાળા-કોલેજોના ક્લાસ ભર્યા હતા. ફ્રાન્સ, ઈટાલી, સ્પેન જેવા દેશોના શિક્ષણ વિભાગે શાળા-કોલેજો ખોલવા પર ભાર આપ્યો હતો. યુરોપના અન્ય દેશોમાં પણ સપ્ટેમ્બરની શરૂઆત સાથે જ શાળા-કોલેજા ખૂલી ગઈ હતી. શાળા-કોલેજો ખોલવા મુદ્દે લોકોમાં મતભેદો હતા. કોઈએ શાળા-કોલેજો ખોલવાની તરફેણ કરી હતી.

## હોંગકોંગમાં ૧૦૦ સેન્ટરો શરૂ કરાયા

હોંગકોંગમાં કોરોનાના ભય વચ્ચે ૧૦૦ સેન્ટર શરૂ કરીને માસ ટેસ્ટિંગ હાથ ધરાયું છે. દિવસમાં હજારો લોકોનો રીપોર્ટ કરાયો હતો. જોકે, એ ટેસ્ટિંગને હોંગકોંગના નાગરિકો શંકાની નજરે જોઈ રહ્યા છે. ચીનની સેન્ટ્રલ ગવર્નરમેન્ટના સ્ટાફ દ્વારા ટેસ્ટિંગની સાથે સાથે ડીએનએ સેમ્પલ લેવાઈ રહ્યા હોવાની ચર્ચા પણ હોંગકોંગમાં થઈ હતી.



## ભારતમાં કોરોનાને કારણે દુનિયામાં દર્દીઓ ૧ ટકા વધશે : WHO

ભારતમાં છેલ્લા એક અઠવાડીયામાં અન્ય કોઈ દેશની સરખામણીમાં નવા કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. એક જ અઠવાડીયામાં કોરોનાનાં સંક્રમિતોની સંખ્યામાં ૫ લાખ કરતા વધુનો વધારો થયો છે. આને કારણે દુનિયામાં કોરોનાનાં દર્દીઓની સંખ્યામાં ૧ ટકાનો વધારો થશે તેમ વિશ્વ આરોગ્ય સંસ્થા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉૐ)એ જણાવ્યું હતું. જો કે છેલ્લા સાત દિવસમાં વિશ્વમાં નવા મૃત્યુની સંખ્યામાં અગાઉનાં અઠવાડીયાની સરખામણીમાં ૩ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે વર્લ્ડમાં નવા કેસની સંખ્યા ૧૮ લાખ વધી છે. આખા વિશ્વમાં કોરોનાનાં દર્દીઓની સંખ્યા ૨.૫૭ કરોડને પાર થઈને ૨,૫૭,૧૩,૫૧૧ થઈ છે. અને ૮,૫૬, ૧૬૮ લોકોનો ભોગ લીધો છે.

## અમેરિકામાં ટ્રાયલ માટે વાનરો નહીં મળતાં રસીમાં વિલંબની શક્યતા

કોરોનાની વેક્સિન ઝડપથી બનાવવાનાં કાર્યમાં મચી પડેલા અમેરિકાનાં સંશોધકોને ટ્રાયલ માટે વાનરોની અછત સતાવી રહી છે. આને કારણે વેક્સિનની ટ્રાયલમાં અને બજારમાં તેને આવવામાં વિલંબની સંભાવના છે. વૈજ્ઞાનિકોએ કહ્યું હતું કે સમયસર ટ્રાયલ માટે વાનરો નહીં મળે તો વેક્સિન બનાવવામાં મોડું થશે. તમામ દેશનાં વૈજ્ઞાનિકો હાલ વાનરો પર ટ્રાયલ કરવા માગે છે. આથી વાનરોની માગ વધી છે અને બીજી બાજુ ચીન દ્વારા વાનરોની નિકાસ બંધ કરાઈ છે. તેથી અનેક વેક્સિનનાં પરીક્ષણો અટવાઈ ગયા છે. વાનરોની ઈમ્યુન સિસ્ટમ માણસો જેવી જ હોય છે તેથી તેનાં પર કરવામાં આવેલી ટ્રાયલનાં પરફેક્ટ પરિણામો મળે છે. કોરોના સંક્રમિતોનાં શરીરમાંથી વાઈરસ દૂર કરતા ઓછામાં ઓછો એક મહિનો લાગે છે.

## ઓક્સફર્ડ યુનિવર્સિટીની વેક્સિન ૪૨ દિવસમાં તૈયાર થવાની સંભાવના

લંડન / વોશિંગ્ટન : કોરોનાની મહામારીએ આખી દુનિયાને બાનમાં લીધી છે ત્યારે બ્રિટનમાંથી સારા સમાચાર આવી રહ્યા છે. ત્યાંની ઓક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા બનાવવામાં આવી રહેલી કોરોના વેક્સિન ટ્રાયલના છેલ્લા તબક્કામાં છે જે ૪૨ દિવસમાં કે ૬ અઠવાડિયામાં તૈયાર થઈ જશે તેવી ધારણા છે. ઓસ્કફર્ડ તેમજ ઈમ્પિરિયલ કોલેજ લંડનના વૈજ્ઞાનિકો વેક્સિન બનાવવાની ખૂબ નજીક પહોંચી ગયા છે. તેમાં સફળતા મળ્યા પછી લાખો ડોઝનું ઉત્પાદન કરવાની પ્રાથમિક તૈયારી સરકાર દ્વારા કરવામાં આવી છે. ક્રિસમસ પહેલાં વેક્સિનની ટ્રાયલનાં પરિણામ આવી જશે તેવી આશા છે તેમ બ્રિટનના વેક્સિન ટાસ્કફોર્સના વડા કેટ બિંઘમે જણાવ્યું હતું. ભારતમાં અત્યારે ઓક્સફર્ડની રસીનું ત્રીજા તબક્કાનુ પરિક્ષણ ચાલી રહ્યું છે.

# કોરોના પોઝિટીવ લોકો જ આ આઈલેન્ડ પર આવી શકે છે ફરવા

બ્રાઝિલિયા : કોરોના મહામારી વચ્ચે એક આઈલેન્ડે પોતાના ત્યાં આવનારા પ્રવાસીઓ માટે શરત રાખી છે કે મુલાકાતીઓ કોરોનાથી રિકવર થયેલા હોવા જોઈએ. એટલે માત્ર તે ટૂરિસ્ટ જ આ આઈલેન્ડ પર આવી શકે છે જેમને પહેલા કોરોના થયો હોય અને પછી તે સાજા થઈ ગયા હોય. બ્રાઝિલના ફર્નાન્ડો ડી નોરોન્હા નામનુ આઈલેન્ડ ટુરિસ્ટ માટે છેલ્લા ૫ મહિનાથી બંધ હતુ પરંતુ હવે નવી શરત સાથે ખોલવામાં આવ્યુ છે. આ આઈલેન્ડ પર દરરોજ સીમિત સંખ્યામાં જ લોકોને એન્ટ્રીની પરવાનગી આપવામાં આવે છે. સ્થાનિક અધિકારીઓએ કહ્યુ છે કે શરત પૂરી કરનારા ટુરિસ્ટ એક સપ્ટેમ્બરથી અહીં આવી



શકે છે. અધિકારીઓએ જણાવ્યુ કે નવી શરત એટલા માટે લગાવાવમાં આવી છે જેથી આઈલેન્ડ પર રહેનાર તમામ લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે. વિઝિટર્સને કોરોના વાઈરસ પોઝિટીવ આવ્યાનો રિપોર્ટ સાથે લઈને આવવો પડશે. રિપોર્ટ ઓછામાં ઓછો ૨૦ દિવસ જૂનો હોવો જોઈએ. સાથે જ આઈલેન્ડ પર આવવા માટે પર્યાવણ સંબંધી ટેક્સ પણ ચૂકવવો પડશે. પ્રાકૃતિક બીચ, ખૂબસુરત હરિયાણી અને નેશનલ મરીન રિઝર્વ માટે આ આઈલેન્ડને ઓળખવામા આવે છે. દુનિયાભરમાંથી પ્રવાસીઓ અહીં આવે છે. આ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં પણ સામેલ છે.

# ૪ ભારતીયો વિરૂદ્ધ સંયુકત રાષ્ટ્રમાં ચીન, પાક.નું ષડયંત્ર નિષ્ફળ, દુનિયામાં ફજેતી

વોશિંગ્ટન : ચીનની મદદથી સુરક્ષા પરિષદમાં ભારતીય નાગરિકોને આતંકવાદી જાહેર કરવાના પાકિસ્તાનના પ્રયાસોને મોટો ઝટકો લાગ્યો છે. પાકિસ્તાન અને ચીનની આ નાપાક ચાલને અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની અને બેલ્જિયમે પૂરતા પુરાવાના અભાવમાં સુરક્ષા પરિષદમાં નિષ્ફળ કરી દીધી હતી. આ પહેલીવાર નથી જ્યારે પાકિસ્તાને ચીનની મદદથી ભારતીય નાગરિકોને આતંકવાદી જાહેર કરવાની કોશિશ કરી છે.



સુરક્ષા પરિષદના ત્રણ કાયમી અને બે બિન-કાયમી સભ્યોએ યુએનએસસી ૧૨૬૭ અલ કાયદા પ્રતિબંધ કમિટી સચિવાલયને અનુરોધ કર્યો કે તેઓ પાકિસ્તાનના ભારતીય નાગરિકો અંગરા અપ્પાજી અને ગોવિંદા પટનાયકને આતંકવાદી જાહેર કરવાના પાકિસ્તાનના પ્રયાસને નિષ્ફળ કરી દે. આની પહેલાં પાકિસ્તાને બે અન્ય ભારતીયો વેણુમાધવ ડોંગરા અને અજય મિસ્ત્રીને આતંકવાદી જાહેર કરવાની કોશિશ કરી હતી જેને અમેરિકા દ્વારા બ્લોક કરી દીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાને કુલ ૪ ભારતીય નાગરિકોને આતંકવાદી જાહેર કરવાની કોશિશ કરી હતી. ખરેખર, પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં વિકાસના કાર્યોમાં સામેલ ભારતીય નાગરિકો પર નજર રાખી રહ્યું છે.

# ભારતમાં એકે-૪૭ ૨૦૩ બનાવવા માટે રશિયા સાથે સમજૂતી કરાઈ

મોસ્કો : ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહ રશિયાના ત્રણ દિવસના પ્રવાસે છે. તે દરમિયાન ભારત અને રશિયાએ એકે-૪૭ ૨૦૩ રાયફલ્સનું ભારતમાં ઉત્પાદન કરવા અંગેની સમજૂતીને મંજૂરી આપી દીધી છે.એકે-૪૭ ૨૦૩ તે એકે-૪૭ રાયફલનું અતિ આધુનિક રૂપ છે. તે રાયફલ ભારતની ૫.૫૬૮ ૪૫ એમએમ એસોલ્ટ રાયફલનું સ્થાન લેશે.ભારતીય સૈન્યને ૭,૭૦,૦૦૦ એકે-૪૭ ૨૦૩ રાયફલની આવશ્યકતા છે. આ પૈકી એક લાખ એકે-૪૭ ૨૦૩ રાયફલ આયાત થશે અને બાકીની રાયફલનું ભારતમાં ઉત્પાદન થશે. રશિયન સમાચાર સંસ્થાએ આ સમાચાર આપ્યા હતા. રશિયન સમાચાર સંસ્થાએ આપેલા અહેવાલ મુજબ આ રાયફલનું ઉત્પાદન ભારત-રશિયા રાયફલ પ્રાઈવેટ લિમિટેડ જેવા સંયુક્ત સાહસ હેઠળ ભારતમાં ઉત્પાદન થશે. ભારતના આયુધ નિર્માણ બોર્ડ (ઓએફબી) અને ક્લાશનીકોવ કંસર્ન તેમ જ રોસોબોરેનેક્સપોર્ટ વચ્ચે આ સંયુક્ત સાહસની સ્થાપના થઈ છે. સંયુક્ત સાહસમાં ઓએફબીની ૫૦.૫ ટકા, ક્લાશનીકોવની ૪૨ ટકા તો બાકીની ૭.૫ ભાગીદારી રશિયન સરકારની નિકાસ એજન્સી રોસોબોરેનેક્સપોર્ટની રહેશે. ઉત્તર પ્રદેશમાં કોરવા આયુધ ફેક્ટરી ખાતે આ રશિયન શસ્ત્રનું ઉત્પાદન થશે.

# ટ્રમ્પ સાથે કામ કરવું જીવનની સૌથી મોટી ભૂલ: મેલાનિયાના પૂર્વ સલાહકાર

વોશિંગ્ટન : મેલાનિયા ટ્રમ્પના મિત્ર અને પૂર્વ સલાહકાર સ્ટેફની વિંસ્ટન વૉલ્કૉફે ટ્રમ્પ સાથે કામ કરવાને પોતાના જીવનની સૌથી મોટી ભૂલ ગણાવી. સ્ટેફનીએ મંગળવારે પ્રકાશિત પોતાના પુસ્તક મેલાનિયા એન્ડ મીઃ ધ રાઈઝ એન્ડ ફૉલ ઑફ માઈ ફ્રેન્ડશિપ વિધ ધ ફર્સ્ટ લેડી માં ઘણા વિષયો પર લખ્યુ છે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પરિવાર માટે કામ કરવુ મારા જીવનની સૌથી મોટી ભૂલ હતી. સ્ટેફનીએ ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી વ્હાઈટ હાઉસમાં મેલાનિયાના સલાહકાર તરીકે કામ કર્યુ હતુ. તેઓ અવેતન વ્હાઈટ હાઉસના સલાહકાર હતા પરંતુ તે દરમિયાન તેમને નાણાંકીય ભૂલ માટે દોષી ઠેરવાયા હતા.



સ્ટેફનીએ પોતાના પુસ્તકમાં મેલાનિયા વિશે કહ્યુ, તેઓ વાસ્તવમાં મારા મિત્ર નહોતા. કાશ હુ તેમને ક્યારેય મળી જ ના હોત. તેમણે કહ્યુ કે તેઓ ન્યુયોર્ક સ્થિત એક ઈવેન્ટ પ્લાનરમાં મેલાનિયાને મળ્યા હતા.

સ્ટેફનીએ પોતાના પુસ્તક મેલાનિયા અને હુઃ પ્રથમ મહિલા સાથે મારી મિત્રતાના ઉતાર ચઢાવ માં તેમના વિશે કેટલાક ખુલાસા કર્યા છે.

# ઝકરબર્ગને પાછળ રાખીને ઈલોન મસ્ક બન્યા ત્રીજા નંબરના ધનવાન ઉદ્યોગપતિ

**• શેરમાર્કેટમાં ઉથલપાથલ થતાં કલાકોમાં જ ઝૂમના સીઈઓની આવકમાં ચાર અબજ ડોલરનો વધારો થયો**

ન્યૂયોર્ક : શેરમાર્કેટમાં ઉથલપાથલ થતાં કેટલાય ઉદ્યોગપતિઓની સંપત્તિમાં વધઘટ થઈ હતી. ઝૂમના સીઈઓની આવકમાં કલાકોમાં ૪.૨ અબજ ડોલરનો માતબર વધારો થયો હતો. કંપનીએ અહેવાલ રજૂ કરીને કહ્યું હતું એ પ્રમાણે કલાકોમાં જ ઝૂમના સીઈઓની આવક વધી હતી. વીડિયો કોલિંગ એપ ઝૂમની



લોકપ્રિયતા કોરોનાકાળ દરમિયાન ખૂબ વધી ગઈ હતી. તેનો ફાયદો કંપનીને થયો છે. શેરમાર્કેટમાં કંપનીના શેરમાં વધારો થયો હતો. કલાકોમાં જે ઉથલપાથલ થઈ તેના કારણે ઝૂમના સીઈઓ એરિક યુઆનની આવકમાં ૪.૨ અબજ ડોલરનો વધારો થયો હતો. એક જ દિવસમાં સંપત્તિમાં સૌથી વધુ વધારો થવાનો રેકોર્ડ જેફ બેઝોસના નામે બોલે છે. જુલાઈ માસમાં જેફ બેઝોસની સંપત્તિમાં એક જ દિવસમાં ૧૩ અબજ ડોલરનો વધારો થયો હતો. ઈલોન મસ્કની સંપત્તિમાં પણ જુલાઈમાં માત્ર ૨૪ કલાકમાં આઠ અબજ ડોલર વધ્યા હતા. શેરમાર્કેટની ઉથલપાછલમાં ઈલોન મસ્કની આવકમાં પણ માતબર વધારો થયો હતો. ઈલોન મસ્કની સંપત્તિ વધીને ૧૧૫ અબજ ડોલર થઈ જતાં મસ્ક દુનિયાના ત્રીજા નંબરના સૌથી ધનવાન ઉદ્યોગપતિ બની ગયા હતા.

# અમેરિકાના કેનોશામાં હિંસાની હુતાશનીમાં ૩૦ મિલિયન ડોલરથી વધુનું નુકસાન થયું

કેનોશા : અમેરિકાના કેનોશા શહેરમાં જેકોબ બ્લેક પર પોલીસના ગોળીબાર બાદ ફાટી નીકળેલા હિંસક તોફાનોમાં શહેરની સંપત્તિને ૩૦ મિલિયન ડોલર કરતાં વધુનું નુકસાન થયું છે. સતત ૩ દિવસ ચાલેલા હિંસાના હૂતાશનમાં અસંખ્ય ઈમારતો અને મોટરકાર નષ્ટ થઈ હતી. ૨૫મી ઓગસ્ટે પોલીસે કરેલા ગોળીબારમાં બે તોફાની માર્યા ગયા હતા. ડેમોક્રેટ ગવર્નર ટોની એવર્સે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને કેનોશાની ૧ સપ્ટેમ્બરની પ્રસ્તાવિક મુલાકાત રદ કરવાની અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ટ્રમ્પની મુલાકાતથી સ્થિતિ વધુ વણસશે. અમેરિકાનાં પોર્ટલેન્ડમાં શનિવારે ટ્રમ્પના ટેકેદારો અને વિરોધીઓ વચ્ચેની હિંસામાં ટ્રમ્પના ટેકેદારનું મોત થયા પછી તંગદિલી વધી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા સત્તાવાળાઓએ પડોશના વિસ્તારોમાંથી વધુ પોલીસ




કુમક મગાવવી પડી હતી. પડોશના વિસ્તારોમાંથી વધુ પોલીસને તહેનાત કરવામાં આવ્યા ઉપરાંત એફબીઆઈ તેમજ ફેડરલ પ્રોસિક્યુશન દ્વારા ગુનેગારો સામે પગલાં લેવા અલાયદી વ્યવસ્થા કરાઈ હતી. પોર્ટલેન્ડના દેખાવકારો પોલીસ સિસ્ટમમાં ધરમૂળથી ફેરફારો કરવાની માગણી કરી રહ્યા છે.

# ચીનમાં બે માળની રેસ્ટોરન્ટની ઈમારત ધરાશાયી, ૨૯નાં મોત

**• જ્યારે અન્ય ૨૯ લોકોને ઈજા પહોંચી હતી**

નવી દિલ્હી : ઉત્તર ચીનના એક ગામમાં ૮૦ વર્ષના વૃદ્ધની જન્મદિવસ પાર્ટી ચાલી રહી હતી ત્યારે અચાનક બે માળની રેસ્ટોરન્ટની ઈમારત ધરાશાયી થતાં દુર્ઘટનામાં ૨૯ લોકોનાં મૃત્યુ થયા હતા. બચાવ કામગીરી પૂરી થઈ હોવાને અંતે સત્તાવાળાએ જણાવ્યું હતું કે, દુર્ઘટનામાં અન્ય ૨૯ લોકોને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તો પૈકી સાતની સ્થિતિ ગંભીર છે. કાટમાળ નીચેથી કુલ ૫૭ લોકોને જીવતા બચાવી લેવામાં આવ્યા હતા. દુર્ઘટના સર્જાતાં જ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્નિફર ડોગનો ઉપગોય કરી બચાવ કામદારો કામે લાગ્યા હતા. ક્રેન અને હાઈ ટેક સેન્સરથી કાટમાળમાં શોધખોળ કરીને કોંક્રિટ સ્લેબને હટાવીને ફસાયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. શનિવારે સવારે ૯.૪૦ના સુમારે ઈમારત તૂટી પડી હતી. ચીની અખબારે જણાવ્યું હતું કે કેબિનેટનું વર્ક સેફ્ટી પંચ દુર્ઘટનાના કારણની તપાસ કરશે. ઘોગિક સુરક્ષા મોરચે ચીનમાં મોટાપાયે સુધારો છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં ઈમારત નિર્માણના માપદંડો હજી બોદા છે.

# સિંગાપોરની સંસદમાં મૂળ ભારતીય પ્રિતમ સિંહ બન્યા વિપક્ષના નેતા

સિંગાપોર : સિંગાપોરના ભારતીય મૂળના નેતાએ સિંગાપોરના વિપક્ષના નેતા બનીને ઈતિહાસ રચી દીધો છે. ભારતીય મૂળનો નેતા સિંગાપોરમાં વિપક્ષના નેતા બન્યા હોય તેવી આ પ્રથમ ઘટના છે. સિંગાપોરમાં ૧૦ જુલાઈએ યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં સિંહની વર્ક્સ પાર્ટીએ ૯૩માંથી ૧૦ સંસદીય બેઠકો જીતી લીધી હતી. જેના કારણે તેમનો પક્ષ સૌથી મોટો વિપક્ષ બની ગયો છે. સામાન્ય ચૂંટણી પછી આજે પ્રથમ વખત સંસદની કાર્યવાહી શરૂ થઈ ત્યારે સંસદના નેતા ઈન્દ્રાણી રાજાએ વિપક્ષના નેતા તરીકે ૪૩ વર્ષીય પ્રિતમ સિંહની જાહેરાત કરી હતી. સંસદને સંબોધતા પ્રિતમ સિંહે જણાવ્યું હતું કે વિદેશીઓ અને તેમની સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. સિંગાપોરના અર્થતંત્રમાં વિદેશીઓનો મહત્ત્વપૂર્ણ ફાળો છે.

# રશિયામાં ડોક્ટરોએ એક મહિલાના મોઢામાંથી ૧ મીટરનો સાપ કાઢ્યો

મોસ્કો : વાઢકાપ કરતા સર્જ્યનો સમક્ષ જાતજાતના કેસ આવતાં હોય છે. ડૉક્ટરોને એની નવાઈ પણ હોતી નથી પરંતુ મોસ્કોના ડૉક્ટરો સમક્ષ તાજેતરમાં એવો એક કેસ આવ્યો જે જોઈને ડૉક્ટરોને પણ અચંબો થયો. રશિયાના દાગિસ્તાન વિસ્તારમાં વસતી એક મહિલાના મુખમાંથી એક મીટર લાંબો સાપ નીકળતાં ડૉક્ટરો પણ હેરાન થઈ ગયા હતા. મિડિયા રિપોર્ટ મુજબ આ મહિલા પોતાના ઘરના આંગણામાં સુતી હતી. ઊંઘમાં એનું મોં ખુલ્લું રહી ગયું હોવું જોઈએ. એના ખુલ્લા મોંમાં એક મીટર લાંબો સાપ ઘુસી ગયો હતો. એ મહિલાને આ વાતની જાણ નહોતી. ઊંઘમાંથી જાગ્યા



બાદ એને પીડા થતાં એને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવી પડી. ડૉક્ટરોએ એના શરીરમાં કશુંક હાલતું ચાલતું જોયું. એને બહાર કાઢવા સર્જરી કરવામાં આવી ત્યારે જોયું તો એક મીટર લાંબો જીવતો સાપ હતો. એ જોઈને ડૉક્ટરો પણ અવાક થઈ ગયા હતા.

# ભ્રષ્ટાચાર કેસ : દોષી નવાઝ શરીફને ૧૦ સપ્ટેમ્બર સુધી સરેન્ડર કરવા કોર્ટનો આદેશ

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને સરેન્ડર માટે અદાલતે છેલ્લી તક આપી છે. નવાઝ શરીફ એક ભ્રષ્ટાચાર કેસમાં દોષી સાબિત થયા છે, પરંતુ ગયા વર્ષે નવેમ્બર મહિનાથી જ તેઓ લંડનમાં છે. આ બધા વચ્ચે પાકિસ્તાનની એક કોર્ટે નવાઝ શરીફને કહ્યું કે તેમની પાસે સરેન્ડર કરવા માટે ૧૦ સપ્ટેમ્બર સુધીનો સમય છે. લાહોર હાઈકોર્ટે નવાઝ શરીફને વિદેશ જવા માટે ચાર મહિનાની પરવાનગી આપી હતી, જેથી તેઓ પોતાની સારવાર કરાવી શકે. તેવામાં નવાઝ શરીફ વિદેશ ગયા બાદ હજુ સુધી પાકિસ્તાન પરત ફર્યા નથી. મંગળવારે ઈસ્લામાદ હાઈકોર્ટની એક બેન્ચે નવાઝ શરીફ, મરયમ શરીફ અને સફદરને આપેલી સજા વિરુદ્ધની અરજી અંગે સુનવણી હાથ ધરી હતી.

# સુરેશ રૈના CSKના વોટ્સએપ ગૃપમાંથી બહાર : પરત ફરવા ધોનીને વાત કરી!



## ટીમ મેનેજમેન્ટ, કોચ અને સીઈઓ સાથે વાપસીને લઈ વાત કરી

નવીદિલ્હીઃ પૂર્વ ભારતીય બોલર સુરેશ રૈના જ્યારે આઈપીએલ શરૂ થાય એ પહેલાં જ ભારત આવી ગયો ત્યારથી આ મુદ્દો એક મોટો વિવાદ બની ગયો છે. ટીમના માલિક એન શ્રીનિવાસનના વિવાદીત નિવેદન પછી બધાને એ ખ્યાલ આવી ગયો કે રૈના અને ટીમ વચ્ચે કંઈક તો મામલો બગડ્યો છે. પરંતુ હવે એક બીજી ખબર આવી રહી છે કે સુરેશ રૈનાને CSKના વોટ્સએપ ગૃપમાંથી પણ કાઢી નાંખ્યો છે. થોડા સમય પહેલા એવા અહેવાલો આવ્યા હતા કે, સીએસકેના બોલર દિપક ચહર અને બેટ્સમેન ઋતુરાજ ગાયકવાડ કોરોના પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. આ પછી રૈના ૩૦ ઓગસ્ટે પર્સનલ કારણો દર્શાવીને આઈપીએલની શરૂઆત પહેલા ભારત પરત ફર્યો હતો. એવા અહેવાલો હતા કે હોટેલમાં રૈનાને જે રૂમ આપવામાં આવ્યો હતો એના કારણ તે ગુસ્સે હતો. મળતી જાણકારી અનુસાર રૈનાએ જ્યારે ફરીથી ભારત ફરવાનો નિર્યણ કર્યો એના આગળના દિવસે જ ટીમના વોટ્સએપ ગૃપમાંથી તેને કાઢી નાખવામાં આવ્યો હતો. સુત્રોએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, જે દિવસે તે પાછો ભારત ગયો તેના આગલા દિવસે તેને સીએસકે ગૃપમાં બહાર કાઢી મૂકવામાં આવ્યો હતો. તે હવે ટીમ મેનેજમેન્ટ, કોચ અને સીઈઓ સાથે વાપસીને લઈ વાત કરી રહ્યો છે.

# ફુટબોલ ખેલાડી નેમાર કોરોના પોઝિટિવ, અન્ય બે સાથી ખેલાડી પણ થયાં સંક્રમિત

નવીદિલ્હીઃ કોરોનાના કારણે સમગ્ર દુનિયામાં ચિંતાનો મહોલ છે. બ્રાઝિલમાં આ મહામારીથી સંક્રમિત લોકોની સંખ્યા ઘણી જ વધારે છે ત્યારે બ્રાઝિલના સ્ટાર ફુટબોલ ખેલાડી કોરોનાની ચપેટમાં આવ્યા છે. દિગ્ગજ ફુટબોલ ખેલાડી અને પેરિસ સેંટ જર્મન(પીએસજી)ના ફોરવર્ડ પ્લેયર નેમાર કોરોના વાઈરસથી સંક્રમિત થયાં છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે નેમાર દુનિયાના સૌથી મોંઘા ફુટબોલ ખેલાડી છે જેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ૨૮ વર્ષિય બ્રાઝિલના ખેલાડી નેમાર સાથે તેમના અર્જેન્ટિનાના સાથી ખેલાડી એંજલ ડી મારિયા અને લિએંદ્રો પણ કોરોના સંક્રમિત થયાં છે.









# Cedarbrae Dental Center




## અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com






# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from $0.89 per square feet only

Ceramic tiles starting from $0.50 per square feet only

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સૅલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com